R.N.I. No. 14593/1957

# પગદંડી

PAGDANDI

તંત્રીઓ : અશ્વિન માલદે ❋ ચંદ્રકાન્ત નંદુ ❋ સંજય છેડા

VOL.65 ISSUE NO. 11 - FEBRUARY 2023 - 60 PAGES - RS. 15/-



AINA MAHAL BHUJ

Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 23714674 / 2377 3032 - E-mail : pagdandi@kvoss.org




WE NAVIGATE
YOUR FINANCIAL ADVENTURE
& ENSURE YOU
A SMOOTH JOURNEY OF LIFE
FROM WHERE YOU ARE
TO WHERE YOU WANT TO BE

## A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- P2P Loans
- Sovereign Gold Bond
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India, HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
PRIVATE LIMITED
With you, For you, Always...

Registered Office:
Gada & Haria Pvt Ltd
(formerly known as Gada & Haria Financial Planners Pvt Ltd)
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141

| CA Dilip Haria | CA, CFP Rajesh Gada | CA Vipul Bheda | Vikas Vira |
|---|---|---|---|
| Village: Bada | Village: Bada | Village: Samaghoga | Village:Nagalpur |
| 98202 96135 | 98676 23250 | 98202 22750 | 98205 20268 |
| dhharia@gmail.com | rajesh@gadaharia.com | vipul@gadaharia.com | vikas@gadaharia.com |

# પગદંડી

ફેબ્રુઆરી ૨૦૨૩

## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં |
|---|---|---|
| તંત્રી સ્થાનેથી | | |
| મૂલ્યાંકન........................................... | ચંદ્રકાન્ત નંદુ ............................ | ૫ |
| પ્રમુખશ્રીની કલમે ........................................ | ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન........... | ૯ |
| પગ મેં ભમરી............................................... ચાલો જોઈએ ધબકતું કચ્છ | લીલાધર માણેક ગડા .................. | ૧૧ |
| મારી પહેલી રેલ યાત્રા................................... | ડૉ. ગિરીશ વીછીવોરા ................. | ૧૬ |
| બેઠી ઠેકાણું કરી........................................... | ડૉ. ગુલાબ દેઢિયા....................... | ૧૯ |
| કચ્છ પત્રકારત્વના આદ્યપુરુષઃ દેવજી ભીમજી ખેતસી | પ્રવીણચંદ્ર શાહ........................... | ૨૨ |
| પ્રાચીન મહાપ્રલયો (એન્સિયન્ટ એપોક્લિપ્સ)...... | દલપતરામ દાણીધારિયા .............. | ૨૯ |
| તું જીત વગરનો થા, ને હાર વગરનો થા - રચનાઃગૌરાંગ ઠાકર | રસાસ્વાદ : સંજય વિસનજી છેડા.... | ૩૬ |
| ભગવાન બુદ્ધ પરિપથ .................................. ભાગઃ૩- ગોરખપુરની ગોદમાં | જ્યોતિ જેવત મોતા..................... | ૩૮ |
| સાહિત્ય અમૃત ............................................ | આલેખન : ચંદ્રકાન્ત નંદુ ............. | ૪૩ |
| આજની શિક્ષણ પદ્ધતિ................................... | શિલ્પા સમીર વોરા...................... | ૪૯ |
| પ્રતિભાવ - પ્રતિસાદ | | |
| ''પ્રતિભાવ-ઓર્ગન ડોનેશન અંગે'' | નરેન્દ્ર રામજી ગાલા................. | ૫૧ |
| ''પગદંડી - ડિસેમ્બર ૨૦૨૨ અંક'' | અમૃતલાલ દામજી નાગડા........... | ૫૧ |
| ઉર્મિલહર.................................................... | સંપાદન : વિશન નાગડા.............. | ૫૨ |
| ''ગાલા સ્પ્રિંગ્સ કપ'' વૉલી બૉલ ટૂર્નામેન્ટ. | ............................................... | ૫૪ |
| સાંત્વન....................................................... | ............................................... | ૫૬ |


**પગદંડી કાર્યાલાય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨**

Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai -400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**

Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

## "આજે લગ્નમાં શું જમવાનું હશે ?"
## એ ઉત્સુકતાનો અંત આવે
## જ્યારે મહેમાન
## ગાલા કેટરર્સ નો ટેગ જોયે
## "જે હશે બધુ ભાવતું જ હશે !"

અમે કાઠીયાવાડી, ગુજરાતી, કચ્છી, પંજાબી, સાઉથ ઈન્ડીયન તેમજ કોન્ટીનેન્ટલમાં થાઈ, મેક્સીકન, ઈટાલીયન અને ચાયનીઝ, પ્યોર વેજેટેરીયન વાનગીઓ પિરસીએ છીએ.



આજકાલનો નવો ટ્રેન્ડ

## ડેસ્ટીનેશન વેડિંગ

આપના પ્રસંગોને બનાવો યાદગાર.

૨૦૦ થી ૨૫૦૦ કેપેસીટીના ભારતનાં કોઈપણ સ્થળે હોટેલ, રિસોર્ટ, તથા ક્લબમાં સંગીત સંધ્યા, મહેંદી રસમ, સમુર્તા, લગ્ન, રીસીપ્શન એરેંજ કરી, વિવિધ વાનગી પિરસી પ્રસંગને યાદગાર બનાવશું

## કાર્પોરેટર સેમીનાર, એકઝીબીશન માટે

૧૦,૦૦૦ થી વધુ મેહમાનોને કેટરીંગ સર્વિસ આપવા સક્ષમ

Some of our Corporate Clients:
RELIANCE INDUSTRIES LTD, PARLE AGRO PVT.LTD
THE PHOENIX MILLS LTD., ACHARYA PRODUCTS
CAMBRIDGE SHIRTS, GODAVARI PAINTS MAYKA GROUP,
JUST IN TIME, GANGAR EYENATION ETC.



color-spec.com

Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

પ્રવીણ ગાલા : 9892183338

૫, નટરાજ બિલ્ડીંગ, લક્ષ્મી નારાયણ લેન, માટુંગા (સે.રેલ્વે), મુંબઈ-૧૯. ફોન: ૨૪૦૨ ૫૩૧૬, ૨૪૦૧ ૩૫૩૭
E: galacaterers@gmail.com, ksevasamaj@gmail.com • W: www.galacaterers.in

Google | Google play

અતુલ ગાલા : 9322221205 • રાજેશ ગાલા : 9820032010 • નિમેશ ગાલા : 9322226085
રોહિત ગાલા : 9820099251 • ચિરાગ ગાલા : 9702029280 • જયમેશ છેડા : 9819818170

# તંત્રીસ્થાનેથી

## મૂલ્યાંકન

મારો મિત્ર મણિયો દેખાયો એટલે મેં એને બોલાવ્યો અને મારી સાથે ઊભેલા મૂલ્યકાર (વૅલ્યૂઅર)ની ઓળખાણ કરાવતાં કહ્યું, આ આપણા મૂલ્યકાર. શહેરથી આવ્યા છે. એટલે મણિયો મોટેથી હસવા માંડ્યો અને હસતાંહસતાં જ મોટેથી બોલ્યો, આ તો અમારા ગામનો મૂળશંકર અને એની નજીક સરકતાં ઉવાચ: અરે ઓ મૂલિયા, ક્યારે આવ્યો ? અને આપણા મૂલ્યકારના ચહેરાની રેખાઓ તંગ થઈ. પગ પછાડતો એ પોબારા ભણી ગયો.

મૂલ્ય એટલે કીમત. કીમતની આંકણી એટલે મૂલ્યાંકન. આજે આપણી વૃત્તિ અને અભિગમ એ પ્રકારે કેળવાતાં જાય છે કે આપણે દરેક વસ્તુનું મૂલ્ય નિર્ધારિત કરી લઈએ છીએ અને એ મૂલ્યને આધારે આપણે એ વ્યક્તિ કે વસ્તુનું સ્થાન, એક સ્તર કે પંગતમાં ગોઠવી લઈએ છીએ.

આ મૂલ્યાંકન કે વૅલ્યૂએશન એટલે શું ? **મૂલ્યાંકન એટલે મૂલ્ય નિર્ધારણ.**

આજે આપણી ભૌતિકતાપ્રધાન જીવનશૈલીની પ્રભાવકતાને કારણે દરેક વસ્તુ કે સ્થિતિનું મૂલ્ય આપણી ભૌતિક મનોદશાને અનુરૂપ મુદ્રાઓના એકમમાં કરતા થઈ ગયા છીએ.

મૂલ્ય કે મૂલ્યાંકન શબ્દ અને એનો અર્થસંદર્ભ અર્થશાસ્ત્ર કે સંપત્તિશાસ્ત્ર સાથે અનુબંધિત થયેલો છે. અર્થશાસ્ત્ર કે સંપત્તિશાસ્ત્ર સંપત્તિની ઉત્પત્તિ અને વહેંચણી અને એ અંગેના નિયમોની વિચારણા કરતું શાસ્ત્ર એવી સંકુલ પરિભાષામાં સીમિત થઈ ગયું છે. પ્રાચીન પુસ્તકોમાં એનો અર્થ વિસ્તીર્ણ હતો જેમાં રાજનીતિશાસ્ત્ર અને નીતિશાસ્ત્રનો પણ સમાવેષ થતો, પરંતુ આપણી ભૌતિકતાવાદી દૃષ્ટિ અને સ્વકેન્દ્રિય વૃત્તિએ એના ભાવ અને અર્થને અત્યંત સંકીર્ણ કરી મૂકેલ છે. કેટલાક અપવાદોને છોડીને મૂલ્યાંકનની પરિસીમાનો વ્યાપ સીમિત થઈ ગયેલ છે. મુદ્રાઓના (કરન્સી-રૂપિયા-ડૉલર) એકમમાં જેને બદ્ધ કરી શકાય - જેને માપી શકાય એનું જ મૂલ્ય આંકી શકાય છે, એ જ મૂલ્યાંકનને પાત્ર રહે છે. આવું મૂલ્યાંકન આપણી અગ્રિમતા અને શ્રેષ્ઠતાનો માપદંડ બની રહે છે. આ તો આપણી સંકુચિત વૈચારિક ક્ષમતાનું પરિણામ છે.

આજે વૈશ્વિક સ્તરથી એક નાનકડા સમાજ પર્યંત દરેક સ્તરે સંપત્તિને શ્રેષ્ઠતા અને અગ્રિમતાના માપદંડથી મૂલ્યાંકિત કરાય છે. વિશ્વનું કોઈ રાષ્ટ્ર, પ્રદેશ, સમાજ, સમૂહ કે વ્યક્તિ દરેકને સંપત્તિના ત્રાજવે તોલીને ક્રમાંકિત કરાય છે. આ સંપત્તિ એટલે જેને મુદ્રાઓના એકમમાં માપી શકાય છે એવી સ્થૂળતા, પણ આપણે એ ભૂલી જઈએ છીએ કે જેને આપણે મુદ્રાઓના માપદંડથી બેસાડી શકીએ છીએ એ તમામ તો બજારુ વસ્તુઓ છે. બજારમાં એની કીમત છે અને એ કીમત ચૂકવીને એને ખરીદી શકાય છે અને વેંચી શકાય છે. અને બજારની આંટીઘૂંટીઓ, દાવપેચો, પ્રપંચો, શઠતા જેવાં અનેક પરિબળો એનું મૂલ્ય નક્કી કરે છે. એના મૂલ્યમાં તો સતત વધઘટ થતી રહે છે. સંપત્તિના કૂવાનો જલસ્તર તો ક્યારેક તળિયે પણ આવી પહોંચે. આ બજારુ વસ્તુઓને શ્રેષ્ઠતાના મુગટથી કેમ આભૂષિત કરી શકાય? અને બજારમાં મૂલ્ય નક્કી કરવામાં તો કેટલાંય નિયમો/શરતો અને અનુમાનોનો આધાર લેવામાં આવે છે જે એક ભ્રામક પરિમાણ ઊભું કરે છે. આવી સંપત્તિનું સર્જન અને મૂલ્ય એક આભાસી ચિત્ર ઉપસાવે છે. આથી જેને આપણે સંપત્તિના સ્વામી ગણી ક્રમાંકિત કરીએ છીએ એ સઘળું આભાસી છે, ભ્રામક છે.

તે છતાં એ પણ સત્ય છે, એક વાસ્તવિકતા છે કે દરેક બજારુ વસ્તુને વેંચી નથી શકાતી. એ દરેક પાસે કંઈક એવું પણ છે જેને મૂલ્યાંકનના વર્તુળમાં બદ્ધ નથી કરી શકાતી. એ અમાપ્ય છે અને તેથી અમૂલ્ય છે. એક રાષ્ટ્ર પાસે એની રાષ્ટ્રભાવના હોય છે જે એના જનમાનસમાં સંચિત છે. આ રાષ્ટ્રભાવના તો અમાપ્ય છે. એનું મૂલ્યાંકન કોણ કરી શકે? એ તો મૂલ્યાતીત છે. આ રાષ્ટ્રભાવનાને મુદ્રાઓના માપદંડે કેમ તોલી શકાય? એક રાષ્ટ્ર માટે જે સત્ય છે એ જ એક પ્રદેશ, એક સમાજ કે એક વ્યક્તિ માટે પણ એટલું જ સત્ય છે. આ દરેક પાસે એવું ઘણું છે જે સંપત્તિમૂલક નથી. એ અમાપ્ય, અમૂલ્ય છે અને એથી જ એ બજારમાં વેચાનાર વસ્તુ નથી. સંપત્તિનો ટૂંકો ગજ લઈ એનું મૂલ્યાંકન કરવાનું ગતકડું કરવું એ કેવળ હાસ્યાસ્પદ છે. મનોરંજનથી વિશેષ એની મહત્તા કેટલી?

વિશ્વના ઈતિહાસનાં પૃષ્ઠો ફેરવતાં દૃષ્ટિફલક પર એક સત્ય અંકિત થઈ જાય છે કે સંપત્તિ અને એ સંપત્તિની નીપજ સત્તા, એ કોઈ રાષ્ટ્રનું મૂલ્યાંકન નથી કરી શકતાં. અભાવોથી લડી રહેલું કોઈ નાનકડું રાષ્ટ્ર પણ એની રાષ્ટ્રભાવના અને ખમીરથી સંપત્તિ અને સત્તાના નાળચામાંથી ભભૂકતી અગનજ્વાળાઓની નિર્માલ્યતાને સિદ્ધ કરે છે. ઈતિહાસનું આ સત્ય દરેક સદીમાં સન્મુખ થતું જ રહે છે.

એક સમાજ કે એક વ્યક્તિ પણ વિશ્વઇતિહાસની એક લઘુ આવૃત્તિ જ પ્રતિબિંબિત કરે છે.

એક વ્યક્તિની સંપત્તિ નહીં, પરંતુ એના માનવીય અભિગમો, સમાજનું ઋણ ફેડવાની ખેવના અને એનું સ્થાન સમાજસ્તંભને આધારે ઊભું છે એવી પ્રતીતિ જ એના મૂલ્યને ઔચિત્યથી પરમાણી શકે. ઈતિહાસનાં પૃષ્ઠો પર એ સત્ય પણ અંકિત થયેલું છે કે સંપત્તિને જીરવવી સહેલ નથી. સંપત્તિ અહમ્ જન્ય છે અને જે એને સહજતાથી જીરવી નથી શકતું એ અહમ્નો ભોગ બને છે અને એની ગર્વિષ્ઠતા જ એને ગબડાવે છે, ઠોકરે ચડાવે છે. એની સંપત્તિનો મૂલ્યાંક એનો હાથ પકડી સહારો થવા નથી આવતો.

એક અન્ય ભયસ્થાન પણ છે. સંપત્તિ અને સત્તાનું મૂલ્યાંકન સ્પર્ધા નોતરે છે. આ સ્પર્ધા, સંઘર્ષ લાવનાર છે અને એમાંથી ઉત્પન્ન થાય છે વૈમનસ્ય. આ વૈમનસ્ય દરેક સંબંધિતોને ખોખરાં કરે છે અને મૂલ્યાંકનમાં પ્રાપ્ત કરેલ ઉચ્ચાંક વ્યક્તિના જીવનમાં ઉદ્ભવતી કડવાશ અને તાણને ઓગાળવા અસમર્થ છે.

મૂલ્યાંકનનું એક અન્ય પાસું પણ છે. એવું પ્રતિપાદિત કરવામાં આવે છે કે મૂલ્યાંકન સ્પર્ધા લાવે છે અને આ સ્પર્ધા વિકાસ લાવનાર છે, પણ એ કેવું મૂલ્યાંકન અને વિકાસ જે જીવનમાં સંતોષ અને આનંદને સ્થાને વૈમનસ્ય, અસંતોષ અને તાણ ઉત્પન્ન કરે ? ઉચ્ચ મૂલ્ય તો વ્યક્તિને વધુ નમ્ર કરનાર હોઈ શકે અને વ્યક્તિને નમ્રતા એની સ્વભાવગત પરિપક્વતા અને યોગ્ય માર્ગદર્શન જ આપી શકે.

આ મૂલ્યાંકનનું શાસ્ત્ર કે શસ્ત્ર તો માનવસર્જિત છે. એની પહોંચ તો મર્યાદિત છે. મૂલ્યાંકનના આ ભૌતિક માપદંડો એનું મૂલ્ય શી રીતે અંકિત કરશે જે અમૂલ્ય છે, અમાપ્ય છે? કુદરતે - નિયતિએ અમૂલ્ય ખજાનો આપ્યો છે. આ પ્રકાશ, તડકો, સમુદ્રની ઊછળતી ઊર્મિઓ, પવન સાથે ગુફતેગુ કરતા પર્ણગુચ્છો, વનમાંથી ચળાઈ આવતી પુષ્પ ફોરમ, કોણ કરશે એનું મૂલ્યાંકન?

એ કંઈક ઉતાવળે જઈ રહ્યો હતો. કશેક જવાની ઉતાવળ હતી. દૃષ્ટિ સમક્ષ લંબાતો માર્ગ હતો. આગળ બે-ચાર મનુષ્ય આકૃત્તિઓ આપસમાં વાતો ચગળતી હતી અને બાજુના વૃક્ષમાંથી ચળાઈને આવતાં સૂર્યકિરણોને ખાળવા ઊંચે જોયું અને એનાં પગલાં થંભી ગયાં, વડનું એ વૃક્ષ છે. એના દરેક પર્ણસંપૂટે લાલ ચટક ટેટા મલકતા હતા. એ થંભી ગયો. કેવું અનુપમ દૃશ્ય, સૌંદર્યમંડિત લીલાં પર્ણોમાં લપાતા, મલકતા લાલ ચટક ટેટાઓ!

એ અનુપમ સૌંદર્યનું મૂલ્યાંકન કોણ કરશે?

**- ચંદ્રકાન્ત નંદુ - બાડા**

મો. : ૯૩૨૩૫૪૧૩૫૧

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,**
**મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

# લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

# પ્રમુખશ્રીની કલમે

**ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન**

## વકતૃત્વ સ્પર્ધા - ૨૦૨૩ બિન્દાસ બોલ

નમસ્કાર,

શ્રી ક.વી.ઓ. સેવા સમાજ આયોજિત માતુશ્રી લક્ષ્મીબેન હરશી નરશી ગાલા (ડુમરા) પ્રાયોજિત વક્તૃત્વ સ્પર્ધા - ૨૦૨૩ રવિવાર, તા. ૨૨.૦૧.૨૦૨૩ ના પૂર્ણ થયેલ.

શ્રી ક.વી.ઓ. સેવા સમાજ છેલ્લાં ૩૪ વર્ષથી આ સ્પર્ધાનું આયોજન કરતું આવેલ છે. આ વખતે સ્પર્ધાના પ્રાથમિક રાઉન્ડમાં ટોટલ ૧૨૯ સ્પર્ધકોએ ઉત્સાહસભેર ભાગ લીધેલ અને પ્રાથમિક રાઉન્ડનું સેવા સમાજ ઉપરાંત ૬ સ્થાનિક (સાંગલી સહિત) સંસ્થાઓ દ્વારા આયોજન કરવામાં આવેલ.

સ્પર્ધાના ફાઈનલ રાઉન્ડમાં ૨૭ સ્પર્ધકોએ વિવિધ ગ્રુપમાં પ્રવેશ મેળવેલ અને સ્પર્ધાનો ફાઈનલ રાઉન્ડ તા. ૨૨.૦૧.૨૦૨૩, રવિવારના સવારે માટુંગા બોર્ડિંગ મધ્યે યોજવામાં આવેલ.

સ્પર્ધાના સમગ્ર આયોજન માટેની ઝીણામાં ઝીણી વિગતોને ધ્યાનમાં રાખનાર વ્યક્તિ વિકાસ સમિતિના કન્વીનર શ્રી પરાગભાઈ અને એમની સમગ્ર ટીમ દ્વારા કરવામાં આવેલ.

ફાઈનલ રાઉન્ડ વખતે સ્પર્ધાનાં પ્રાયોજક માતૃશ્રી લક્ષ્મીબેન હરશી નરશી ગાલા પરિવારના સર્વે સભ્યોની હાજરી ખૂબ જ પ્રોત્સાહજનક અને પ્રેરણારૂપ હતી.

સ્પર્ધકોનો ઉત્સાહ પણ ખૂબ જ સરસ હતો. સમગ્ર સ્પર્ધાના આયોજન માટે સ્થાનિક સંસ્થાઓનો સહકાર ખૂબ જ સરસ રીતે મળ્યો એ બદલ એમનો આભાર અને ખાસ કરીને મુંબઈથી દૂર સાંગલી ખાતે પણ વરસોથી આ સ્પર્ધાનો સ્થાનિકે પ્રાથમિક રાઉન્ડ યોજવામાં આવે છે એ ખૂબ જ નોંધનીય ઘટના છે.

સેવા સમાજને આ સ્પર્ધાના આયોજન માટે માટુંગા બોર્ડિંગના પદાધિકારીઓનો જે અમૂલ્ય સાથ-સહકાર મળ્યો છે, તે ખૂબ જ વખાણવાલાયક છે અને એ બદલ એમનો ખૂબખૂબ આભાર વ્યક્ત કરું છું.

સમગ્ર રીતે આ સ્પર્ધા ખૂબ જ સકારાત્મક નોંધ સાથે પૂરી થયેલ છે. ભાગ લેનાર ટોટલ સ્પર્ધકોની નામાવલી જોઈએ ત્યારે જરાક આંચકો લાગે. ભાગ લેનાર સ્પર્ધકોમાંથી મોટા ભાગની યુવતીઓ હતી. યુવકો ખૂબ જ ઓછા પ્રમાણમાં હતા.

આપણા સમાજમાં આજે ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઊંચું છે. આપણે સૌ વ્યાપારી કોમ તરીકે જાણીતા છીએ. વ્યાપાર કે ઉદ્યોગ-ધંધા સાથેનો આપણો નાતો અતૂટ છે. અને બધામાં માર્કેટિંગ (Marketing) ખૂબ જ મહત્ત્વનું હોય છે અને માર્કેટિંગમાં તમારી Presentation Skill ખૂબ જ અસરકારક હોવી જરૂરી છે. એ માટે આપણા વિચારોને વાણી દ્વારા વ્યક્ત કરવાની કળામાં પારંગત હોવું જરૂરી છે અને આ વિષે વધુ વિચારીએ ત્યારે **બિન્દાસ બોલ** સ્પર્ધા આપણા માટે વરદાન સ્વરૂપની સેવા સમાજની પ્રવૃત્તિ છે અને આનો મહત્ત્વનો લાભ આપણા યુવાનો લે એ ઈચ્છનીય છે. અને હાલના સમયમાં ઉચ્ચ અભ્યાસ કરેલ આપણાં યુવક/યુવતીઓ કોર્પોરેટ જોબમાં જોડાઈ જતાં હોય છે, અને કોર્પોરેટ જોબમાં પણ જ્યારે ગ્રુપ લીડર અથવા ઉચ્ચ મૅનેજમેન્ટના જોબમાં પણ તમારી વાણી ખૂબ અસરકારક હોવી જરૂરી બની જાય છે.

આમ બિન્દાસ બોલની જરૂરિયાત વિષે આપણા યુવાનને જાગૃત કરવાનું અને ભાગ લેતા કરવાનું કામ આપણા સૌનું છે અને એ માટે આપણે સૌએ સાથે મળીને યોગ્ય માધ્યમ દ્વારા આ વિચારને આપણા યુવાનો સુધી પહોંચાડવાનો છે.

સેવા સમાજની વ્યક્તિવિકાસ સમિતિએ તો આપણી સ્થાનિક સંસ્થાઓના સહકારથી પબ્લિક સ્પીકિંગના સેમિનારો યોજવાનું આયોજન પણ શરૂ કરી લીધેલ છે અને આપ સૌના સહકારથી એ વસ્તુમાં આપણને ચોક્કસ સફળતા મળશે એવી આશા.

મો. : ૯૩૨૨૯ ૫૫૮૮૦

# પગ મેં ભ્રમરી

લીલાધર માણેક ગડા-અધા

## ચાલો જોઈએ ધબકતું કચ્છ

છેલ્લા બે દાયકામાં કચ્છ સંપૂર્ણપણે બદલાઈ ગયું છે. ધરતીકંપ વખતે દેશ વિદેશમાંથી ઘણી વ્યક્તિઓ, ઘણી સંસ્થાઓ રાહત અને પુનર્વસનનાં કાર્ય માટે આવી, રોકાઈ અને કોઈ અહીં ઠરીઠામ પણ થઈ. ઔદ્યોગીકરણ અને બંદરગાહનો વિકાસ, આર્થિક સમૃદ્ધિ લઈ આવ્યા, તેની સાથેસાથે જીવન પ્રત્યેની સોચ અને સમજમાં પણ પરિવર્તન આવ્યું. આ પરિવર્તનથી કચ્છે શું મેળવ્યું અને શું ગુમાવ્યું એનાં લેખાંજોખાં કરવા નથી. એક વૈશ્વિક નિયમ છે કે કશું મેળવવા કશું ખોવું પડે છે. કચ્છે ઘણી આધુનિકતા મેળવી છે. કચ્છ હવે વિશ્વના પ્રવાસન ફલક પર ગુંજે છે. ઔદ્યોગિક સેમિનારોની સાથેસાથે ઘણાં રાજકીય સામાજિક અને ધાર્મિક સેમિનારો અને પ્રસંગોની અહીં ઉજવણી પણ થાય છે. નીજી અને સરકારી સ્તરે આવાં કાર્યશાળાઓ (WORKSHOP), સેમિનારો, કૉન્ફરન્સો, મેળાવાઓ માટે ઘણી સુવિધાઓ ઊભી થઈ છે એટલે હવે કચ્છમાં રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય કક્ષાની વ્યવસ્થાઓ, સગવડો ઉપલબ્ધ છે અને એમાં પણ ધોરડો-ટેન્સ સિટી સર્વોત્તમ છે. અલબત્ત, આવી ઉજવણીઓ અથવા સંમેલનો માટે નવેંબરથી માર્ચ પાંચ મહિનાનો સમયગાળો ઉચિત છે. કચ્છના રણોત્સવે પ્રવાસનનાં મુખ્ય દ્વારો ખોલી નાખ્યાં છે. સરકાર હવે જુદાજુદા સાંસ્કૃતિક ધરોહરનાં સ્થળોના વિકાસ માટે ભંડોળ પણ ફાળવે છે. ધોળાવીરા, માતાનો મઢ, કોટેશ્વર જેવાં સ્થળોએ આ કામ શરૂ થઈ ગયા છે. શીખ સમુદાય લખપતમાં ૨૩-૨૪-૨૫ ડિસેંબરે પ્રકાશપર્વ મનાવે છે, જ્યારે વીસેક હજાર લોકો લખપતની મુલાકાતે આવે છે. નારાયણ સરોવર પાસે સિંધી સમુદાય સેંકડો એકરમાં જીયે સિંધની ભાવના સાથે મોટા ધાર્મિક અને સાંસ્કૃતિક કેંદ્રનું નિર્માણ કરે છે અને આંતરરાષ્ટ્રીય સિંધી સમુદાયનું એમાં તમામ પ્રકારે યોગદાન મળવાનું છે. કચ્છની પરંપરાગત હસ્તકળાઓ ખાસ કરીનો ભરતકામ, વણાટકામ, છપાઈકામની તાદૃશ ઝાંખી કરાવતું મ્યુઝિયમ શ્રોફ પરિવારે સ્વખર્ચે ભુજથી બાર કિ.મી. પર ભુજ-ભચાઉ સડક પર નિર્માણ કર્યું છે જેનું નામ આપ્યું છે Leaving & Learning Design Centre (L.L.D.C.) જેને નિહાળવા અડધો દિવસ ઓછો પડે. એની નજીક

**'ખમીર'** (KHAMIR) Kutch Heritage Art Music Information Reaserch Centre સંસ્થા છે. ધરતીકંપ પછી શરૂ થયેલા બદલાવના પ્રવાહમાં કચ્છની પરંપરાગત કળા, સંગીત, વગેરે તણાઈ ન જાય, એમનું ધોવાણ ન થાય એટલા માટે એનું સંરક્ષણ, જાળવણી જરૂરી હતાં. આ ઉમદા કાર્ય કરવાનો વિચાર સારાભાઈ પરિવારનાં કાર્તિકેય સારાભાઈ, સુષ્મા આયંગર અને અન્યોને આવ્યો. નહેરુ સેન્ટર (અમદાવાદ) અને કચ્છ નવનિર્માણ અભિયાન (કચ્છ)ના નેજા હેઠળ **'ખમીર'** સંસ્થાની સ્થાપના થઈ અને આ નિર્માણકાર્ય સાથે એના શરૂઆતનાં વર્ષોમાં જોડાવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. આજે **LLDC, ખમીર**, **સૃજન** જેવી સંસ્થાઓની ખ્યાતિ દેશ-વિદેશમાં ફેલાઈ રહી છે.

સફેદ રણની મુલાકાતે પ્રતિવર્ષ એકાદ લાખ પ્રવાસીઓ આવતા હશે. વૈભવશાળી ટેન્ટ સિટીમાં પ્રતિ પરિવાર પ્રતિ દિન પચીસ થી પચાસ હજાર જેટલી રકમ સહજપણે ખર્ચી નાખતા પ્રવાસીઓ પણ આવે છે. અને એની સાથેસાથે કરકસર કરી ઘરઅતિથિ બની રહેનાર (HOME STAY) સહેલાણીઓ પણ આવે છે. કરોડો રૂપિયાનાં ખર્ચે સફેદ રણના ટેન્ટ સિટીમાં કે સ્ટેચ્યુ ઑફ યુનિટી છે ત્યાં કેવડિયા કૉલોનીમાં ભારતના DIG, આરોગ્ય મંત્રીઓ, વિવિધ મંત્રાલયોના સેમિનારો કે કૉન્ફરન્સો યોજાય છે એની સાથે નાનાં મોટાં સ્વૈચ્છિક ગ્રુપો પણ આસપાસ ધામા નાખી કાર્યશાળાઓ યોજે છે. આની કોઈ મોટી જાહેરાતો કરવામાં નથી આવતી, નથી કોઈ ઉદ્ઘાટન સમારંભો યોજાતા. થોડાક શોખીનો (જેમની વિશેષ વિષયોમાં Hobby હોય છે) ભેગા થાય છે, સર્જનાત્મકતા સાથે વિચારવિમર્શ થાય છે, ચિંતન થાય છે અને એમાંથી જે નીપજે છે એને નાનકડા ગ્રુપ સામે રજૂ કરવામાં આવે છે. ધોરડો હવે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતું સ્થળ બની ગયું છે. આગામી મોટી આંતરરાષ્ટ્રીય EVENT હશે G20નાં દેશોનું સંમેલન અથવા કૉન્ફરન્સ. વીસ દેશોનાં પ્રમુખો અથવા વડા પ્રધાનો આગામી ફેબ્રુઆરી મહિનામાં કચ્છ પધારશે. આજથી ચાળીસ વર્ષ અગાઉ કોઈ સરકારી અધિકારીની બદલી કચ્છ થાય એને શિક્ષારૂપ સમજવામાં આવતું અને પોસ્ટિંગ બન્નીના કોઈ પણ સ્થળે મળે તો એને દેશનિકાલની સજા કહેવાતી. આજે ત્યાં એક-બે દિવસ રહેવા માટે રૂા. દસ હજાર સહજપણે ખર્ચી નાખો છે. આ રણનો આંતરરાષ્ટ્રીય પર્યટનનું સ્થળ બનાવવાનું શ્રેય આપણા દેશના હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને ફાળે જાય છે.

સફેદ રણની કલ્પનાથી દશ વર્ષ અગાઉ ભારતના પર્યટન મંત્રાલયના કોઈક અફસરને ગામડામાં નાનાં પર્યટન કેન્દ્રો ઊભાં કરવાનો વિચાર આવ્યો. આવાં પર્યટન કેંદ્રો સરકાર

હસ્તક રાખવાને બદલે એના સંચાલનની જવાબદારી સ્વૈચ્છિક સંસ્થાઓને આપવાની, સ્વૈચ્છિક સંસ્થા આવાં પર્યટન કેંદ્રો પર જે જે કર્મચારીઓ જોઈએ તેમને આસપાસનાં ગામડાંઓમાંથી પસંદ કરવાના, તેમને કેટરિંગ સર્વિસ, ગાઈડ ઈત્યાદિની તાલીમ આપવાની અને બે-ચાર વર્ષ પછી એમનું સંગઠન બનાવી પર્યટન કેંદ્રની જવાબદારી ગામલોકોને સોંપવાની હતી. આવા પર્યટન કેંદ્રનાં નફાનો અમુક હિસ્સો એ વિસ્તારના વિકાસ માટે વાપરવાનો અને શેષ હિસ્સો કર્મચારીઓમાં વહેંચવાનો સહકારિતાનો સિદ્ધાંત આ પ્રોજેક્ટના પાયામાં વણાયેલો હતો. પ્રથમ તબક્કે કચ્છ અને નાગાલૅન્ડમાં એકએક પર્યટન કેંદ્ર ઊભું કરવાનો નિર્ણય લેવાયો. કચ્છમાં આવા પર્યટન કેંદ્ર માટે બન્નીના હોડકો ગામને પસંદ કરવામાં આવ્યું. અને આ પર્યટન સ્થળને નામ આપવામાં આવ્યું હતું **''શામે-સરહદ''**. એના નિર્માણની જવાબદારી ભારત સરકારના પર્યટન મંત્રાલયે કચ્છ નવનિર્માણ અભિયાનને સોંપી હતી અને એ રીતે હું આ આયોજન સાથે સંકળાયેલો હતો. બન્નીનો પરિવેશ, સભ્યતા, પહેરવેશને અનુલક્ષી શામે-સરહદ ગામડાનું નિર્માણ થયું. ત્યાંના યુવાનોની રસોઈ, આગતાસ્વાગતા, વેઈટર ઇત્યાદિ માટે પસંદગી થઈ અને તેમને અમદાવાદની કેટરિંગ કૉલેજમાં તાલીમ માટે મોકલવામાં આવ્યા. **''શામે-સરહદ''**ના નિર્માણમાં કોઈ પ્રકારનો વ્યાવસાયિક દૃષ્ટિકોણ (Commercial Outlook) ન હતો પરંતુ એક પ્રદેશની સભ્યતા અને પરંપરાને સ્થાપિત કરી અન્ય સમુદાયો સાથે જોડવાનો વિચાર અને આદર્શ હતો. **''શામે-સરહદ''** હજી પણ ચાલે છે અને હવે એનું સંચાલન સ્થાનિક લોકોની સંસ્થા કરે છે. સફેદ રણ ટેન્ટ સિટી જે સંપૂર્ણપણે ધંધાદારી રીતે ચલાવવામાં આવે છે. એનાથી **''શામે-સરહદ''** અછૂતું નથી રહ્યું. છતાં પણ હજી ત્યાં પરોણાગતનાં પરંપરાગત મૂલ્યોની જાળવણી થઈ રહી છે અને તેથી આજે પણ કલારસિકો ધોરડોને બદલે હોડકોને વધારે પસંદ કરે છે. અભિયાને ૨૦૦૪માં **''શામે-સરહદ''**નું નિર્માણ હાથ ધર્યું અને ૨૦૦૬માં **''શામે-સરહદ''**માં પરોણાગતની શરૂઆત થઈ. એના શુભારંભ પ્રસંગે હું ઉપસ્થિત રહ્યો હતો અને ત્યારે અનુભવેલો રોમાંચ આજે પણ સચવાયેલો છે.

મેં અગાઉ જણાવ્યું તેમ કલારસિકો, એમેચ્ચોર ક્લબો, જુદાજુદા થીમ સાથે યોજાતી કાર્યશાળાઓનું માનીતું સ્થળ શામે-સરહદ છે. આપણને કલ્પનામાં ન આવે એવા વિષયોની આંતરરાષ્ટ્રીય કાર્યશાળાઓ (International Workshop) હોડકોના **''શામે-સરહદ''**માં યોજાય છે અને ત્યારે **''શામે-સરહદ''**ની સાર્થકતા પર ગૌરવ થાય છે. ડિસેમ્બર ૨૦૨૨માં ટૂંકી ડૉક્યુમેન્ટરી

ફિલ્મો માટેનું વર્કશોપ યોજવામાં આવ્યું હતું. દેશ-વિદેશનાં વીસેક ડૉક્યુમેન્ટરી ફિલ્મ બનાવનારાઓ-એમેચ્યોર કલાકારો એકત્રિત થયા હતા. દરેક જણને બે-ત્રણ દિવસ માટે કચ્છમાં ફરવાનું હતું અને ત્યાર પછી ફિલ્મ માટે વિષય નક્કી કરવાનો હતો. દશ દિવસમાં પસંદ કરેલા વિષય પર ફિલ્મ રજૂ કરવાની હતી. હકીકતમાં નવોદિત કલાકારો માટે એક પડકાર હતો. આ કાર્યશાળામાં કચ્છ પ્રવાસ અંગેનું માર્ગદર્શન પ્રાગમલજી મહેલના ક્યુરેટર દલપતભાઈ દાણીધારિયા, સરહજીવન સંસ્થાના પંકજ જોશી તથા પંકજ શાહે આપ્યું હતું. પખવાડિયાને અંતે પ્રાગમલજી મહેલના પ્રાંગણમાં ૧૫ ફિલ્મોનું નિર્દેશન થયું. કચ્છથી અજાણ એવા ફિલ્મમેકરોને એમના વિષય વિષેની માહિતી, એ માટેનું લોકેશન (Location) જે જે સ્થળોએ સહકાર અને જાણકારી આપી શકે એમનો અગાઉથી સંપર્ક કરી એમની સાથે આર્ટિસ્ટનું જોડાણ કરી આપવાની કામગીરી બખૂબી દલપતભાઈ આણી મંડળીએ કરી હતી. દલપતભાઈનો કચ્છ અંગેનો લગાવ પણ નિર્મળ, નિર્ભેળ અને નિઃસ્વાર્થ છે. ભુજના પ્રાગમલજી મહેલમાં જાણવા જેવું ઘણું છે, પરંતુ માણવા જેવો મનેખ એક જ દલપત છે. આપણા કચ્છના પ્રવાસમાં જોવાલાયક સ્થળોની યાદી તૈયાર કરીએ છીએ ત્યારે મળવા જેવા માણસોની યાદીમાં દલપતભાઈ નામ જરૂરથી મૂકશો.

જે ફિલ્મો ત્યાં રજૂ થઈ તેના વિષયો અવનવા હતા. કેટલા વિવિધ વિષયો એક કલાકાર શોધે છે તેનો ખ્યાલ આવ્યો. આપણે કચ્છને બરોબર જાણીએ છીએ એવા આપણા દાવાઓ કેટલા પોકળ છે એની પણ જાણ થઈ. સૌથી પ્રથમ ફીલ્મ રજૂ થઈ ''કચ્છનું સંગીત અને તેનાં વાદ્યો''. માત્ર દશ મિનિટની ફિલ્મ કચ્છમાં ઠેકઠેકાણે ફરી અને જુદાજુદા પ્રદેશમાં જુદાજુદા વાદ્યો, એની વિશેષતાઓ અને વાદ્ય ભૂતકાળનાં ગર્કમાં સમાઈ જાય તે પહેલાં એને જાળવી રાખવાનો સંઘર્ષ કરતા વાદ્યકારો અંગેની જાણકારી મળી. બીજી ફિલ્મ કચ્છનાં પરંપરાગત વહાણવટામાં માલમ (મુખ્ય નાખવો)ના જીવન અંગેની હતી. આજે ૯૩ વર્ષની ઉમરના માલમ શિવજી ભુદા લાકડીના ટેકા વગર ચાલતા નથી પણ દોડે છે. આજથી એક સૈકા અગાઉ વહાણો માત્ર સઢના સહારે ચાલતાં. એ સમયની વાતો લઈ બનેલી ફિલ્મમાં વહાણવટાને લઈ ઘણી વાતો મૂકવામાં આવી છે જેની આપણને જાણ નથી. દશ વર્ષનો શિવજી ભુદા વહાણમાં પટોડિયા તરીકે જોડાયો. સગીર બાળકને વહાણનાં રસોડાનાં વાસણ ધોવા, ખલાસીઓને ચા પીવડાવવી, નાની-મોટી મજૂરી કરવાનું રહેતું. એને પગાર જેવું મળે નહીં, પરંતુ ખાવા-પીવાનું મફતમાં મળે. હોશિયાર પટોડિયો એકાદ-બે વર્ષમાં વહાણવટાની ખૂબીઓ શીખતો જાય, એક પછી એક પાયરી ઉપર ચડતો જાય અને છેલ્લે મુખ્ય નાવિક-માલમ બની નિવૃત્ત થાય. પટોડિયો

શિવજી ભુદા ગણતરીનાં વર્ષોમાં નાખુદો અને માલમ બન્યો. શિવજી ભુદા અને દેશી વહાણવટું બન્નેનો ભૂતકાળ આબાદ રીતે ફિલ્મમાં પરોવાઈ ગયાં છે. ''મારો જન્મ ધોળાવીરામાં'' ફિલ્મ કાળ વચ્ચેનું અંતર દર્શાવતી, કલ્પનાશીલ ફિલ્મ છે, દાયકા અગાઉ ધોળાવીરામાં જન્મેલી બાળકી આજથી પાંચ હજાર વર્ષ અગાઉના ધોળાવીરાની કલ્પનામાં ખોવાઈ જાય છે. તદ્દન જુદા વિષય સાથેની આ ફિલ્મ માણવાની મઝા આવી. માત્ર કચ્છના પશુપાલન સાથે સંકળાયેલા સમુદાયો, પશુઓ (ઊંટ, ગાય, ભેંસ, બકરી) તથા પશુઓનાં ઘરેણાંઓ ખાસ કરીને ઘંટડી જેને દેશી ભાષામાં ખરકી કહે છે, તેના ઉપર જુદી જુદી પાંચ ફિલ્મો હતી. રબારી, ફકીરાણી જત, ગાડલિયા સમુદાયની જીવનશૈલી, સ્થળાંતર, રીતરિવાજો પરની ફિલ્મો સુંદર હતી. બન્ની પ્રદેશનાં ભીરંડીઆરા ગામની મહિલાઓનાં જીવનનો તલસ્પર્શી અભ્યાસ કરીનો બનાવવામાં આવેલી ડૉક્યુમેન્ટરી હૃદયસ્પર્શી હતી. શાળામાં જતી ભીરંડીઆરાની દીકરીનાં સ્વપ્ન અને લગ્નજીવન પછીની વાસ્તવિકતા વચ્ચેનો તફાવત અને એને કારણે જીવનમાં આવતી નિરાશા આબાદ રીતે વર્ણવાઈ છે.

બે ફિલ્મો સ્વૈચ્છિક સંસ્થાઓની કામગીરી અંગેની હતી જેમાંથી એક ''માનસી'' (મંદબુદ્ધિની દીકરીઓની તાલીમશાળા) વિષેની હતી. કૅનેડાથી આવેલા પંજાબી યુવક રોમીનસિંગ માનને કચ્છની એવી સ્વૈચ્છિક સંસ્થા અંગે ફિલ્મ બનાવવી હતી જે ''જરા હટકે'' પ્રવૃત્તિઓ કરતી હોય. દલપતભાઈએ રોમીનસિંગને **'માનસી'**નું નામ સુચવ્યું અને ભાઈસાબ ભુજથી ૬૦ કિલોમીટર દૂર **'માનસી'** સંસ્થામાં ડૉક્યુમેન્ટરી ફિલ્મ માટેનો અસબાબ લઈ આવી પહોંચ્યા. લગભગ છ દિવસ ત્યાં રોકાયા. સંસ્થાનો ઉદ્દેશ, બાળકો, કર્મચારીઓ અને સંચાલકો વિષે ઝીણવટભર્યો અભ્યાસ કર્યો. પ્રથમ તબક્કે દશ-બાર મિનિટની ફિલ્મ બનાવ્યા પછી એમને લાગ્યું કે ફિલ્મ માહિતીપ્રધાન (Informative) બનાવવાને બદલે સંદેશવાહક બનવી જોઈએ જેથી લોકો આ પ્રવૃત્તિનું મહત્ત્વ સમજી શકે અને દશ મિનિટની ફીલ્મને માત્ર બે મિનિટની ફિલ્મમાં તબદિલ કરી અને માનસિક ક્ષતિગ્રસ્ત બાળકોના વાલીઓ માટે બહુ જરૂરી સંદેશો આપ્યો.

મને સતત લાગે છે આપણું કચ્છ બાવન બોંતાલીસ અને વાગડ ચોવીસમાં સમાઈ જતું નથી. સફેદ રણ, કાળો ડુંગર, માતાનો મઢ, કોટેશ્વર, જિનાલયો ઈત્યાદિ સ્થળો જોવાલાયક જરૂર છે. અને એ બધા સ્થૂળ સ્થળો છે. ક્યારેક ધબકતું કચ્છ જોવાની ઈચ્છા કરીએ ત્યારે... દલપતભાઈ, દીનેશભાઈ, પંકજભાઈ, લિયાક્ત નોટિયાર જેવી વ્યક્તિઓને મળીએ. તેઓ એક જુદા કચ્છ સાથે આપણો મેળાપ કરાવશે.

**મો.: ૯૮૭૯૫૦૬૦૫૯**

# મારી પહેલી રેલયાત્રા

* ડૉ. ગિરીશ વીછીવોરા *

છઠ્ઠા ધોરણમાં પાસ થયો. સન ૧૯૪૫નો એપ્રિલ મહિનો. ટોન્સિલની તકલીફ વધતી ચાલી હતી. ડૉ. ગોપાલજીએ ઑપરેશનની સલાહ આપી હતી. મુંબઈથી ભાઈનો પત્ર પણ આવી ગયો હતો. દામજીભાઈનો સથવારો સારો હતો.

કોટડાથી ભુજ ઓધાકાકાનું ગાડું. ઢળતી બપોરે નીકળીએ તો બીજા દિવસે સવારના કંડલા જતી ટ્રેન મળે. મારું વિશ્વ ત્યારે મારા બપોરના પડછાયા જેવું હતું. આજુબાજુનો પાંચાળો જોયેલો. યાત્રા નિમિત્તે કોઠારા ગયેલ તે કદાચ સૌથી દૂર જોયેલું સ્થળ હતું.

દામજીભાઈ સિવાય સથવારામાં મારો કૂતરો દેવો પણ હતો. દેવાને ઓછી જ ખબર હતી કે યાર ગદ્દારી કરી રહ્યો છે ! એ તો એની સમજ પ્રમાણે હું જ્યાં જાઉં ત્યાં મારો પડછાયો બની રહે. વાર્યો વળ્યો નહિ. રોહા તો અમારી જાગીરનું ગામ. ડુંગર ઉપરનો બાવાનો બંગલો અહોભાવથી જોઈ રહેતા. હમીરસિંહજી બાવા (કલાપીના સાળા) કોટડે આવે ત્યારે એમને મોટરમાં બેસતાં દૂર ધર્મશાળાના ઓટલે ઊભા રહી અહોભાવથી જોતો. મનોમન મનોરથ સેવતો. મોટો થઈશ ત્યારે આવી જ મોટર લઈ મારી માને બેસાડીશ. ફાટેલાં કપડાંમાં ત્યારે રાજકુમાર બની જતો. બસ કે ખટારા ક્યારેક જોયલાં, બેઠેલો નહિ. આકાશમાં ઊડતું વિમાન જોયેલું. મારે મન એ જરા વધુ ઊંચે ઊડતું બીજું ગીધ જ હતું.

રોહા છોડ્યું કે રાજમાર્ગ આવ્યો. પહોળો રસ્તો પહેલી વાર જ જોતો હતો. ખાબડખૂબડ ઓછો એટલે ટેસથી બેસી રહ્યો. દેશલપુર ટીમણપાણી કરી આગળ વધ્યા કે ઓધાકાકાએ પ્રસ્તાવ મૂક્યો - ઘડીક નિંદર માણવાનો. ઓધાકાકાએ ઉઠાડ્યા ત્યારે તો઼ઓ હાંફળાફાંફળા થઈ ગયેલા. મીઠી નિંદરમાં મોડું થઈ ગયું હતું. વહેલી સવારની ટ્રેન અમારે માટે ઓછી જ રાહ જોવાની હતી.

ગાડામાં ગતિ આવી. જ્યાં નરી સુસુપ્તતા હતી ત્યાં અધીરાઈ ને તલપાપડતા આવ્યાં. ગાડું ભાગે. છડિયા હાલકડોલક થાય. બળદો ભાગે. ઓધાકાકા છડી ઉગામે, મારે નહિ. મોંસુઝણું થયું ત્યારે ભુજની ભાગોળ વર્તાઈ. દૂરથી ભુજિયો ડુંગર દેખાતો થયો.

રેલવેસ્ટેશન હજી છેટું હતું. ભુજ હજી ઉંઘરેટું હતું. અમારા ભાગતા રેંકડાના અવાજે કદાચ જરાક મટકું મારતું થયું હશે.

રેલવેસ્ટેશન દેખાયું. સ્ટેશન પર ઊભેલી ગાડી પણ દેખાઈ! એની તીણી ચિચિયારી કાન વિંધતી ગઈ. ઓધાકાકાનું ભાડું કોટડે મા આપવાની હતી. કાકાને દેવાની સંભાળ રાખવાનું કહી મારો સામાન-બે જોડ કપડાં ને ભાથાનો ડબો-ઉપાડતો દામજીભાઈને અનુસર્યો.

ટિકિટ લઈ પ્લૅટફૉર્મ તરફ દોડ્યા. ડબામાં ચડ્યા. મારી નજર સહેજ પાછી વળી. પ્લૅટફૉર્મની રેલિંગના બે સળિયા વચ્ચે મોઢું ખોંસી દેવો ઉંહકારા ભણતો હતો. હાથ ઊંચો કરી વિદાય લીધી. ગિરદી નો'તી. બંદાને બારી પાસેની બેઠક મળી ગઈ.

અમે માંડ નિરાંતનો શ્વાસ ખાધો હશે કે એક ઝટકો લાગ્યો. ગાડી હલી. દામજીભાઈ કહે ગાડી ઊપડી. ખરેખર ગાડી સરકવા લાગી હતી. ગાડીમાં એંજિન જોડાય જે ગાડીને ખેંચે એવું સાંભળ્યું હતું. એંજિન જોવાનો વારો જ ક્યાં આવ્યો હતો?

ગાડી હલતીહલતી આસ્તેઆસ્તે સરકવા લાગી. જમણી કોરે ભુજિયો ડુંગર પણ હારોહાર સરકવા લાગ્યો. એની ઉપરનો કિલ્લો ને કોઠી માણતો હતો કે કારાણી યાદ આવ્યા. 'ભોજિયા કિલ્લા ભોજજા, કાઠેંજા સણગાર...' 'અજ રડેત્યું રહેડિયુ ને બકરિયું બોઆ ડી....'

ગાડી સરકતી રહી. થોડીક ઝડપ વધી. મારા જેવા ગાડાખેડુને મન ગાડું પુરપાટ દોડતું હતું. જરા વારમાં એની ગતિ ધીમી પડી... એક આંચકો મારી ઊભી રહી. સરરરર... સુસવાટા જેવો અવાજ સંભળાયો. વિસ્મયથી માણ્યો. એ સ્ટેશન હતું. છડિયાની ચડ-ઊતર ને વળી પાછી હડદોલા દેતી ગાડી ઊપડી.

હવે ગાડી જરા રેસમાં હોય એવું મને ભાસ્યું. ગતિ જરા 'રવાલ' ચાલની થઈ. ચાલતાં ચાલતાં જે ધ્વનિ ઊપસતો હતો તે ક્યારનો મને અજંપો આપી રહ્યો હતો. જરા વધુ સ્વસ્થ થઈ મારું બધું ધ્યાન એ ધ્વનિ પર કેન્દ્રિત કર્યું. અરે, આ ધ્વનિ તો શિસ્તબદ્ધ હતો. ઠઠક-ઠક, ઠઠક-ઠક, ઠઠક-ઠક કરતું રહે. સમયની શિસ્ત બરાબર જાળવે. ગતિ વધે એનો સમય ઓછો થાય. ગતિ ઘટે તો સમય વધે ઠઠક-ઠક ઠઠક–ઠક....

બાળપણથી ક્યાંય પણ કોઈ ધ્વનિ સંભાળાય તો એમાં લય શોધવાની મારી તજવીજ રહેતી. મોરનો ટહુકો, હોલાનો હોકારો, ઘણાબધા ધ્વનિ માણ્યા હતા. લયની લકીર જોઈ પણ હતી. ગાડાનો લય થાય ને બરકે.

અહીં બધું શિસ્તબદ્ધ હતું. લયમાં ગરકાવ થતો ગયો. સહસા મારી નજર બોગી આખીમાં ફરી વળી. છડિયા પર છવાઈ બધા એ લયને આધીન થઈ ગયા હતા. બોગી દોડે ડોલે, એ ડોલન અંદર બેઠેલા હરકોઈ ઝીલે. એ ઝીલવું એટલું સપ્રમાણ ને શિસ્તબદ્ધ હતું કે એક

સર્વાંગ સુંદર ચિત્ર ખડું થતું હતું. એ મનમોહક તો હતું, મનને ઝંકૃત પણ કરી જતું હતું. લય જાણે હરકોઈ છડિયાના શિરે ઠરીઠામ થયું હતું. લયના લલકારમાં જાણે બધા ડોલતા હતા. મને મારું ભાવતું ભોજન મળી ગયું. ગાડી ચાલતી રહે, સ્ટેશન આવે, ઊભી રહે. ચડ-ઊતર થાય ને ફરી ચાલે. એ બધાની ઉપર એનો સ્થાયીભાવ પેલો લય હાજરાજુર હોય ને મારું મનોરંજન કરતો રહે. અનાયાસે, અજાણતાં બધા કેવા લયબદ્ધ થઈ ગયા હતા. એ લયનો થોડોક અંશ કોઈ છડિયા ગ્રહે, જિંદગીમાં સ્થાયી કરે તો ક્યાં પહોંચે ?

કોઈ મોટું સ્ટેશન આવ્યું હશે એમ વિચારતો હતો કે પાટિયા પર અંજાર વંચાયું. અંજાર વિષે જે ભણ્યો હતો તે યાદ આવ્યું. જેસલ-તોરલની સમાધિ ને કૅપ્ટન મૅકમેર્ડો જેને લોક ભુરિયો બાવો કહેતા તેનો બંગલો. સહેજે જોવાની ઈચ્છા થાય, પણ પગમાં ઝંઝીર હતી. મન મનાવ્યું. મારા મનોરાજ્યમાં મશગૂલ હતો. કે બાજુના પાટા પર છીકોટા ને હાકોટા સંભળાયા. જરા વારમાં હીસ હીસ કરતો એક મહાકાય કાળો ગોધો બાજુમાંથી જ પસાર થયો. એ સન્મુખ થતો હતો. ત્યાંરે મારી નજર એના ચહેરા પર પડી. કાળો ડિબાંગ ચહેરો. એવા જ કાળા અક્ષર. પસાર થાય તે પહેલા વાંચી લીધા. 'જિયે રા'. છાતી ગજગજ ફૂલી. ત્યારની રાજાશાહીની રૈયતના એ સંસ્કાર હતા. એ ગોધો, એ અક્ષર એવા તો ચોટડૂક મારા મગજમાં બેસી ગયા છે કે હજી પણ રેલવે એન્જિન જોઉંને પેલા કાળા અક્ષર 'જિયે રા' યાદ આવે ને વાંચવાની મથામણ કરું. વરાળિયું એ એન્જિન. જમાના વીતી ગયા. એની પછવાડે તો નવાં નવાં એન્જિનોની કતાર લાગી ગઈ. હજી ક્યાંક સૂતું હશે ઉહંકારા કરતું, પોતાના ઐશ્વર્યના દિવસો યાદ કરતું, ઘર કરી બેઠેલી જરાને હંફાવતું કદાચ ફરી જીવંત થઈ ભખ ભખ કરવાના ઓરતા સેવતું હશે ? કોણ કરી શકે ? દુનિયાનાં ઘણાં જૂનાં (Vintage) એન્જિનોને ફરી ક્યાંક એક નવીનવાઈ તરીકે કામ કરતાં કર્યાં છે.

ગાંધીધામ ત્યારે નો'તું. કંડલા આવ્યું. ઊતર્યા સ્ટેશન સાવ નાગું, દરિદ્ર. ઝાડપાન કંઈ નહિ. દૂર-સુદૂર દરિયો દેખાય. અમે એ દિશામાં ચાલતા થયા. કોઈકે બુમ પાડી. નવલખી જવાની લોંચ ઊપડવાની તૈયારીમાં છે. બધા દોડ્યા. અમે એ ટોળાના અંશ બન્યા. લોંચ તો લટકામટકા કરતી, ક્યારેક જરા રાસડો લઈ લેતી આરામથી ઊભી હતી. ખુલામાં બેઠા. જરા વારે વધુપડતો કોલાહલ કરતી, એક નવી ગંધ ફેલાવતી કાંઠાને છોડતી થઈ. બધું દૂર થવા લાગ્યું. વિસ્મિત નયને, ભારે હૃદયે એક વિસાદભરી નજરે એ કાંઠાને જોતો રહ્યો. ***મારી માતૃભૂમિથી હું વિખૂટો પડી રહ્યો હતો.***

*(સદ્‌ગત લિખિત સાહિત્ય-સંચયમાંથી સાભાર)*

# બેઠી ઠેકાણું કરી

ડૉ. ગુલાબ દેઢિયા

રોકાય તે નદી નહિ. રોકાય તો નાદ ન રહે અને નદીનો તો નાદ જોઈએ જ. નદી વહે અને કાંઠા ઊભા રહે. તટસ્થ શબ્દ તો કેટલીય વાર સાંભળ્યો છે, પણ તટ પર ઊભા રહેવું અઘરું છે. ઊભા રહેવું, એ તો માત્ર તટની જ નિયતિ છે. નદી, પવન, પંખી, પડછાયા, ઋતુ, તડકો બધું વહેતું રહે છે. બધા ગતિમાં છે ઊભા છે, એકલા કાંઠા, કાંઠાના કાંકરા ને રેતી પણ મેળ પડે ત્યારે થોડી ગતિ કરે છે.

આપણી દશા તો એનાથી નોખી છે. હું પણ પ્રવાસમાં ને તું પણ પ્રવાસમાં. પછી મળવાનું ઝાંખુંપાંખું. ખબર પણ પડતી નથી કે આપણે ગતિમાં છીએ કે આ સમય ગતિમાં છે. પ્રસંગો, તહેવારો આવે છે અને જાય છે. રોજ સવારે નવો દિવસ મળ્યો હોય એવું લાગે છે. તારીખિયાં પરથી રોજ એક તારીખનું પત્તું ખરે છે. સામેનાં વૃક્ષોનાં પર્ણો રંગ બદલે છે. ખરે છે. નવાં આવે છે. બાળકોને મોટા થતાં જોઉં છું. વ્યક્તિઓ, વસ્તુઓ, ઘટનાઓ, ક્ષણો, ઋતુઓ પસાર થતાં રહે છે તો બીજી તરફ હું પોતે પસાર થતો રહું છું.

આ ઘટમાળમાં, આ ચક્રાકાર ગતિમાં થોભવું ક્યાં ? સ્થિર ક્યાં થવું ? સ્થિર કોને માનવું ? બહારથી હું ભલે ગતિમાં છું, પણ મનમાં તો કેટકેટલી વસ્તુઓ સ્થાયી છે મનમાં જે સ્થાયી છે. તે તો સ્વભાવ છે. જે ગમે ત્યારે, ગમે તે પ્રસંગે છતો થાય છે. નદીના કાંઠાની જેમ ઊભો છે, સ્થિર છે તે આ સ્વભાવ છે.

મીરાંબાઈની એક પંક્તિ ફરી વાંચતા મનમાં બત્તી થઈ. શું અદ્ભુત પંક્તિ છે ! 'સંત સંગતમાં મહાસુખ પામી, બેઠી ઠેકાણું કરી.'

કવયિત્રી કેવા વિશ્વાસથી, કેવી આંતરપ્રતીતિથી કહે છે: 'બેઠી ઠેકાણું કરી.' ઊભડક નહિ, અસ્થિર નહિ, કામચલાઉ નહિ, તાત્પૂરતું નહિ, પણ ઠેકાણું કરીને બેસવું. કેવું પરમ સુખદાયી છે ! ચલિતનો સ્થિર કરવાનું છે. જે દોડે છે, ભાગે છે, ભટકે છે તેને સ્થાયી કરવું છે. બહાર તો ઘણું બેઠા, ઊઠ્યા, દોડ્યા. બેઠા, ઊઠ્યા એ તો ચાલ્યું, પણ હવે અંદર બેઠા તે બેઠા. તે બેસવા જેવું છે, ઠેકાણું કરીને બેસવા જેવું છે. 'સંત સંગતમાં મહાસુખ પામી, બેઠી ઠેકાણું કરી',

એમ બોલવામાં કેવી તાકાત ભરી છે. સંત સંગતમાં મહાસુખ મળે છે, પણ ત્યાં ઠેકાણું કરીને બેસીએ તો !

કશુંક સ્વભાવમાં સહજ હોય છે તો કેટલુંક સ્વભાવમાં બેસાડવું પડે છે. તૈયારી કરવી પડે છે. ગોઠવવું પડે છે. સ્વમાં નથી તેને સ્વનો ભાવ બનાવવો પડે છે. શ્રમ પડે એવું કામ છે. ટેવ નથી તેથી ભૂલ થઈ જાય છે. મનને તો ન ગમતું ન કરવું એ એનો સ્વભાવ છે. એ બેલગામ અશ્વને પળોટવાનો છે. એકવાર ઘાટ બેસી ગયો, ગળ આવી ગઈ તો ફાવી ગયા.

પ્રતિબિંબ ત્યાં પડે છે જે જળ સ્થિર છે. મન સ્થિર થયું તો બહાર જે છે તેનો પડછાયો ઝીલી શકશે. પોતે હાલકડોલક નથી તે બીજાને સમજી શકે છે.

વૃક્ષો ઊભાં રહી શકે છે કારણ કે એમણે મૂળ ઊંડાં નાખ્યાં છે. બહાર ફેલાવું હોય તો અંદર ઊંડાં ઊતરવું રહ્યું. પાકે પાયે કરેલું કામ ધરપત આપે છે. અભ્યાસ કરવો, ઘૂંટવું, ફેરવવું, ચિંતન કરવું, વાગોળવું, કસોટીએ ચડાવવું એ બધું મનને ઠેકાણે બેસાડવાના ઉપચાર છે. રંગ ચડે એના પર ફરી એક હાથ રંગનો દેવો, કસર ન રાખવી. એના તારેતારમાં, અણુએ અણુમાં રંગ ઓળઘોળ કરી દેવો એ તો અભ્યાસ છે.

વૃક્ષનાં ડાળી, થડ, પર્ણ, પુષ્પ પોતપોતાનું કાર્ય કર્યાં કરે. બહારનાં તત્ત્વો સાથે ભળે, મેળ પાડે, ટાઢ-તડકા-પવન-વરસાદને વેઠે, પણ અંદરના મૂળ તો રસ ચૂસીને વૃક્ષને પાયા જ કરે. સ્થિર રહેવા, રસ ચૂસવા અંદરની ગતિ ચૂપચાપ ચાલુ રાખે. એ એમનો સ્વભાવ છે.

દૂધમાંથી દહીંનું રૂપાંતર થાય છે ત્યારે માત્ર દૂધમાં મેળવણ નાખવાથી કામ પતી જતું નથી પણ મેળવણ પછી સ્થિરતા જોઈએ છે. સોયમાં દોરો પરોવવા દોરો, સોયનું નાકું અને આંખ ત્રણેમાં સમધારણતા જોઈએ છે. સ્થિરતા જરૂરી છે. બાળક પાટી પર એકડો ઘૂંટે છે ત્યારે તે પાટી પર અને મને પર એકડાના આકારને બેસાડે છે. પાટી પરનો એકડો તો પછી ભુંસાઈ જાય છે, પણ આંખમાં અને મગજમાં બેઠેલો એકડો એને સદાય સાથ દે છે. બેઠા વગર, સમતા ધારણ કર્યા વગર, નાચતાં, કૂદતાં, આવતાં-જતાં, હરતાં-ફરતાં એકડો ઘૂંટાય ખરો ?

હરતાં-ફરતાં, ઊંચા-નીચા થતાં બેસાતું નથી, પણ બેઠા પછી ફરી શકાય છે. એકવાર બેઠા પછી, શાંતિથી નજર ફેરવી શકાય, ક્યાંક જઈને પાછા આવી શકાય.

જે ઉતાવળમાં હોય તે કશુંક ભૂલી જાય,

ઉતાવળમાં અનેક ભૂલોનો સંભવ રહે. વિવેક જેવો ગુણ ઉતાવળમાં દબાઈ જાય છે. મહત્ત્વની વસ્તુ જ ક્યારેક ચૂકી જવાય અને ફેરો માથે પડે. સમજીને, ગોઠવીને, સર્વગ્રાહી વિચાર કરીને જ્યારે કંઈક કરવામાં આવે તે કાર્યનું ઉજ્જ્વળ પરિણામ સામે રાહ જોતું ઊભું હોય. નિરાંત બહાર નથી હોતી. અંદર સર્જવી પડે છે.

એક માણસ ફર્નિચરવાળાની દુકાને જાય છે. જાત જાતની ખુરશીઓ જુએ છે. એને એક આરામખુરશી ગમી જાય છે. જોતાં જ નજરમાં વસી જાય એવી હતી મજેદાર.

ખરીદનારે દુકાનદારને પૂછ્યું 'આ ખુરશીમાં આરામ તો મળશે ને ?' દુકાનદારે સ્મિત સાથે કહ્યું 'કેમ નહિ? અંદર બેસશો તો આરામ મળશે.'

ખરીદનાર તો ઉત્સાહમાં આવી બોલી ઊઠ્યો, 'શું વાત છે!' વાહ વાહ! તમારી વાત સૌ ટકા સાચી છે. અંદર બેસીએ તો આરામ મળે.' હવે એનો સમજાઈ ગયું હતું કે આરામખુરશીમાં આરામ નથી. આરામ તો અંદર બેસવામાં છે.

વિશ્વપ્રવાસો જઈ આવેલા પ્રવાસીને પૂછવામાં આવે કે, તમે દુનિયાના ભાત ભાતના દેશ જોયા, અનેક સ્થળોએ ફર્યા એ બધાંમાંથી. તમને શીખવા શું મળ્યું ? પ્રવાસી શાણો હશે તો કહેશે 'બધે ફરી આવ્યા પછી સમજાય છે કે ઘર જેવી મજા ક્યાંય નથી!'

ઘરે પાછા ફરવું એ ખરી રોમાંચક સફર છે. ઘરે બેસવું એ પગ વાળીને બેઠા બરાબર છે. બીજે બેઠકો ઊભડક હોય, પણ આરામખુરશી કે સુખાસન તો ઘરમાં છે.

પાકું કરવું, વાગોળવું, મમળાવવું, ઘૂંટવું, ફરી ફરી રિયાઝ કરવો, તલ્લીન થવું, ખોવાઈ જવું એ તો સુખાસન છે. સિસ્મોગ્રાફ ધરતીનો સૂક્ષ્મમાં સૂક્ષ્મ કંપ ઝીલી લે છે એ રીતે હૃદયનો સૂક્ષ્મ કંપ ઝીલી લે એવું સંવેદનતંત્ર રચાય એ માટે ઠેકાણું કરીને બેસવું જોઈએ. હરતા-ફરતાને સરનામું નથી હોતું. જે સ્થાયી છે તેનું પાકું સરનામું છે અને જેની પાસે સરનામું હોય તે જો પ્રતીક્ષા કરે તો કાગળ જરૂર આવે છે. એ ગેબી ખત મેળવવા આંખમાં વિસ્મય અને આહ્‌લાદ આંજી વાટ જોવાની છે.

સંકલ્પ-વિકલ્પ ભલે થયા કરે, પણ મન હોંકારો દે કે સબૂર કર, કાગળ આવશે. તારા સરનામે કાગળ આવશે. વાટ જો, નજર દોડાવ, પણ તું બેઠો રહે.

**મો. : ૯૮૨૦૬ ૧૧૮૫૨**

# કચ્છ પત્રકારત્વના આદ્યપુરુષ:
# દેવજી ભીમજી ખેતસી

**પ્રવીણચંદ્ર શાહ**

**મહાગુજરાતનું ગૌરવ: ૧૫૦ વર્ષ પહેલાં જેમણે મલયાલમ પત્રકારત્વ સ્થાપ્યું.**

કદાચ બહુ ઓછા ગુજરાતીઓને જાણ કે ફખ્ખર છે કે પ્રેસ સેન્સરશિપનો કાયદો અને પ્રેસમાલિક વચ્ચેનો સૌથી પહેલો સંઘર્ષ છેક સને ૧૮૬૫ - એકસો છેતાલીસ વર્ષ પહેલાં થયેલો. તે પણ ગુજરાતમાં નહીં, પણ ગુજરાતથી સુદૂર, છેક કેરાલાના કોચીન શહેરમાં, સાલ હતી, ઉપર નોંધ્યું છે તેમ, સને ૧૮૬૫; પ્રેસ-માલિક ગુજરાતીનું નામ હતું: શ્રી દેવજી ભીમજી (ભાટિયા - ઠક્કર, કચ્છ નારાયણ સરોવરવાળા); પ્રેસ-નિયમન (સેન્સરશિપ) કાયદો ઠપકારનારી વહીવટી સત્તા હતી: કોચીન-ત્રાવણકોરની (તે વખતની) દેશી રિયાસત અને આ સંઘર્ષના મૂળમાં સંકળાયેલો મહત્ત્વનો મુદ્દો હતો : પ્રિન્ટિંગ પ્રેસ, છાપખાનું ચલાવવાની પ્રેસ-માલિકની સ્વતંત્રતાનો.

બધા ગુજરાતીઓ આ સંઘર્ષનો આખરી અંત જાણીને ગર્વાનંદ અનુભવશે કે ગુજરાતી અને તે પણ મૂળ કચ્છી - પ્રેસમાલિક, જે પછીથી ત્રણ પત્રોનો પ્રકાશક - માલિક બનેલો, તે જીતેલો અને પ્રેસ-નિયમન, સેન્સરશિપનો કાયદો ઠપકારનારી, વહીવટી સત્તા હેઠળ છાપખાનાને તાળાં મારી, સીલ કરી નાખનારી રિયાસતી સત્તાએ પાછા પગ કરવા પડેલા.

શ્રી દેવજી ભીમજીનો આ એક વિક્રમ હતો. આ એક નહીં, દેવજી ભીમજીએ બીજા પણ વિવિધ વિક્રમો સ્થાપેલા અને માત્ર કચ્છ જ નહીં, પૂરા ગુજરાતની શાન બઢાવેલી.

**પરિવાર**

દેવજીના પિતાનું નામ ભીમજી ખેતસી; જાતે ભાટિયા ક્ષત્રિય; માતાનું નામ કલ્યાણીબાઈ. ભીમજી ખેતસીના વડીલો અને પરિવાર પેઢીઓ જૂના યાત્રાધામ નારાયણ સરોવરની નજીકના મોટી બેર ગામડામાં સ્થાયી થયેલાં હતાં. દેવજીના સંબંધે-ખાસ કરીને તેમના જન્મસ્થળ અને પ્રાથમિક શિક્ષણ અને ઉછેરની શક્ય માહિતી મેળવવાની અને નારાયણ સરોવર-કોટેશ્વરની ઐતિહાસિક સ્મૃતિ વાતો જાણવાના કુતૂહલે આ લખનાર અને લખનારના મિત્ર, 'કચ્છનું સંસ્કૃતિ દર્શન' ગ્રંથના લેખક અને કચ્છના સુપ્રતિષ્ઠિત ઈતિહાસ-અભ્યાસી (હવે સ્વર્ગસ્થ)

શ્રી રામસિંહજી રાઠોડ (૨૭ જુલાઈ, ૧૯૮૫ના) નારાયણ સરોવર પહોંચેલા. ત્યારે ત્યાં ભાટિયાઓ સંબંધે તપાસ અને પૂછપરછ કરતાં કરતાં, ત્યાંના ભાટિયાઓનું ગોરપદું પેઢીઓથી કરતા રહેલા પુષ્કર્ણા (કચ્છમાં પોકેણા બોલાય છે) બ્રાહ્મણ પરિવારનાં એંશી વર્ષની વયનાં વૃદ્ધા પુરબાઈ બેચરલાલ પાસેથી જાણવા મળ્યું કે હવે ભાટિયાઓના કોઈ ઘર નારાણસરમાં નથી. ભીમજી ભાટિયા મોટી બેર ગામથી આવી ઘીના વેપાર માટે અને છોકરા દેવજીને ભણાવવા નારાણસર રહ્યા હશે. એટલે એવું અનુમાન કરવું પડે કે દેવજીનો જન્મ યા તો મોટી બેર ગામમાં યા નારાયણ સરોવરમાં થયો હશે. એમનું પ્રાથમિક શિક્ષણ અને ઉછેર નારાયણ સરોવરમાં થયેલાં. એમના જન્મનું વર્ષ સને ૧૮૨૯ હોવાનું વિવિધ સંદર્ભ સાહિત્યમાં નોંધાયું છે. દેવજીના પિતા ભીમજી ખેતસીનું અવસાન દેવજીની બાલ્યાવસ્થામાં થયેલું. પરિવાર ગરીબ હતો. વિધવા માતા કલ્યાણીબાઈએ નારાયણ સરોવર જાગીરદાર કુટુંબનાં દળણાં-પાણી કરીને, ખૂબ અગવડો વેંઢારીને બાળ-દીકરાને ઉછેર્યો. બચપણથી જ કિશોર દેવજી મહેનતુ, ઉદ્યમી અને મહત્ત્વાકાંક્ષી હતો. સ્વભાવે ઋજુ અને નવુંનવું જાણવાની કુતૂહલ વૃત્તિવાળો હતો.

વહેલી પરોઢથી ઘરની ઘંટીમાં બીજા બહારનાં કુટુંબોનાં ધાનનાં દળણાં દળી પરસેવે નીતરતી માતાને જોઈ દેવજીના મનમાં ઊંડી વ્યથા થતી. પોતાના કુટુંબના દારિદ્રયથી તેનું દિલ દ્રવતું રહેતું. મોટા થઈ દારિદ્રય ફેડવા અને કંઈક કરી બતાવવા મન ઝંખતું તેણે પ્રાથમિક શિક્ષણ નારાયણ સરોવરની ગામઠી નિશાળમાં લીધું.

નારાયણ સરોવર ગામ નાનું પણ દરિયાકાંઠે હોવાથી બંદરી ગામ હતું, જ્યાંથી માલ ભરાયેલાં વહાણોની નિયમિત ઊતર-ચડ રહેતી. વહાણો આવતાં પણ અને ભરાઈને જતાં પણ. આમાંનાં કેટલાંક વહાણો મલબાર કિનારાનાં બંદરોની ખેપ પણ કરતાં. તે વખતે સ્ટીમરોનો યુગ બેઠો નહોતો. લોકો પણ વહાણની દરિયાઈ મુસાફરીની તકલીફો વેઠીને પરદેશ પહોંચતા. દેવજીની ઉંમર દશેક જ વર્ષની થઈ હશે ત્યારે કુટુંબના એક દૂરના સગા વહાણથી કોચીન જવા રવાના થતા હતા. સફરી વહાણના ખારવા-નાખોદા પણ રખતરખણીવાળા હતા. રાજાશાહી દરમ્યાન પેટપૂર જીવનનિર્વાહ નિયમિત મેળવવાનો આખર રસ્તો કચ્છ છોડી જઈ, કચ્છીથી હિજરત કરી, તકદીર જ્યાં લઈ જાય, ત્યાં જઈ પરસેવો પાડવાનો જ રહેતો. કપાતાં કાળજે, પરાયાનાં દળણાં દળીદળી કિશોર દેવજીને ઉછેરતી વિધવા, અસહાય માતાએ દૂરના સગાને અને વહાણના ખારવા ભડાલાને ભલામણ કરી, અશ્રુ ટપકતી આંખે સગીર પુત્રને વહાણમાં ચડાવી દીધો. ૧૫-૨૦ દિવસની દરિયાઈ સફર દરમ્યાન વહાણના માલમે અને સગાએ કિશોર દેવજીની દેખભાળ કરી. વહાણ કોચીનને કિનારે લાંગર્યું.

**કોચીન-કેરાલા**

વેપારીઓના માલની વહાણો દ્વારા લાવ-જા કરનારા વહાણના વિશ્વાસુ માલમની ભલામણથી કોચીનના ત્રીકમજી મુરલીધર નામના અગ્રણી ગુજરાતી સખી વેપારી ગૃહસ્થે દેવજી તરફ સહાનુભૂતિથી આશ્રય આપી, પોતાની પાંખમાં લીધો, પરિવારનો હોય તેમ તેની દેખભાળ રાખવા માંડી. દેવજીને તેના ગામની ગામઠી નિશાળમાંથી કાંઈ ખાસ શિક્ષણ તો મળેલું નહીં. એટલે ત્રીકમજી શેઠે દેવજીને કેળવણી આપવા માંડી અને વેપારી પેઢીનાં પરચૂરણ કામોનો અનુભવ આપવા માંડ્યો. તેમાં પેઢીની દુકાનના બહારના ઓટલાની સફાઈ, દુકાન - પેઢીની સાફસૂફી, વખાર-ગોડાનના માલની આવક-જાવકની ગણતરી, નોંધ, માલની ડિલિવરી કરવી અને લેવી, સ્થાનિક ઉઘરાણીએ જવું, નાનાં-મોટાં બિલો બનાવવાં, રસીદો બનાવવી, વહાણમાં ચડતા-ઊતરતા માલના ભરતીયાં તપાસવા-બનાવવા-બધાની સાથે મળયાળી અને અંગ્રેજી ભાષાની કેળવણી પણ વિકાસ પામતી ગઈ. વેપાર-ધંધા અંગેની સમજ પણ ઘૂંટાતી થઈ.

આમ કરતાંકરતાં દેવજી ચૌદેક વર્ષનો થયો ત્યારે ત્રીકમજી શેઠે તેને ધર્મસિંહ નામના વેપારીને ત્યાં હિસાબી ચોપડા લખનારા ગુમાસ્તા તરીકે રખાવી દીધો. તે જમાનાની રસમ પ્રમાણે, પગારમાં ખાવા-પીવા-રહેવાની સગવડ અને વાર્ષિક (માસિક નહીં) પચાસ (૫૦) રૂપિયાનો પગાર અપાતો. એ સમયમાં સને ૧૮૫૦વાળા દાયકામાં આ પગાર પણ સારો ગણાતો. તરુણ દેવજીનો ઉદ્યમ, નવું શીખવાની અને હાથ ઉપરનું કામ ચિવટથી કરવાની ધગશ તથા પ્રામાણિકપણું જોઈને તેના શેઠ ધર્મસિંહ અવારનવાર તેના પગારમાં થોડોથોડો વધારો કરી આપતા ગયા. ૧૦-૧૧ વર્ષ પછી, તેની પચ્ચીશેક વર્ષની ઉંમરે, પોતીકો ધંધો કરવા માટે શેઠ ધર્મસિંહના આશીર્વાદ સાથે તેણે નોકરીમાંથી વિદાય લીધી ત્યારે તેનો પગાર વાર્ષિક રૂપિયા ત્રણસો (૩૦૦) પર પહોંચી ગયો હતો.

પોતાની બધી કમાણીનું મૂડીરોકાણ કરીને બે બીજા સ્નેહીમિત્રોની ભાગીદારીમાં દેવજીએ કોચીનમાં કાપડનો ધંધો શરૂ કર્યો. બીજા વર્ષે ૧૮૫૫માં તે પોતાની માતાને કચ્છ-નારાયણ સરોવર ગામેથી કોચીન તેડી લાવ્યો, પણ કમનસીબે થોડા જ સમયમાં માતાનું અવસાન નીપજ્યું, કાપડના ધંધામાં પણ ખાસ ફાવટ આવી નહીં, ઊલટું ખોટ ખમવી પડી. ત્રણેક વર્ષ પછી કાપડનો ધંધો તેણે સમેટી લેવો પડ્યો.

**ઉદ્યમ**

ફરી પાછી આગલા પાલક શેઠ ત્રીકમજી મુરલીધરની સહાનુભૂતિ, મદદ અને માર્ગદર્શન હેઠળ તેણે કાથાનાં દોરી-દોરડાંનો ધંધો શરૂ કર્યો. સારી મહેનત અને સારા નસીબે આ ધંધામાં ધીમેધીમે ફાવટ આવતી ગઈ. નફો

થવા લાગ્યો. આ અરસામાં તેણે લીલાધર વીરજી નામના એક ગરીબ, ગુજરાતી ગૃહસ્થની દીકરી સુંદરીબાઈ સાથે લગ્ન કર્યાં અને ઘરસંસાર માંડ્યો, પણ તેનું લગ્ન જીવન ટૂંકું નીવડ્યું. સને ૧૮૫૨માં પત્ની સુંદરીબાઈનું અવસાન થયું. ગૃહસ્થી જીવન દરમ્યાન તેને કોઈ સંતાન થયું નહોતું. આસપાસના કેટલાક શુભેચ્છાકોએ ફરી લગ્ન કરવા ભલામણ અને આગ્રહ પણ કર્યા, છતાં યુવાન દેવજીએ ફરીથી લગ્ન ન જ કર્યાં.

આ દરમ્યાન સને ૧૮૫૦માં દેવજીએ સ્ટેશનરીની દુકાન શરૂ કરેલી. સાથેસાથે સોના-ચાંદીનો વેપાર પણ આરંભેલો. તેમાં એક જ ભાવ અને પ્રામાણિક વ્યવહારને લીધે ટૂંક સમયમાં તેનું નામ જાણીતું થઈ ગયું અને સમય જતા વિખ્યાત વેપારી તરીકે તેની નામના થઈ ગઈ.

**છાપખાનું**

સમાજસેવા માટે એ જમાનામાં પણ દેવજીની કલ્પના ઘણી ઊંચી હતી. તેના મનનું વલણ પણ તે પ્રત્યે હતું. તે સમયે કેરળમાં છાપખાનાં (પ્રિન્ટિંગ પ્રેસ) નહોતાં અને હિંદુઓનું એક પણ ધાર્મિક પુસ્તક મલયાલમ્ ભાષામાં છપાયેલું નહોતું. આથી તેણે છાપખાનું તથા પ્રકાશનગૃહ કાઢવાનો નિર્ણય કર્યો અને કોચીનમાં પહેલું લિથોગ્રાફિક (શિલાછાપનું) છાપખાનું કાઢ્યું. તેનું નામ તેણે 'દ કેરળ મિશ્રોમ પ્રેસ' રાખ્યું. તે શરૂ કરી ત્યાંથી સાહિત્યના બીજા ગ્રંથો ઉપરાંત અગત્યનાં ધાર્મિક પુસ્તકો બહાર પાડ્યાં, જે મલયાલમ્ ભાષમાં હતાં. જો કે, આ નવું સાહસ હતું અને તેને હૂંફ આપવાની કોચીન-ત્રાવણકોરના દેશી રાજ્યની ફરજ હતી. છતાં ત્યાંનાં રજવાડાંના અમલદારોએ વિપરીત, જોહુકમીવાળું વલણ અપનાવ્યું.

સને ૧૮૬૪ માં કચ્છી ભાટિયા દેવજી ભીમજી ખેતસી ઠક્કરે કેરળમાં કોચીનમાં કુરી સુપાન્દીગાસલાઈ - મટ્ટાનચેરી નામથી ઓળખાતા કોચીનના મોહલ્લામાં આરંભમાં મલયાલમ્ ભાષાનું, પછીથી મરાઠી અને અંગ્રેજી ભાષાનું મુદ્રણાલય, પ્રિન્ટિંગ પ્રેસ નાખ્યું. તે કચ્છીએ નાંખ્યું હોવાને કારણે, તવારીખી નજરે કચ્છ પત્રકારત્વનું પણ શિલારોપણ હતું.

કોચીન રિયાસતના વહીવટી અમલદારો તરફથી કોચીન રાજ્યનો દેવજીને હુકમ મળ્યો કે તેના છાપખાનામાં જે કાંઈ છપાય તેની એક આગોતરી નકલ (ઍડ્વાન્સ કોપી) તેણે રાજઅધિકારીને બતાવવા માટે મોકલવી અને જે કાંઈ છપાય તે રાજઅમલદારની મંજૂરી મેળવ્યા પછી જ છપાશે તેવી લેખિત બાંયધરી (ગેરેન્ટી) આપવી. આ દમનકારી, જોરતલબી હુકમે દેવજીને હતાશ પણ કર્યા અને આક્રોષિત પણ કર્યા, પણ દેવજીએ ધૈર્ય જાળવ્યું. તેણે રાજ્યને અરજી કરી કે કોઈ પણ પ્રકારની દખલ વિના તેને છાપખાનું ચલાવવા દેવામાં આવે,

પણ સત્તાગર્વીલા અમલદારો કે રાજ્ય પોતાના હુકમમાંથી કાંઈ ટસના મસ થવા તૈયાર નહોતા. રાજ્યે માગેલી લેખિત ગૅરંટી માટેના હુકમ ન પાળવા માટે, હુકમનો અનાદર કરવા માટે દેવજી ભીમજીના છાપખાનાને તથા તેનાં બીજાં ખાતાંને રાજ્યનાં તાળાં લગાડી દઈ સીલ કરી દેવાનો હુકમ કોચીનના તહેસીલદારને કરવામાં આવ્યો, તેનો કોઈ વિલંબ વગર અમલ કરાયો.

**પ્રેસ-નિયંત્રણો**

ધૈર્યવાન, નિર્ભીક અને સ્વાતંત્ર્યવાંછુ દેવજી ભીમજીએ મુદ્રણ-નિયંત્રણ, સેન્સરશિપમાંથી પોતાને મુક્તિ આપવા એક પછી એક વધુ અરજીઓ કરી. વરિષ્ઠ અમલદારોને પણ સમજાવવાના પ્રયાસ કર્યા પણ રાજાશાહીની અમલદારશાહી પોતાની આપખુદીવાળી જીદને ચોંટેલી જ રહી. દેવજીએ વિકટ પરિસ્થિતિની કડવી વાસ્તવિકતા અને નીપજી શકનારાં નુકસાનકારક પરિણામોનું શાંતચિત્તે વિશ્લેષણ કરી યુક્તિપૂર્વક આ ચકરાવામાંથી કેમ બહાર નીકળવું તેના ઈલાજનો અંદાજો કાઢી લીધો. તેણે નક્કી કર્યું કે એક વધુ અરજી કોચીન રિયાસતના દીવાનને કરી જોવી. જો અમલદારોની રજૂઆતોને કારણે દીવાન પણ ન્યાયી વલણ ન બતાવે તો છાપખાનાં પરનાં તાળાં અને સીલ જો કાઢી ન નખાય તો અમલદારી જીદ છોડાવવા તેમને જોઈતી બાંયધરીનો યુક્તિપૂર્વક સ્વીકાર કરવો અને પોતાના સંઘર્ષને આગળ ધપાવવો. આમ કરીને તેમણે એક તરફથી છાપખાના અને બીજાં ધંધાધારી ખાતાં ઉપરના તાળાં અને સીલ ખોલાવી નાંખ્યાં અને પ્રેસ-નિયમન સામેની લડત તે વખતના ત્રાવણકોર -કોચીનના દેશી રાજ્ય પરના સર્વસત્તાધિશ બ્રિટીશ રેસિડેન્ટ સર હેન્રી નેવિસ સમક્ષ પોતાના પૂરા કેસની કડીબદ્ધ રજૂઆત કરી.

દેવજી ભીમજી કેરળના સૌથી પહેલા મુદ્રક અને પ્રકાશક અને પ્રિન્ટિંગ પ્રેસ-માલિકની બ્રિટિશ રેસિડેન્ટ સમક્ષની રજૂઆત સફળતાને વરી. સર હેન્રી નેવિલે કોચીનના રાજાને અને રાજાએ દીવાનને હુકમ કર્યો કે દેવજી ભીમજી પ્રેસમાલિક, મુદ્રક અને પ્રકાશક પર લાદવામાં આવેલી શરતો ફોક કરવામાં આવે; સીલ અને તાળાબંધી કાયમ માટે હટાવી દેવામાં આવે અને કોઈ પણ પ્રકારની સેન્સરશિપ રાખવામાં ન આવે. ડિસેંબર, ૧૮૬૫ના આ હુકમોની તામિલ થઈ. રાજ્યના સત્તાવાળાઓની હાર થઈ. કચ્છી-ગુજરાતી દેવજી ભીમજી ખેતસી ભાટિયાની પ્રેસ સ્વાતંત્ર્ય માટેની લડતમાં વિજયનો વિક્રમ નોંધાયો. આ વિજય રાજસત્તા સામે કોઈ એક વ્યક્તિનો નહોતો. પ્રેસફ્રીડમ, અખબારી સ્વાતંત્ર્યના ઉચ્ચ આદર્શનો શાનદાર વિજય હતો.

આ મોંઘી સફળતા, જે ભારતનાં દેશી રાજ્યોના પત્રકારત્વમાં અને ગુજરાતી

ભાષિકોના પત્રકારત્વની તવારીખમાં એક અમોલ સિમાચિહ્ન બની રહેવાનું હતું. તેના ઐતિહાસિક મહત્ત્વની જાણ એક સીધા-સાદા સદ્‌ગૃહસ્થ વેપારી તરીકે તો ખુદ દેવજી ભીમજીને પણ શાયદ ન હોય, પણ તેનું સ્વમાન, સ્વાભિમાન અને સાહસિકતા તો જરૂર જ વધુ સદૃઢ બનેલાં. ત્રાવણકોર-કોચીન જેવાં સમૃદ્ધ દેશી રાજ્યની અમલદારી જોહુકમીનો સફળ સામનો કરી શકવાથી તેની પોતાનામાંની આત્મશ્રદ્ધા અને કશુંક સાવ નવું કરીને સમાજને ઉપયોગી થવાની તેની ભાવનાને નવું વધુ જોમ પ્રાપ્ત થયું હતું. પ્રારંભના અવરોધોને પહોંચી વળાયા પછી દેવજી ભીમજીએ પોતાના પ્રિન્ટિંગ પ્રેસમાં ઘણા નવા સુધારા-વધારા કર્યા. તેમાં પણ તેણે સારું નવું મૂડી રોકાણ કરી તે જમાના પ્રમાણે નવીનીકરણ અને આધુનિકીકરણ કર્યું.

**સંઘર્ષ સફળતા**

મુદ્રણાલયના સ્વાતંત્ર્ય સંઘર્ષમાંની તેની સફળતા અને પહેલા વિજયથી ઉત્તેજિત થઈને તેણે હવે અંગ્રેજીમાં વર્તમાનપત્ર કાઢવાનો ઈરાદો કર્યો ને કોચીનના ત્રણ ખ્રિસ્તી ગૃહસ્થોના સહકાર તથા ભાગીદારીમાં એક જૂનું કોલંબિયન છાપખાનું તથા તેનાં સાધનો ખરીદી લઈ કોચીનમાંથી, પહેલું અંગ્રેજી વર્તમાનપત્ર 'ધ વેસ્ટર્ન સ્ટાર' શરૂ કર્યું. સર ચેરીઝ લોસન (પાછળથી મદ્રાસનાં 'ધ મેઈલ'નો સ્થાપક તંત્ર) તેનો પહેલો તંત્રી હતો એમ 'ફૂટપ્રિન્ટસ ઈન ધ સેન્ડ્ઝ ઑફ ટાઈમ' શીર્ષકવાળી અંગ્રેજી પુસ્તિકા જે દેવજી ભીમજી પ્રેસ સેન્ટેનરી સેલિબ્રેશન કમિટી, મટ્ટાનચેરી, કોચીન -૨ દ્વારા પ્રકાશિત કરાઈ છે અને દે ઝ કૈરાલી પ્રેસ, એર્નાકુલમ ખાતે મુદ્રિત થયેલી છે તેમાં અને શ્રી છોટાલાલ માનસિંગ કામદાર દ્વારા લખાયેલ 'માધુકરી' વિભાગ હેઠળ ગુજરાતના સુપ્રસિદ્ધ માસિક 'કુમાર'ના મે, ૧૯૭૧ના અંકના પૃષ્ઠ ૧૯૧-૧૯૨ પર છપાયલો છે, તેમાં પણ આ અને બીજી વિગતોનો સમાવેશ કરાયેલો છે.

થોડા સમય પછી આ ભાગીદારીમાંથી છૂટા થઈ દેવજીએ પોતાના છાપખાનાની વધુ સુધારણા તરફ વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું. આધુનિક સાધનો ખરીદ કરીને ૧૮૬૭માં પોતાના 'કેરળ મિશ્રોમ પ્રેસ'નો વિસ્તાર કર્યો, જેથી તેનો પ્રકાશન વિભાગ સમૃદ્ધ થયો.

ઈ.સ. ૧૮૮૧ના જાન્યુઆરીમાં દેવજી ભીમજીએ કોચીનથી સૌપ્રથમ મલયાલમ્ અઠવાડિક પત્ર 'કેરળ મિશ્રોમ' શરૂ કર્યું, જે દર શનિવારે પ્રગટ થતું હતું. તેના પહેલા તંત્રી કદાથિલ વરગીઝ પિલ્લે હતા. (જેણે પાછળનાં વર્ષો દરમ્યાન પોતાનું વર્તમાનપત્ર 'મલયાલમ મનોરમા' શરૂ કરેલું; જે હજુ પણ ભારે સફળતાપૂર્વક ચાલે છે; દરરોજની સાતેક

લાખ નકલો વેચાય છે; એ જ જૂથનું અંગ્રેજી સાપ્તાહિક 'ધ વીક'-'The Week' પણ બહોળો ફેલાવો ધરાવે છે). થોડા સમય પછી કેરળ મિથ્રોમ અઠવાડિયાને બદલે મહિને ત્રણ વાર પ્રગટ થવા લાગ્યું અને દેવજીના અવસાન (સને ૧૮૯૫) પછી પણ વર્ષો સુધી તે પ્રકાશિત થતું રહ્યું હતું. 'કેરળ મિથ્રોમ' (એટલે કે 'કેરળ મિત્ર')નો ફેલાવો આખા કેરળમાં હતો ને તેનો ખૂબ પ્રભાવ પડતો. આ પ્રેસના સાહસમાં દેવજીને સારા પ્રમાણમાં અવરોધો પાર કરવા પડેલા અને સારા પ્રમાણમાં સફળતાઓ પણ સાંપડેલી. દેવજી ભીમજીનું પ્રિન્ટિંગ પ્રેસ તેના સુઘડ મુદ્રણ માટે ઊંચી પ્રતિષ્ઠા ધરાવતું હોવાને કારણે એ દાયકાઓ દરમ્યાન કેરળમાં પ્રકાશિત થયેલાં અનેક મલયાલમ્ અને અંગ્રજી ભાષાના પુસ્તકો, પુસ્તિકાઓ, રિપોર્ટો ઉપર, 'પ્રિન્ટેડ ઍન્ડ પબ્લિશ્ડ બાય દેવજી ભીમજી એટ ધ કેરાલા મિથ્રોમ પ્રેસ, કોચીન' એવી પ્રિન્ટલાઈન મોટા ભાગે રહેતી. એમનું મલયાલમ્ સામયિક સારા પ્રમાણમાં લોકપ્રિય અને વાચકપ્રિય રહેલું. એમના સામયિકની કટારો દ્વારા પણ એમણે ઘણું જનહિત સાધ્યું હતું. તેમના સમતુલિત, નિર્ભીક અને સ્વતંત્ર વલણને અંગે ઘણી ખ્યાતનામ વ્યક્તિઓએ એમની અને એમના સામયિકની જુદેજુદે પ્રસંગોએ પ્રશંસા કરેલી. તેમનાં સાહસ, ધૈર્ય, ધ્યેય-આદર્શનિષ્ઠા, આત્મશ્રદ્ધા, સ્મિત અને કોઠાસૂઝને બીરદાવેલા.

મૂળ ૧૮૬૫માં સ્થાપેલા પ્રેસની નામના, સમૃદ્ધિ અને ધંધો વધતાં સને ૧૮૮૬માં 'કેરળ મિથ્રોમ મુદ્રણાલય (પ્રેસ)'ની એક શાખા કોચીનના મટ્ટાનચેરી વિસ્તારમાં ખોલવામાં આવેલી. ત્યાં મલયાલમ્ ઉપરાંત અંગ્રેજી, સંસ્કૃત, મરાઠી અને હિન્દી છાપકામ પણ કરાતાં 'અમરકોશ' 'કાદંબરી' ને 'પદ્મસંહિતા' જેવાં ઘણાં પુસ્તકો દેવનાગરી લિપિમાં આ મુદ્રાણાલયમાંથી પ્રકાશિત થયેલાં.

પત્રકાર, મુદ્રક, પ્રકાશક દેવજી ભીમજીએ પોતાના પ્રેસમાંથી 'કેરળ કોકિલ' નામનું મરાઠી સામયિક પણ શરૂ કરેલું. તેના તંત્રી-સંપાદક મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ ભાષાવિદ્ કૃષ્ણાજી આથલે હતા અને તેનો ફેલાવો હિન્દભરમાં ફેલાયેલા મરાઠી ભાષીઓમાં હતો. સ્વ. મહાદેવ ગોવિંદ રાનડેએ મરાઠી ભાષાનાં શરૂઆતનાં સામયિકો અને વર્તમાનપત્રો વિષેના સને ૧૮૯૮માં લખેલા લેખમાં પણ આ 'કેરળ કોકિલ' મરાઠી સામયિકનો નિર્દેશ કર્યો હતો. સને ૧૮૯૦માં દેવજીએ આ 'કેરળ કોકિલ' મરાઠી સામયિક જનાર્દન મહાદેવ ગુર્જરને વેચેલું અને ગુર્જરે તે સામયિકને કોચીનથી ખસેડી, મુંબઈથી પ્રકટ કરવા માંડેલું, જ્યાંથી ઘણાં વર્ષો સુધી તે ચાલુ રહેલું.

ક્રમશઃ

મો.: ૯૯૩૦૬૬૦૨૪૨

*।। વિશ્વ વિનાશ બાર હજાર વર્ષ પહેલાં થયો હતો. હવે પણ થઈ શકે ।।*

# પ્રાચીન મહાપ્રલયો (એન્સિયન્ટ એપોક્લિપ્સ)

✻ દલપતરામ દાણીધારિયા ✻

આ નામની ગ્રેહામ હેન્કોક નામના પત્રકાર સંશોધકની બનાવેલ વિડીઓક્લીપ નેટફ્લિક્સ પર ૨૦૨૨માં મુકાયેલા આઠ એપિસોડની વિડિઓ ક્લીપ હમણાં જોવા મળી, જે વિશ્વનાં અમુક પ્રાચીન સ્મારકોની વિડિઓગ્રાફી કરીને સ્થાનિક સંશોધકોને મળીને પૂછીને બનાવેલી છે. જેમાં એણે પોતાનાં સ્પષ્ટ મંતવ્યો, તારણો આપ્યાં છે. જેનાથી અગાઉ થયેલી શોધો અને આર્કિયોલૉજિકલ સર્વેક્ષણનાં તારણો પર ફરીથી વિચાર કરવો પડે તેમ છે.

લિંક: https://www.netflix.com/in/title/81211003?s=a&trkid=13747225&t=wha&vlang=en&clip=81635092

જગતમાં કોઈ અમરપટો લઈને નથી આવ્યું એ જાણવા છતાં મોત કે વિનાશની વાત આપણને ગમતી નથી. અગાઉ બાર હજાર આઠસો વર્ષ પહેલાં અને એ પહેલાં સાડા છ કરોડ વર્ષ પહેલાં આખું વિશ્વ નાશ પામ્યું હતું અને બચી ગયેલા જીવોથી ફરીથી પુનઃનિર્માણ થયું છે. આ બધું જાણવા છતાં પણ આપણે દરકાર કરતા નથી, કારણકે આપણને વર્તમાનની જ ચિંતા છે, ભવિષ્યની નથી. વ્યક્તિગત જીવનનું આ સત્ય છે તો સામૂહિક જીવનની કે વિશ્વની ચિંતા કરવાની વાત જ ક્યાં હોય? તો ભલે મોજથી જીવી લઈએ, પણ જાણી લઈએ કે ભૂતકાળમાં આવું બન્યું હતું અને ભવિષ્યમાં બનવાનું છે. આ વાત નક્કી છે.

અગાઉ આ સંહાર ભોગવી ચૂકેલા જગતના અજ્ઞાત ડાહ્યા માણસો લખી ગયા છે, ચીતરી ગયા છે, ખોદીને-દાટીને મૂકી ગયા છે, જે આપણે મિટાવી દીધું છે અને હજુ પણ રોજબરોજ ખતમ કરતા જઈએ છીએ. તોય ફક્ત જાણી લઈએ, કે હમ કહા જા રહે હૈ?

ડહાપણ શબ્દને મૂળ સત્ત્વ, તત્ત્વ ગણવું જોઈએ. પશુમાંથી માણસ બનવાની શરૂઆત થઈ ત્યારથી, જ્યારે કુદરતે વિકસિત બુદ્ધિમાં ડહાપણનો પ્રાદુર્ભાવ કર્યો હશે. એ પણ એમ ને એમ નહીં થયો હોય. જિજીવિષા, સંઘર્ષ, વિનાશ, જીવસટોસટની સ્થિતિ, પરિસ્થિતિઓમાંથી તૂટેલાં, બચેલાં, ટકી ગયેલાં માનવ અસ્તિત્વોમાંથી, કોઈકના ચિત્ત, બુદ્ધિ, અહંકારમાં ડહાપણની શરૂઆત થઈ હશે. હવાની આ વાતોને વાસ્તવિકતાની જમીન ઉપર અને વર્તમાનમાં સમજવાની કોશિશ કરીએ.

૨૦૧૧ની સાલમાં ગ્રેહામ હેન્કોક નામના એક સંશોધક - પત્રકારને એમ થયું કે આખા વિશ્વમાં અનેક સંસ્કૃતિની પ્રાચીન કથાઓમાં મહાપ્રલયની, જળપ્રલયની પૌરાણિક દંતકથાઓ છે. મૂળ વાતને જુદીજુદી રીતે રજૂ કરેલ છે. આમ થવાનું કારણ શું ? એ શોધવા-સમજવા એણે જે પ્રયત્ન કર્યો તે આખી દુનિયાનો દર્શાવવા આઠ એપિસોડમાં ''એન્સિયન્ટ એપોલિકસ'' નામની શ્રૃખંલા તેણે નેટફ્લિક્સ પર મૂકી છે.

ઘર કરી ગયેલી માન્યતાઓ અને કોઈક રીતે જાણ્યું હોય, સમજ્યા હોઈએ, વારંવાર અનેક જગ્યાએથી એકની એક વાત મનમાં બેઠી હોય તે જલદીથી છૂટી શકતી નથી. આ તો બધી વાર્તાઓ છે, પરીકથાઓ છે. વૈજ્ઞાનિક આધારભૂત સત્ય હકીકત નથી. જે છે તે ખબર છે. આવી સમજને પડકારે, ભાંગીને ભુક્કો કરી નાખે એવી રીતે આ વાત આ એપિસોડમાં રજૂ થઈ છે. તે જાણવા-સમજવા જેવી છે.

૧૨૮૦૦ વર્ષ પહેલાં આખી પૃથ્વી ઉપર આકાશમાંથી ઉલ્કાઓની અગ્નિવર્ષા થઈ હતી. પ્રચંડ અગ્નિની જ્વાળાઓથી અતિશય ગરમીમાં બધું બળીને ભસ્મ થઈ ગયું હતું. ધુમાડાના, ધૂળના ગોટેગોટા ઊડ્યા હતા. એટલી બધી ગરમી વધી ગઈ હતી કે ઉત્તર ધ્રુવનો બરફ ઓગળીને મહાજળપ્રલયરૂપે દુનિયાના મોટા ભાગ ઉપર ફરી વળ્યો હતો. સમુદ્રની સપાટીમાં અનેક ગણો વધારો થઈ ગયો હતો. મોટા ભાગની સજીવ સૃષ્ટિનો વિનાશ થયો હતો. પૃથ્વીની સપાટી ઉપર અનેક જાતના ફેરફારો થઈ ગયા હતા. ગરમી પછી શીત લહેરનું મોજું ફેલાઈ ગયું હતું. આ બધું એકાદ સૈકા સુધી ચાલ્યું હતું. પછી ધીરેધીરે બધું શાંત થયું હતું.

કુદરતની કમાલને હજુ માનવમન પૂરેપૂરો સમજી શક્યું નથી. એ વખતે પણ આટલાં મહાવિનાશક પરિબળોમાંથી કેટલાક માનવો, જીવસૃષ્ટિ, કોઈ પણ રીતે, કોઈ પણ કારણસર બચી જવા પામ્યાં હતાં. તેમાંથી માનવ વસાહતો ફરીથી વિકસિત થઈ હતી. આ હકીકત અનેક દેશની અનેક પૌરાણિક કથાઓમાં દંતકથાઓમાં જુદાજુદા સ્વરૂપે સચવાઈ છે. તે માત્ર દંતકથાઓ નથી. તેની ઘટનાઓ પછી બચેલા અવશેષો, ભૂતળની રચનાઓ, બચી ગયેલા માનવો દ્વારા અંકિત થયેલા, પથ્થરોની છાતી પર કોતરાયેલાં ચિહ્નો, મહાકાય બાંધકામો, ભૂગર્ભમાં દટાયેલા અને દરિયાને તળિયે સચવાયેલા અવશેષો પરથી આ હકીકત જાણી શકાય છે. એ માટે નેટફ્લિક્સ પર ગ્રેહામ હેન્કોકના આઠ એપિસોડ જોવા પડે.

ઇતિહાસ એટલે શું ? એ સમજવાની કોશિશમાં કેટલાંક તારણો નીકળ્યાં છે. તેને હું એક અભ્યાસુ તરીકે આ રીતે વ્યક્ત કરું છું. સીધો-સાદો અર્થ છે, ''એક વખત આમ

હતું'' એટલે ઈતિહાસ. ઈતિહાસની વ્યાખ્યા, અર્થઘટન અગાઉ કહેનારા ઘણા કહી ગયા છે. લખી ગયા છે. ઘણું નથી લખાયું કે કહેવાયું. જે કહેવાયું કે લખાયું છે તે મોટા ભાગની વાર્તાઓ, પરીકથાઓ, દંતકથાઓ છે. કેટલાંક પુરાવાઓ આધારો શોધી, વધુ સ્પષ્ટતાથી જાણવાની, સમજવાની, સમજાવવાની કોશિશ થઈ છે, પણ આધારોનો આધાર શું છે? જે લખાયું, કહેવાયું એ જ ઇતિહાસ છે ? ઘણીબધી વ્યાખ્યાઓ છે. આવા બધા પ્રશ્નો પૂછીને, જવાબો મેળવીને, મેં મારી વ્યાખ્યા બનાવી તે આ પ્રમાણે છે. ''ઇતિહાસ એ આંધળાઓનો હાથી છે. બધા જે કહે છે તે બધું મળીને પણ જે બને છે તે ઇતિહાસ નથી. એ પૂતળું કે આભાસ હોઈ શકે. એ જેનું પૂતળું છે, એ ઇતિહાસ છે.''

ઇતિહાસ શબ્દને સમજીએ તો 'એક વખત આમ હતું' એ સમયની પરતોમાં સમજવું પડે. ગઈકાલથી સૈકાઓ પહેલાં સુધીનું બધું, જે સ્વરૂપે પણ હોય તે અત્યારે ઇતિહાસ તરીકે ઓળખાય છે. સૈકાઓ પહેલાંથી હજારો વર્ષો સુધીનું જે હતું, તેને વૈદિક કે પૌરાણિક સાહિત્ય તરીકે ઓળખીએ છીએ. હજારો વર્ષ પહેલાંથી અને લાખો વર્ષ પહેલાંના સમયગાળામાં જે બન્યું હતું તે પુરાતત્ત્વ કે આર્કિયોલૉજિ તરીકે ઓળખાય છે અને કરોડો વર્ષ પહેલાં જે બન્યું હતું તેને જિયોલૉજિ કે ભૂસ્તરશાસ્ત્ર કહેવાય છે. એ પહેલાંનું જે કાંઈ બન્યું હતું તેને ખગોળશાસ્ત્રની વ્યાખ્યામાંથી શોધવું પડે.

ગ્રેહામ હેન્કોકની ''એન્સિયન્ટ એપોક્લિપ્સ'' નામની વિડિઓ ક્લીપ્સમાં તેણે દર્શાવ્યું છે કે બાર હજાર આઠસો વર્ષ પહેલાં મહાપ્રલય થયો હતો અને આકાશમાંથી ઉલ્કાપાત થયો હતો. પૃથ્વીના મોટા ભાગના વિસ્તારમાં અતિગરમી વધી જવાથી ઉત્તર ધ્રુવનો બરફ પીગળવાથી મહાપૂર અને અતિવૃષ્ટિથી મહાપ્રલય સર્જાયો હતો અને મોટા ભાગની જીવસૃષ્ટિનો નાશ થયો હતો, પણ કેટલાક લોકો બચી જવા પામ્યા હતા અને એમણે સ્થળાંતર કર્યું હતું અને આ ઘટનાની વિગતો પછીથી જે વસાહતો બની તેમાં પથ્થરોની ગોઠવણમાં અને કોતરણીમાં સાચવી રાખવામાં આવી છે. લખી રાખી છે. જે તે વિસ્તારની ધરતીમાં એ ઘટના વખતે થયેલા ફેરફારોની નિશાનીઓ હજુ પણ જોઈ શકાય છે. એ વિસ્તારની અને વિશ્વની અનેક પ્રાચીન દંતકથાઓ, પૌરાણિક કથા, વાર્તાઓમાં એ પરીકથા રૂપે સચવાયેલ છે. તેમાં હવે પછી આવી ઘટનાઓ બની શકે તેવા સંકેતો પણ દર્શાવાયા છે.

પૃથ્વી ઉપર કરોડ વર્ષ પહેલાં એકથી વધુ વખત જળપ્રલયો, ઉલ્કાપાત થયેલા, જેમાં બધું જ નાશ પામ્યું હતું. માત્ર અમુક જીવસૃષ્ટિ, માનવઅંશો બચી જવા પામ્યાં હતાં. વિશ્વના


અને દેશોની પ્રાચીન દંતકથાઓ, પૌરાણિક કથાઓમાં આવી વાર્તાઓ મળે છે. હિન્દુ પૌરાણિક ગાથામાં પણ માનવજાતના આદિપુરુષ મનુની આવી વાર્તા છે.


દક્ષિણ અમેરિકાના એક છેડાથી બીજા છેડા સુધી, કેલિફોર્નિયા મિશીગન, અને મેક્સિકોના અંત ભાગે શુષ્કરણ વિસ્તારમાં મેરી સ્પ્રિંગ નામની એક જગ્યાએ લાંબી પટ્ટીમાં કાળી માટીનું એક પડ જોવા મળે છે. એનન્સ રિસર્ચ ટીમે કરેલી શોધમાં એ માટીની પટ્ટીમાં મેમલ્સ નામના હાથીઓના, પૂર્વે થઈ ગયેલા ઘોડા, ઊંટ અને ઝરખના, સાઈબર ટિથ નામના વાઘની પ્રજાતિના અને કાચ જેવા ટુકાડાઓ મળ્યા છે. તે માટીનું કાર્બન ડેટિંગ કરતા તે ૧૨,૮૦૦ વર્ષનો સમયગાળો બતાવે છે. ઉલ્કાની અતિગરમીના કારણે જમીનનો અમુક ભાગ ગરમ થઈ કાચ જેવો પદાર્થ બની ગયાનું અનુમાન છે.

નોર્થ ઈસ્ટ અમેરિકાના ચેનલડ સ્કેબલેન્ડ નામનો બે હજાર ચોરસ કિલોમીટરનો એક અલગ ભૂગોળ હોય તેવો વિસ્તાર છે. ત્યા એક જગ્યાએ પચાસ માઈલ લાંબો અને ત્રણ માઈલ પહોળો સુકાઈ ગયેલ વિશાળ ધોધ વહ્યો હોય તેવો નજારો છે. ગ્રાન્ડ કેલી નામે પૂર (ફ્લડ) આ જગ્યાએથી છેલ્લા આઈસરડેનમાં લેનોર લેઈક સુધી આ પાણી અકલ્પનીય જથ્થામાં ટૂંકા સમયમાં ઝડપથી વહી ગયાની નિશાનીઓ છે. મેઝોલા નોર્થ વેસ્ટમાં બરફની વિશાળ દીવાલ ઓગળીને હટી જવાથી આ ભયાનક પ્રચંડ પૂર આવ્યું હોવાનુ અનુમાન છે. આવુ બરફ તૂટવાનું અને પુર વહેવાનું હજારો વરસો સુધી બન્યું હશે એ વિસ્તારની ભૂગોળનો નકશો જોતા માલૂમ પડે છે.

કામાસ પ્રિયોરી નામની જગ્યાએ બાર હજાર ફૂટ ઊડી ખાઈના વિસ્તારમાં પાણીના લોઢ વહ્યા હોય તેમ જમીન ઉપર વળિયા સ્થિર થઈ ગયેલા દેખાય છે. જે દરેક અંદાજે પચાસ ફૂટ ઊંચા અને ત્રણસો ફૂટની લંબાઈવાળા છે.

ઈન્ડોનેશિયા દેશના જાવા-સુમાત્રાના ગુનાન્ગપાડાવાળા દરિયાઈ વિસ્તારમાં એક ટાપુ ઉપર પથ્થરના ઢગલાઓથી આખી ટેકરી ભરાયેલી પડી છે, અગ્નિકૃત ખડકોમાંથી વિશાળકાય થાંભલાઓ પાટો જેવા પથ્થરો દૂરથી લાવી કોઈ મહાકાય ઇમારત બનાવાઈ હોય અને પછી તૂટી પડી હોય તેઓ દેખાવ છે. તે ટેકરીના તળિયામાં આધુનિક અદ્યતન કૅમેરાઓથી સંશોધન કરતા ત્રણ સ્તરોની ઊંડાઈએ વિશાળ બાંધકામો મોટા ઓરડાઓ જેવાં પોલાણો. જુદાજુદા પ્રાચીનતમ સમયગાળામાં બનેલા દેખાયા. જમીનમાં નીચે ડ્રિલિંગથી નમૂના લઈને, તે તળિયાનું બાંધકામ, સામગ્રી કેટલી જૂની હશે તેની



## Gunung padag Indonesia

તપાસ કરવામાં આવી તો તે ૧૨,૮૦૦ વર્ષ પહેલાથી કરીને ૧૧,૦૦૦ વર્ષ સુધીનું છે તેમ ખબર પડી.

જેજીન્ટા માલ્ટા વિસ્તારની ટેકરીઓ ઉપર ગોળાકાર વિશાળ કિલ્લાના બુરજ જેવી ગોળાકાર આકૃતિઓનાં બાંધકામો અનેક જગ્યાએ, અનેક ટાપુઓ પર છે. જમીન ઉપર અને ક્યાંક જમીન નીચે છે. તે બધાના દરવાજા અથવા ખુલ્લો ભાગ એક દિશા તરફ છે. પણ એક જ દિશામાં તેની સીધી લીટીઓ, જુદા કોણ સાથે સૂર્યની, તારાઓની દિશાઓ સાથે અનુસંધાન ધરાવે છે. હજારો વર્ષ પહેલાં કોણે અને શા માટે આવાં બાંધકામો કર્યાં હતાં ?





Ggantija Malta



Tlaloc-Aztec god-Mexico



Tlaloc-Aztec god-Raingod

મેક્સિકો દક્ષિણ અમેરિકાના ઝોચિલકાલ્કો સંસ્કૃતિના અવશેષો, પિરામિડો અને લોકકથાઓ, વાર્તાઓ, દંતકથાઓમાં છે તેવું ટાલોક એઝાઇક ગોડ વરસાદના દેવતાનું મહાકાય શિલ્પ છે. આજની તારીખમાં પણ એની પૂજા નૃત્યગીતો દ્વારા ગવાય છે. પિરામિડ જેવાં અનેક બાંધકામો આકાશી ગ્રહો તારલાઓ સૂર્યની સ્થિતિ દર્શાવતાં ત્યાં ઊભાં છે. એ બધી કથાઓનો સમયગાળો ૧૨,૮૦૦ વર્ષ પહેલાં થયેલ મહાપ્રલય પછીની પુનઃ વસાહતોનો નિર્દેશ કરે છે અને ભવિષ્ય માટે સંકેતરૂપે ચિહ્નો ધરાવે છે.

દક્ષિણ ગોળાર્ધ નજીક સમુદ્રના તળિયામાં ૮ થી ૧૦ ફૂટ નીચે એક વિશાળ રસ્તાનું બાંધકામ ડાઈવિંગથી અને વિડિયોગ્રાફીમાં જણાયું છે. તળિયામાં ૧૨ બાય ૧૬ ફૂટ કે ૧૨ બાય ૧૮ ફૂટના વિશાળ ચોસલા જેવા પથ્થરોની લાઈન છે. જાણે વિશાળ રસ્તો હોય. આ રસ્તો ૮ થી ૧૦ કિલોમીટર સુધી બીજા ટાપુને જોડે છે. સિસિલી અને માલ્ટા ટાપુઓની જમીનો નીચેથી જોડાયેલી હતી.

એક પ્રાચીનતમ નકશો (પેરીસ્પી) મળ્યો છે. તે જૂનામાં જૂનો છે. ૧૪-૧૫મી સદીમાં તે બન્યો છે, પણ તે પહેલાં બનેલા વર્ષો જૂના ૧૧-૧૨ નકશાઓની સારરૂપ હકીકતો તેમાં સામેલ કરવામાં આવી છે એમ એક ખૂણામાં નોંધ કરેલી છે. તેમાં સાઉથ અમેરિકાનો ફ્લોરિડાવાળા ભાગ સાથે દક્ષિણ ધ્રુવ સાથે જોડાયેલો હતો તે ખૂણો દર્શાવે છે. એ જગ્યાએ આ પથ્થરોની દીવાલવાળો રસ્તો બહામાસ બીમની રોડ સમુદ્રના તળિયામાં આજે પણ દેખાય છે.

સૌથી મહત્ત્વનું એક ટેકરી ઉપર મળેલું પ્રાચીન સ્થાન ગોબેક્લી ટેઈપ છે જેમાં ઘણા બધા ઊભા મહાકાય ચપટા પથ્થરોને કોતરીને પિલરોને ટેકા દઈને ખાસ હેતુપૂર્વક ઊભા કરવામાં આવેલા છે. તેમાં ૪૩માં પીલર ઉપર જે આકૃતિઓ ઉપસાવવામાં આવી છે તેમાં વીંછી અને ઊડતા ગીધ પક્ષીની આકૃતિ અને નીચે મહાકાય સર્પની મોઢું ફાડેલી આકૃતિઓ છે. આકાશી તારાઓની રચના જોવા મળતી તેવી જ આકૃતિઓ અહીંયા પથ્થર પર ઉપરના ભાગમાં કોતરેલી છે. વર્ષો પહેલાં જેવી સ્થિતિ હતી આકાશની તે દર્શાવેલ છે. આખી ટેકરી નીચે આવી અનેક ગોળાકાર સ્થાનકોવાળી જગ્યાઓ હજુ દટાયેલી પડી છે. આમાં પણ સ્પષ્ટ સંકેતથી એમ કહેવાયું છે કે ફરીથી આવો મહાપ્રલય થવાનો છે. આકાશી ગતિવિધી સાથે પૃથ્વી પરના જીવોનું તાદાત્મ્ય કેટલું પ્રાચીન છે, તે જ્યારે ઊંડા ઊતરીએ ત્યારે જ સમજાય

છે. મહાભારત અને રામાયણનો સમયગાળો નક્કી કરવા અને ખગોળશાસ્ત્રના આવા જ સચોટ જ્ઞાનને સૂત્રાત્મકરૂપે લખાયેલા પ્રાચીન ગ્રંથોમાં સૂર્યસંહિતા પુસ્તકમાં લખાયેલા શ્લોકો છે. પૃથ્વી પરનો ધ્રુવ તારક ૨૨000 વર્ષે બદલાય છે તેમ ઉલ્લેખ છે. તેના આધારે ગ્રહોની સ્થિતિ આદિ ગ્રંથોમાં પણ નોંધાયેલ છે.

યુરોપનાં કેટલાંક શહેરો નીચે પ્રાપ્ત પ્રાચીન ગુફાઓનું નેટવર્ક છે. ડેરીન્કુયુ ટર્કીમાં એક સૂકા વિસ્તારના મેદાન જેવા વિસ્તાર નીચે ગુફાઓનું આખું શહેર વસેલું હતું તે હજુ ત્રણ માળરૂપે જોવાલાયક સ્થળરૂપે હયાત છે. મહાપ્રલય પછી શીતલહર વખતે અહીં લાખો લોકોએ આશરો લીધો હતો.

નોર્થ અમેરિકામાં લુઝિયાના નામની જગ્યાએ પાવરટી પૉઈન્ટ, જેક્સન માઉન્ડ નામની માનવસર્જિત માટીની ટેકરીઓવાળી બે જગ્યાઓ છે. જેમાં એક જગ્યાએ એપી થિયેટર જેવી ઊંચી ટેકરી. તેના ઉપર જવા સીધો લાંબો ઢોળાવ છે તે પછી ખુલ્લું આકાશ. ચારે દિશાઓમાં મેદાન છે. આસપાસ બીજી નાની આઠ કે નવ ટેકરીઓની સભા ભરાઈ હોય તેવું દૃશ્ય છે. તે બધા સૂર્યની સ્થિતિ, લાંબામાં લાંબો દિવસ, ટૂંકામાં ટૂંકો દિવસ અને ઊગવા-આથમવાના અને ક્ષિતિજ પર અઢી ડિગ્રી જમણે-ડાબે સૂર્ય ખસે છે તે આજની વર્તમાન સ્થિતિમાં પણ દર્શાવે છે.

સર્પન્ટ માઉન્ડ માટીથી બનાવેલ બેથી ત્રણ કિલોમીટર લાંબી, માનવસર્જિત ટેકરી છે. જેનું ખુલ્લું મોઢું છે. તેના બે છેડાની સિદ્ધમાં સૂર્ય કેટલો ડાબે કે જમણે થાય છે તે પોઝિશન દર્શાવે છે. ૧૨૮૦૦ વર્ષ આઇસેઈજના અંત પછી પુનઃનિર્માણની એક્ઝેટ શરૂઆત બતાવવા બનાવેલ છે.

આકાશી ઘટનાઓનું પ્રાચીનતમ જ્ઞાન વિશ્વ આખાને હજારો વર્ષ પહેલાં વસતા માનવો પાસે હતું તેની સાબિતીરૂપ આ બધી નિશાનીઓ છે.

મોઝુલા નામના સ્થળે મહાકાય પ્રલયની નિશાનીઓરૂપ જમીની સપાટી નીચે કાળા રંગનો લાંબો પટ્ટો, સ્તરનું એક સ્થળ એક જગ્યાએ છે. તેનું કાર્બન ડેટિંગ કરતા તે ૧૨૮૦૦ વર્ષ પહેલાંનો માલૂમ પડ્યો. તેની આસપાસથી મળેલા હિમયુગના મેમન્થ હાથી, ટાઈગર ટુથ વાઘ, અને ઝરખનાં હાડકાનાં અવશેષો મળ્યા છે.

મહાપ્રલયના પૂરથી ધોવાઇને વિશાળ વિસ્તારમાં મોટા ધોધ સ્વરૂપે અમાપ જથ્થામાં પાણી વહ્યાની નિશાનીઓ ૨૦૦ કિ.મી. જેટલા વિસ્તારમાં આજે પણ જોઈ શકાય છે. એ મહાપ્રલયની સજ્જડ નિશાનીઓ છે. આ બધું આઠ એપિસોડમાં બતાવ્યું છે. અત્યાર સુધી પુરાતત્ત્વ શોધ કરતા આ બધી સાબિતીઓ જૂની છે એટલે તેનો વિરોધ થઈ રહ્યો છે.

ક્રમશઃ

# તું જીત વગરનો થા, ને હાર વગરનો થા

## રચના : ગૌરાંગ ઠાકર

✻ રસાસ્વાદ : સંજય વિસનજી છેડા ✻

***તું જીત વગરનો થા, ને હાર વગરનો થા,***
***તું એમ કરી થોડો, સંસાર વગરનો થા.***

જીત કે હાર વિનાના થવું. કેવી નાનકડી વાત, કેવી નાનકડી શીખ, જે હાયવોયના માણસને તટસ્થ બનાવી શકે, સ્થિતપ્રજ્ઞ બનાવી શકે. હિમાલય ગાળ્યા વિના જે કોઈ સંસારીને સાધક બનાવી શકે. ***દર્દ ભી હમેં કબૂલ, ચૈન ભી હમે કબૂલ*** જેવી સાધકવૃત્તિ, સંસારમાં રહીને પણ ***સંસાર વગર***ના થવાની વાત.

***એકાંત મળે ખુદથી, અન્યોથી તો એકલતા,***
***ક્યારેક અહીં તું પણ, બે ચાર વગરનો થા.***

પોતાનાઓ, સંબંધીઓ, સગાં, વહાલાં, મિત્રો, સહકર્મચારીઓ, આડોશ-પાડોશ, સતત ઘેરાયેલા આ માનવને છતાં પણ એકલતા લાગે અને ત્યારે કવિશ્રી જણાવે કે ***બે ચાર વગરનો થા.***

***''સબ સે જો તુમ ખુશ હો, અપને આપ સે ક્યો નારાજ હો. લેકર અપના નામ કભી તુમ ખુદ કો આવાઝ દો''***.

આટલી કનેક્ટિવિટી, આટલા કનેક્શનના તાણાવાણા અને છતાં જો પોતાના નમ્બર પર ફોન લગાવો તો ***સદા વ્યસ્ત મળતો પોતાનો નંબર.*** જે માણસ ક્યારેય એકાંતમાં પોતાને ખુદને મળતો નથી, એની એકલતાનું કારણ કવિશ્રીએ બહુ સીધા અને સરળ શબ્દોમાં કહી દીધું.

***ઝાકળની અહીં પરવા, આ ફૂલ નથી કરતું,***
***તું દેહ ઉપરના આ, શણગાર વગરનો થા.***

ફૂલ પણ એને સુંદરતા આપનાર ઝાકળની પરવા નથી કરતું, તો આપણે શીદને આ બહારના દેખાડા, રૂપ, પોશાક, પહેરવેશ કે દર્શન પર અવલંબન રાખીએ. સમાજ, લજ્જા, મર્યાદા, બસ એ પૂરતો પોશાક બસ છે. એની ઉપરવટ જે કાંઈ છે, માત્ર માયા અને હુંપણાની ખાઈ. કવિ અંદરના શણગાર, મનના ***મનકચોર*** પર ધ્યાન આપી, બહારના શણગાર ફગાવાની શીખ આપી, ફરી એકવાર પોતાની ભીતર વળવા કહે છે.

***બારીમાં ઊભા રહીને, સૂરજનાં કિરણ બોલ્યાં,***
***અમને જ તું વાંચી લે, અખબાર વગરનો થા.***

***''જુઓ અહીંનુ છાપું. કહે નવું નહીં આપું.''*** એ જ સમજ અને સમાજની અધોગતિના, પોતપોતાના સ્વાર્થ અનુસાર એડિટ કરી પીરસેલા સમાચાર. સૂરજનાં કિરણો આવીને માણસને કહી જાય કે, દેશ-દેશાવરના સમાચારથી અપડેટ થવામાં, તારું માનવીપણું આઉટડેટેડ થતું જઈ રહ્યું છે. ક્યારેક તો બારીની બહારની ઝાકળનો સ્પર્શ, કિરણોને સાંભળ, સમીરને શ્વાસોમેં ભરી અંતરના ઊંડાણ સુધી લઈ જઈ, બે ઘડી માત્ર એટલું વિચાર, ***હું જીવી રહ્યો છું કે નહીં.***

***હળવા જ થવું હોય તો, રસ્તોય બતાવું લે,***
***આધાર કોઇનો થઇ, તું ભાર વગરનો થા.***

સ્ટ્રેસથી ભાગવા સ્ટ્રેસનો ક્ષણોક્ષણ શ્વાસમાં ભરી રહેલ આ બીઝી બીઝી માણસ માટે કવિવરનું હળવા થવા માટેનું હળવું સૂચન. ***સમાજનો પાછું આપો.*** આધાર કોઈનો થઈ જઈ ને ભાર વિનાના થાવ. કેવી અજુગતી લાગે એવી વાત, પણ કેટલી ખરી. કોઈનાં આંસુ લૂછીનો ગજવામાં રૂમાલ મૂકી દો, સ્વયંના આંસુ આંખમાં તરવરતાં હશે તોય ભુલાઈ જશે.

***સંદેહ નથી એમાં, આ યુદ્ધ શમી જાશે,***
***પ્હેલાં તો અહીંયાં તું, હથિયાર વગરનો થા.***

તીર, કામઠા, બરછી કે કટાર, બધું બેકાર છે માનવીની જીભ, એના ભાવ અને સ્વભાવ સામે શત્રુ સાથેના કે પોતાનાઓ સાથેનાં, દરેક યુદ્ધ સદાય માટે શમી જઈ શકે, શરત માત્ર એટલી કે માણસ હથિયાર વગરનો થાય. બહારના કોઈ શસ્ત્રની વાત જ નથી. બસ જીભ અને સ્વભાવ, માણસની અંદર જીવતા, આ હાડકા વિનાના હથિયાર એકવાર ફેંકી જુઓ. બહારના જ નહીં, ભીતરના પણ તમામ યુદ્ધમાં યુદ્ધાવિરામના શ્વેત ધ્વજ લહેરાઈ ઊઠશે.

***આ ફૂંક જીવાડે છે, ને ફૂંક બુઝાવે છે,***
***તું દેહના દીવા પર, અધિકાર વગરનો થા.***

કોઈ જ્યોત ઓલવવા જે ફૂંક હોય એ જ ફૂંક, ચુલ્લો પણ સળગાવે. એક ફૂંક જીવન આપે, એક ફૂંક જ્યોત ઓલવી શકે. બસ દેહના આ લિબાસને અલ્પવિરામ સમજી જીવી જવાની જરૂર છે. માટીનો દેહ ફરી માટીમાં મળે એ પહેલાં આ દેહની તિજોરીમાં સાચવેલ સત્કર્મોને માત્ર પોતાની સાથે લઈ જવાના છે અને બસ કવિવરની છેલ્લી અરજ એટલી જ કે, દેહના દીવા પર, અધિકાર વગરનો થા.

- રતાડિયા ગણેશવાલા
મો. : ૯૮૯૨૮૧૫૩૬૭

**જીંદગીમાં કોઈની કીધેલ વાત પર**
**નિરાશ ન થતા સાહેબ કેમ કે,**
**તમે સમયનું નામ તો સાંભળ્યું જ હશે**
**અને એ તો બધા નો જ આવે છે...!**

# ભગવાન બુદ્ધ પરિપથ

## ભાગ:૩- ગોરખપુરની ગોદમાં

જ્યોતિ જેવત મોતા

ગોરખપુર પહોંચવાને દસ જ કિ.મી. એટલે કે માંડ વીસેક મિનિટનો રસ્તો બાકી હતો. ત્યાં રોડ બે ને બદલે એક લાઈન થઈ ગયો. આગળ સડક ખોદેલ હોવાથી આવતાં જતાં વાહનો માટે એક જ રોડ પર બે લાઈન ચાલુ થઈ ગઈ. ટ્રાફિક વધી ગયો, સમયનો તાર તૂટી ગયો. જાણે સમયની ગતિ વધી ગઈ અને વાહનની ગતિ ઘટી ગઈ. જે લોકોને સાડા બારની ટ્રેન પકડવાની હતી તેઓ ઊંચા-નીચા થવા લાગ્યા. મને પણ એ જ ટ્રેન પકડવી હતી. અગિયાર વાગ્યા હતા એટલે દિલમાં થોડી ધરપત હતી કે વાંધો નહીં આવે પહોંચી જવાશે.

ત્રણ કિલોમીટર પસાર કરવામાં સવા કલાક ગયો ! જેની ધીરજે જવાબ આપી દીધો તે લોકો ઊતરીને રિક્ષામાં જતા રહ્યા. પણ ટ્રાફિક જામમાં રિક્ષાના એ જ હાલ હતા. હવે તો જે થાય તે ખરું ! ટ્રેન છૂટી જાય તો આજે મારી પાસે બીજો કોઈ વિકલ્પ ન હતો. ગોંડા સુધી કોઈ સીધી બસ ન હતી. સાડા ત્રણે બીજી ટ્રેન હતી, પણ એમાં જવાનો કોઈ અર્થ ન હતો. ગોંડા રાતે પહોંચું અને ત્યાંથી બલરામપુર અને પછી શ્રાવસ્તી, રાતે પણ ગોથા જ ખાવાના રહે. ઠંડી, રાતનો સમય અને એકલી. આવું સાહસ પહેલાં કરી ચૂકી હતી. ફરી કરવાનો કોઈ ઈરાદો નહોતો.

ગોરખપુર બરોબર સાડા બારે પહોંચી. રેલવેસ્ટેશન પાંચ મિનિટમાં પહોંચાય એવું હોવા છતાં પણ રિક્ષા કરી બે મિનિટમાં સ્ટેશને પહોંચી. બરોબર સાડા બારે ટ્રેન આવી ને છૂટી ગઈ અને હું પહોંચી! પતી ગયું...! હવે...? થોડી વાર માથું પકડી બેસી રહી. બસ સ્ટેન્ડ પહોંચી. લોકોએ સલાહ આપી અયોધ્યા પાછા ફરી ત્યારથી ગોંડાની બસ પકડી લેવી. અયોધ્યાથી નીકળી ત્યારે એવું સૂચન થયેલું કે ગોંડા જવા મારે ગોરખપુરથી બસ પકડવી. એવી ખબર હોત તો અહીં સુધી હું લાંબી શા માટે થાત ?

ફરી પાછા ફરવા સાડા ત્રણ કલાક ? અને ત્યાંથી ગોંડાની બસ મને મળે ન મળે એનો શું ભરોસો ? ક્યારે પહોંચું ? ક્યાં રોકાવું ? એ ભય તો હજી હતો જ. મારું મગજ ચકરાવા લાગ્યું. ફરી અયોધ્યા જઈ રોકાવું ? આગળ વધવાની ધૂનમાં બસ સ્ટેન્ડ પર જઈ બસમાં બેઠી, પણ પાછા ફરવા માટે મન નહોતું

માનતું. ફરી ટ્રેન લિસ્ટ ચેક કર્યું. વહેલી સવારના પાંચ વાગે ગોંડા જવા ગોરખપુરથી જ ટ્રેન હતી. સવારની ટ્રેન પકડવી સારી. બસમાંથી ઊતરી ગઈ. એક જગ્યાએ અડધો કલાક બેઠી. મન શાંત થયું. રહેવા માટે સ્ટેશન સિવાયના વિકલ્પો વિચાર્યા. સવારની ટ્રેનની ટિકિટ કઢાવી.

વિપશ્યનાના પેમ્ફલેટમાં ગઈ કાલે ગોરખપુરના એક ભાઈનો નંબર જોયો હતો. તેમની સાથે શ્રાવસ્તી જવા બાબત વાત થઈ હતી. આ પ્રકાશભાઈ એક સાધક છે એટલી જ ખબર હતી. તેમને ફોન કરી બધી વાત જણાવી અને અહીં રહેવાનો કોઈ સારો વિકલ્પ હોય તો તે જણાવવા કહ્યું. હમણાં તેઓ બસમાં હોવાથી એમણે કહ્યું કે તેઓ સાંજ સુધી જણાવશે.

આજે હું કુશીનગરથી ગોરખપુર પાછી ફરવાની હતી તે તેઓ જાણતા હતા. આજે સવારે બે વાર એમણે મને ફોન પર વાત કરવાની ટ્રાય કરી, પણ મારા ફોનનું નેટવર્ક ન મળ્યું અને સંપર્ક ન થયો. ગઈકાલે એમના ઘરે એક વિદેશી સાધિકા આવ્યા હતા અને એમને કુશીનગર સાધના કેન્દ્ર જોવા જવું હતું, તો તેઓ મને પણ સાથે લઈ જવા ઈચ્છતા હતા, પણ મારા નસીબે આજે હેરાન થવાનું લખ્યું હતું. હું કુશીનગરથી ગોરખપુર અને તેઓ ગોરખપુરથી કુશીનગર જઈ રહ્યાં હતા. અમે રસ્તામાં ક્રોસ થયા. હું ગોરખપુર પહોંચી આવી હતી. મેં એમને જણાવ્યું કે હું ક્લોક રૂમમાં સામાન રાખી ગોરખપુર જઈશ અને રાત્રે સ્ટેશને જ રોકાઈશ. મારે સાંજ સુધી રાહ જોવાની હતી.

હવે મારી પાસે અડધો દિવસ અને એક રાતનો સમય હતો. ફરી રેલવે સ્ટેશન આવી. એક ઘુમક્કડ આટલો સમય સ્ટેશન તો કેવી રીતે બેસી શકે ? કીમતી સામાન અને પૈસા સાથે લીધા. બીજો સામાન ક્લોક રૂમમાં ગોઠવ્યો. રેલવે ક્લોક રૂમનો ઉપયોગ પણ તમે ત્યારે જ કરી શકો કે જ્યારે તમારી પાસે આગળના પ્રવાસની ટિકિટ હોય. અહીં સામાનનું ભાડું સામાનના નંગ પ્રમાણે ચૂકવવું પડે. જેટલો સામાન હોય તેટલાં તાળાં પણ પાસે હોવા જોઈએ અને કીમતી સામાન પોતાની પાસે રાખવો જોઈએ.

મનોમન આજની ઘટનાઓને વાગોળતી, વીત્યું તેને વિસારી, ઊભી થયેલી સ્થિતિને સ્વીકારી, ખુશીથી નિજાનંદે વિહરવાની તકનો લાભ લઈ પરસેવે નહાતી હું તો ચાલી.

'ગમતું મળે તો વાલા ગુંજે ન ભરીએ ને ગમતાનો કરીએ ગુલાલ.'

પણ અહીં તો અણગમતાનું પણ ગુલાલ જ કરવાનું હતું. ભ્રમણનો ત્રીજો દિવસ હતો.

કલાક પહેલાં જે મનઃસ્થિતિ હતી એમાંથી ભિન્ન સ્થિતિમાં પહોંચી ગઈ. પરિસ્થિતિમાં કોઈ ફરક નહોતો પડ્યો પણ મન સ્થિતિ બદલાઈ ગઈ.

અલગારી રખડપટ્ટી (ઘુમક્કડી)ની આ જ તો મજા છે. અનિશ્ચિતતા અને અણધારી સ્થિતિમાં મુકાઈ જવું અને એનો સામનો કરવો. અકળાઈ કે ગભરાઈ જાઓ તો ઘુમક્કડી સજા બની જાય. અહીં તો ‘નાવ કા લંગર તોડ...’ નીકળી પડવાનું હોય! ગૂગલબાબાને પૂછી લીધું કે દોઢ-બે કિલોમીટરના વિસ્તારમાં શું શું જોવા જેવું છે. ગુરુદેવ સાથે વાત કરી હળવી બની. ચેતનાથી ભરાઈને હસતા મોઢે મળેલી તકનો ફાયદો ઉઠાવવા ચાલી નીકળી. ગોરખપુર મારા ફરવાની યાદીમાં નહોતું, પણ હવે તો એ ટપકી પડ્યું’તું ગોદમાં ને હું હતી ગોરખપુરની ગલીઓમાં!

અહીંની જોવા જેવી જગ્યાઓ નોંધી લીધી.

૧) રેલવે મ્યુઝિયમ અને હેરિટેજ પ્લાઝા (૨) ગોરખનાથ મંદિર (૩) વિશ્વવિખ્યાત ગીતા પ્રેસ (૪) ગીતા વાટિકા-રાધાકૃષ્ણ મંદિર (૫) બુદ્ધ મ્યુઝિયમ (૬) સંત જોસેફ કેથેદ્રલ (૭) બાબા મુંજેશ્વરનાથ મંદિર (૮) નહેરુ પાર્ક (૯) સુરજ કુંડ (૧૦) સિટી મોલ (૧૧) તાર કુલાદેવી મંદિર (૧૨) કુશ્મી જંગલ (૧૩) બુઢીયા માય ટેમ્પલ ઇત્યાદિ.

ઓહો! આટલું મોટું લિસ્ટ! હું તો બે જ સ્થળે જઈશ. જેમના નામથી આ શહેરનું નામ પડ્યું તે ગોરખનાથ મંદિર અને રેલવે મ્યુઝિયમ.

**રેલવે મ્યુઝિયમ અને હેરિટેજ પ્લાઝાઃ-** એક કિલોમીટર ચાલીને પહોંચી. દસ રૂપિયાની ટિકિટ લઈ પ્રવેશ કર્યો. સુંદર બાગ, બાગમાં દેશનાં વિવિધ રેલવે મોડેલો મૂકેલાં. જૂનાં ખખડધજ એન્જિનોથી લઈ અદ્યતન એન્જિનો, કોચિસ અને એવું બીજું ઘણું. આ રેલવે મ્યુઝિયમ પર્યટકો માટે મોટું આકર્ષણ છે. ઈ.સ. ૧૮૭૪માં બનેલું પૂર્વોત્તર રેલવેનું પહેલું એન્જિન અહીં છે.

ઈટલીનું ટ્રાવેલિંગ સ્ટીમ ક્રેન પણ અહીં છે. આ ભવનનું નિર્માણ ઈ.સ. ૧૮૯૦ થી ઈ.સ. ૧૯૦૦ વચ્ચે થયું અહીં એક ભવ્ય ગૅલેરીમાં જવાહરલાલ નેહરુની અનેક દુર્લભ અને યાદગાર તસવીરો છે. સાથે જોડાયેલી લાઇબ્રેરીમાં રેલવે સંચાલનને લગતા પુસ્તકો, પાંડુલિપિયો, ટિકિટો, રિપોર્ટ્સ વગેરેનો સંગ્રહ છે.

અહીંનું એક વિશિષ્ટ આકર્ષણ છે- ‘પેલેસ ઓન વિલ્સ’. આ એક રેલવે કોચમાં સજાવેલ રેસ્ટોરન્ટ છે. અંદર પ્રવેશ કરતાં જ રેલવે કોચમાં આવ્યા હોઈએ એવો અહેસાસ થયા વિના ન રહે. સવારથી ભૂખ લાગી હતી અને

સામે અવનવી વાનગીઓ હતી. મેં મોમોજ અને સાઉથ ઇન્ડિયન ખાણા પર પસંદગી ઉતારી. ઘુમક્કડીના બેનર સાથે મિત્ર અનુરાગની પ્રિય વાનગીને વિડિઓ કૉલ કરી શેર કરી. આ સંગ્રહાલય સવારના બાર વાગ્યાથી રાતના આઠ વાગ્યા સુધી ખુલ્લું હોય છે. મજાનું સંગ્રહાલય જોઈ બીજા સહપર્યટક સાથે રિક્ષાની બદલી કરતાંકરતાં પહોંચી.

**ગોરખનાથ મંદિર :-** ભવ્ય પ્રવેશદ્વારથી પસાર થઈ ૨૦૦-૪૦૦ કદમ આગળ ચાલીએ એટલે રોશની, ફુવારા, બાગ અને કતારબંધ દુકાનો પાર કર્યા બાદ ત્રણ ભવ્ય શિખરોવાળું આ મંદિર અને અન્ય નાનાં મોટાં મંદિરો દેખાવા લાગે છે. આ સ્થાન નાથ સંપ્રદાયનું પ્રમુખ કેન્દ્ર છે. આ તંત્ર સાધનાની ભૂમિ પણ છે. અહીં એક અખંડ જ્યોત જલે છે. જે ત્રેતાયુગથી જલતી રહી છે. એમ કહેવાય છે કે ગોરખનાથની ધૂણી આજે પણ ચાલુ છે. પરિસરમાં ભીમકુંડ છે.

મુખ્ય મંદિરમાં ગોરખનાથની શ્વેત સંગેમરમરની ધ્યાનાવસ્થિત ભવ્ય મૂર્તિ પ્રતિષ્ઠિત છે. એમની ચરણપાદુકા પણ છે. પરિક્રમા કરતા શિવ, ગણેશ, કાલી, કાળભૈરવ અને શીતળામાતાના મંદિર છે. આ ઉપરાંત જળયંત્ર, કથા મંડપ, યજ્ઞશાળા, સંત નિવાસ, અતિથિશાળા અને ગૌશાળા ઈત્યાદિ અહીં છે.

આ મંદિરમાં મકરસંક્રાંતિનો મોટો મેળો ભરાય છે જેને 'ખીચડી મેળા'ના નામે પ્રસિદ્ધિ મળી છે. મંદિરમાં ખાસો સમય વિતાવ્યા બાદ બહાર આવી. ફ્રૂટ જ્યૂસ પીધો. રેલવેસ્ટેશન પાછી પહોંચી ત્યારે છ વાગી ગયા હતા. પ્રકાશચંદ્રજીનો ફોન પણ આવ્યો અને મને પૂછ્યું, હું ક્યાં છું ?

ફરી એક નવી યોજના ઘડાઈ. પ્રકાશચંદ્રે મને એમના ઘરે આવી જવા આમંત્રણ આપ્યું. મારી ઘણી 'ના' છતાં એ પોતે બાઈક લઈને મને લેવા આવી પહોંચ્યા. મારે એકલીએ અને ખાસ એક ધર્મબહેન (સાધિકા)ને આ સ્ટેશને રાત ગુજારવી પડે એ એમને ગમ્યું નહીં.

એક ઈરાની સાધિકા એમને ત્યાં હતાં જ. એકને બદલે બે બહેનો એમના મહેમાન બને એવી એમની ભાવનાને મેં પણ સ્વીકારી. એ બેનની પણ સવારની જ ટિકિટ હું જે ટ્રેનમાં જવાની હતી એ જ ટ્રેનમાં હતી. વહેલી સવારે ટ્રેન પકડવાની હતી તેથી મેં સામાન ક્લોક રૂમમાં જ રહેવા દીધો.

જરૂરી સામાન લઈ એક અજનબી સાધક બંધુના ઘરે પહોંચી. પાળેલા સફેદ કૂતરાએ ભસીને મારું સ્વાગત કર્યું. પ્રકાશચંદ્રનાં ધર્મપત્ની અંજુશ્રીએ આવભગત કરી. આ દંપતી સાથે સાધના સંબંધી ઘણીબધી વાતો થઈ.

પ્રકાશચંદ્રની દીકરીઓ સાથે ઈરાની સાધિકા બહેન શોપિંગ કરવા નીકળી ગયેલાં. તેઓ પણ આઠ વાગે આવી પહોંચ્યાં. ઈરાની બહેનનું નામ ફરનાઝ હતું. બંને દીકરીઓ પણ હોશિયાર, નાજુક, નમણી અને સુંદર. આ પ્રેમાળ પરિવાર અને ફરનાઝબેન સાથે મન ભરીને વાતો કરી.

બધાએ પોતપોતાના સાધનાના અનુભવો અને જીવનમાં જે લાભ થયા તેની વાત કરી. આજે અચાનક સવારથી કેવું ઘણું બધું મજાનું બની ગયું. જ્યાં અજંપો હતો ત્યાં આનંદઆનંદ થઈ ગયો. અજાણ્યા ધર્મબંધુના ઘરે અણધારી રીતે રહેવાનો આ અનુભવ જીવનભરની યાદ બની રહેશે. આવા નિઃસ્વાર્થ પ્રેમને શું નામ આપી શકાય!

ઘરમાં એક ઓરડો સાધના માટે અલાયદો રાખેલ ત્યાં બેસીને સાથે સાધના કરી. ફરનાઝ ચાળીસ વર્ષની દેખાવડી, સ્વસ્થ યુવતી હતી. એણે જણાવ્યું કે ચાળીસ વર્ષમાં એણે ચાળીસ દેશ જોયા છે! છેલ્લાં બે વર્ષથી ભારતમાં આવ્યાં છે. ભારતને પોતાનું ઘર બનાવ્યું છે. જુદાં જુદાં વિપશ્યના કેન્દ્રમાં શિબિર કરવા અને સેવા આપવા સાથે સાથે ભારતમાં નિજાનંદથી ફરવું એવો જીવનક્રમ એણે બનાવી કાઢ્યો છે.

મારા જેવી જે એક અલગારી, મુક્ત વિચારની મહિલાને મળીને હું તો ખુશ જ થાઉં ને! હવેના પચાસ દિવસ અમે ભગવાન બુદ્ધની ભૂમિ શ્રાવસ્તી પર સાથે જ રહેવાનાં હતા.

સૂતાં પહેલાં ફરી નવો કાર્યક્રમ ઘડાયો. મને અને શહેનાઝને મુસાફરીનો થાક તો હતો જ. કાલે શ્રાવસ્તી જતાં પણ બે-ત્રણ બદલી કરી અને પહોંચવાનું હતું. તેથી ફરનાઝ થોડી અસ્વસ્થ હતી. એણે પ્રકાશચંદ્રભાઈને પૂછ્યું કે શ્રાવસ્તી માટે કૅબ (કાર) મળે કે નહીં. ટ્રેનની ટિકિટ ભલે જાય, પણ એ કારમાં જવાનું પસંદ કરશે.

મને તથા આગળ વચ્ચેથદ્ર બીજા બે સાધકોને પણ એ પિક-અપ કરી લેશે. પ્રકાશચંદ્રજીએ ફોનથી કાર નક્કી કરી. સવારે પાંચને બદલે આઠ વાગે નીકળવાનું નક્કી થયું. આજના અનોખા દિવસની વાતો વાગોળતા વાગોળતાં આખરે અમે બધાં નિદ્રાધીન થયાં.

ક્રમશઃ

નાની ખાખર

**મો.: ૯૯૩૦૫૦૮૪૦૭.**

**ગમતા, ચાહતા અને પામતા આવડે**
**એમાં ક્યાં કોઈ મોટી વાત છે,**
**પરંતુ નિભાવતા આવડે એજ સાચો સ્નેહ.**

**સ્પર્શ કરીને પાણી જ્યારે વહી જતુ હશે**
**ત્યારે એ પથ્થરને પણ કંઈક લાગણી**
**જેવું તો થતું જ હશેને..**

# સાહિત્ય-અમૃત

**આલેખન : ચંદ્રકાન્ત નંદુ**

સાહિત્યની ઉત્તમ કૃતિઓના અંશો, કૃતિના આલેખનમાં પ્રવાહિતા જળવાઈ રહે
એ હેતુથી ટિપ્પણીઓ સાથે અત્રે આપવામાં આવેલ છે.
રેખાંકિત આકૃતિઓમાંનું લેખન 'આલેખક' દ્વારા કરાયેલ વિવરણ અને ટિપ્પણીઓ છે.
રેખાંકિત આકૃતિઓ બહારનું લેખન મૂળ કૃતિની પ્રતિકૃતિ છે.

| | | |
|---|---|---|
| પુસ્તક | : | **રેવન્યૂ સ્ટૅમ્પ.**<br>**(અમૃતા પ્રીતમની આત્મકથા)**<br>**મૂળ હિન્દીમાં 'रसीदी टिकट'** |
| લેખિકા | : | **અમૃતા પ્રીતમ** |
| અનુવાદ | : | **જયા મહેતા** |
| પ્રકાશક | : | **અશોક પ્રકાશન, અમદાવાદ** |
| પ્રકાશન વર્ષ | : | **૧૯૮૦- પુનઃમુદ્રણ - ૧૯૮૩** |

*અને અમૃતા એના જીવનસાથીથી છૂટી પડે છે, પરંતુ આ છૂટા પડવું આપણી આસપાસ થતા છૂટાછેડાથી તદ્દન ભિન્ન છે. અહીં સંબંધોની ગરિમાને, એના પાવિત્ર્યને એક ઘસરકો પણ નથી પડ્યો. સંબંધોની આ ફોરમ તો વનના વિહંગના ટહૂકા જેવી છે. પંખી તો દૂર દૂર, દષ્ટિસીમાથી સુદૂર અદષ્ટ થઈ ગયું, પણ એના મધુર ટહૂકાનું સ્નેહાદ્ર માધુર્ય તો મનને ટોડલે સદાય ટહુક્યા કરે છે. પરંતુ સમયના રંગ તો પળેપળે પલટાતા રહે છે. સમય એની સાથે કટુરસથી ભરેલી પ્યાલીઓ પણ ઢાલવી દે છે.*

*અમૃતાના જીવનમાં પણ કડવાશ ભરેલ ઘટનાઓ આવતી રહી અને એની વ્યથા કલમને સહારે એનાં સર્જનમાં વહેતી રહી.*

*અમૃતાની સ્મૃતિઓમાં એના પિતાની સાથે સમયે રમેલી ક્રૂર રમત ઊપસી આવી. ગુજરાંવાલા એમનું વતન. એક વખત પરદેશ જતી વખતે પિતાએ એમને દાદાની સંપત્તિમાં મળેલી દાગીના અને ગીનીઓથી ભરેલ પેટી ગુજરાંવાલાની*

*એક પ્રતિષ્ઠિત અને પૂજનીય ભક્ત મહિલા પાસે થાપણ તરીકે મૂકી અને પાછા ફરતાં એમણે મૂકેલ વિશ્વાસને ચૂરચૂર કરતાં એ મહિલાએ કહ્યું - 'કેવી પેટી?' અમૃતાનો એ વ્યથા ભરેલો સમય છે. પિતાની સાથે ઘટેલી એ ઘટનાના સ્મરણે અમૃતાને દુઃખની ઘેરી છાયામાં લપેટી લીધી.*

*અમૃતાના જીવનમાં પણ આવું જ કંઈક બને છે. એક નાની છોકરી સાથે અમૃતાને પરિચય થાય છે. અમૃતા પાકિસ્તાનથી ભારત આવતી વખતે એની પાસે બચેલા કેવળ બે-ત્રણ દાગીના લાવેલી. પેલી છોકરીનાં લગ્ન વખતે અમૃતાએ એ દાગીના એને આપ્યા હતા. એ છોકરીને અમૃતાએ ભણવા માટે પુસ્તકો અને ફી ભરવા માટે પૈસા પણ આપેલા, પરંતુ અમૃતા સાથે જે બન્યું તે કહેતાં એના શબ્દેશબ્દે ટપકતી હતી વ્યથા....*

અંધારું જ્યારે હસતું હતું ત્યારે તે દાગીના પણ ખડખડાટ હસતા હતા. પછી સમય જતાં ધ્યાનથી જોયું તો જણાયું - દાગીના નહીં, તૂટેલા વિશ્વાસના ટુકડા હતા, જે અંધારામાં ચમકતા અને હસતા હતા.

એની મીઠીમીઠી લાગતી વાતોને મેં રેશમી દોરાની જેમ ગળે વીંટાળી હતી. શિવે સાપને ગળામાં વીંટાળ્યા હતા, પણ તે રેશમી દોરા સમજીને નહીં. વિચાર આવતો હતો, હું શિવ નથી તો શિવે મને પોતાની તકદીર કેમ આપી?

*એની કલમમાંથી વિષાદ અને વ્યથા ટપકતી રહી.....*

એ બહુ ભયાનક પળ હતી. અંધારું વાદળોની જેમ ઘેરાઈ રહ્યું હતું. ઉદાસી ટીપેટીપે વરસી રહી હતી, પણ વાદળ ઊઘડતાં નહોતાં. એ ભલા દેખાતા ચહેરાવાળી છોકરીને કેટલાંય વર્ષો પ્રેમ કર્યો હતો. વીતેલા દિવસો વાદળોનાં નિત્ય બદલાતાં રૂપની જેમ આંખની સામે કેટલાંય રૂપ ધારણ કરવા લાગ્યા. વિચારવા લાગી આ મેઘમાલા આવી સ્મૃતિઓ માટે નહોતી બની.....

*અમૃતા એની યાદોને ઉખેડતાં કહે છે: જૂઠાણાં પારખવાની શક્તિ એની પાસે ન હતી. એ શક્તિ એના પિતામાં પણ ન હતી. ખરું તો એ હતું કે એ સામેની વ્યક્તિ પર વિશ્વાસ મૂકતા રહ્યા. એમણે મૂકેલ વિશ્વાસ પર એમને પૂર્ણ વિશ્વાસ હતો અને એ વિશ્વાસની કડીઓ તૂટતી રહી. વિશ્વાસની તૂટેલી કડીઓનો ખખડાટ એને છિન્નભિન્ન કરી રહ્યો. એના બચપણનો એક પ્રસંગ હતો. સિયાલકોટના કોઈ માણસને એના પિતાએ ભણાવ્યો-ગણાવ્યો. એને નોકરીએ રાખ્યો અને એ*

*માણસે પિતાજીના એક પત્રનું ઉપરનું લખાણ ફાડી નાખી પત્રમાં હસ્તાક્ષરની ઉપરની ખાલી જગ્યામાં, પિતાજીએ અમુક હજાર રૂપિયા એની પાસેથી ઉછીના લીધા હતા એવું બનાવટી લખાણ કર્યું અને આ બનાવટી લખાણને આધારે એણે કચેરીમાં દાવો કર્યો. એ સમયે અમૃતા તો બહુ નાની હતી. એ વ્યક્તિને અમૃતા મામાજી કહેતી. મામાજીના આ કૃત્યથી પિતાજીના ચહેરા પર અપાર દુઃખની રેખાઓ ઊપસી આવી. એવી જ વ્યથાની રેખાઓ અમૃતાના ચહેરા પર અંકાઈ ગઈ.*

*આવી જ ઘટના અમૃતાના પિતા સાથે બનેલી. એમણે એક સગાના દીકરાને સાથે રાખ્યો અને ભણાવ્યો. જીવનની ઢળતી સંધ્યાએ તેઓ હજારીબાગ રહેવા ગયા. ત્યાં થોડી જમીન ખરીદીને તે એક બગીચો બનાવવા માગતા હતા. જીવનના આખરી દિવસો માટે એ પેલા સગાના દીકરાને લઈને જમીન ખરીદવા ગયા. જમીન ખરીદી, પણ એમની ઈચ્છા તો એ બગીચાના નકશાની રેખાઓમાં જ રહી ગઈ. પછી પિતાજીને એકાંતરિયો તાવ આવે છે અને આ તાવમાં એમનો જીવનદીપ ઓલવાઈ ગયો. કેટલોક સમય પછી જમીન અંગેના પત્રો આવતા બંધ થયા. એક લાંબી ખામોશી પછી ખબર પડી કે એ જમીન પેલા છોકરાએ ગેરકાનૂની રીતે વેચી નાખી એના પૈસા એના ખિસ્સામાં પડ્યા અને એણે ચૂપકી સાધી લીધી અને અમૃતા કહે છે....*

કેવળ એક જ વાક્ય બાકી રહી ગયું- 'આ વિચારી પણ નહોતી શક્તી... આ વિચારી પણ નહોતી શક્તી...'

*૧૯૫૯નું વર્ષ એક વિષાદમય વર્ષ હતું જેમાં અતીતની દુઃખદ સ્મૃતિઓ અમૃતાને જંપવા નથી દેતી, પણ ૧૯૬૦નું વર્ષ એની જિન્દગીનું કદાચ સૌથી ઉદાસ વરસ હતું. એ કહે છે.....*

આ વર્ષ મારી જિંદગીનું સૌથી ઉદાસ વરસ હતું- જિંદગીના કેલેન્ડરના ફાટેલા પૃષ્ઠના જેવું. મારા મને ઘરના ઉંબરાની બહાર પગ મૂકી દીધો હતો, પણ સામે કોઈ રસ્તો નહોતો. એટલે ગભરાઈને કાંપવા લાગ્યું.

*ઉદાસીના આ સમયમાં સાહિરની યાદ આવી. એની સાથે વાત કરતાં જરા મન હળવું થાય. ઉદાસીની સેંકડો તીક્ષ્ણ શૂળોની વેદના પર સાહિરના શબ્દો મલમ બની રહે. સાહિરને મુંબઈ ફોન કરવા ફોનના ચકરડા પર નંબર ફેરવવા હાથ ગયો અને શું થયું કે હાથ કાંપી ઊઠ્યો. ફોનના ડાયલથી નજીક આવીને*

*હાથ થંભી ગયો. સામે એ દિવસનું બ્લીટ્ઝ પડ્યું હતું. ઉપરના પાને જ એક છબી હતી અને સમાચાર હતા. સાહિરના જીવનમાં એક નવી મહોબતનો પ્રવેશ થઈ ચૂક્યો હતો. અમૃતાની મનોદશા એને ઑસ્કાર વાઈલ્ડના શબ્દોમાં પ્રતિબિંબિત થતી દેખાઈ....*

'મેં મરવાનો વિચાર કર્યો... આવો ભીષણ વિચાર જ્યારે થોડોક કંઈક મોળો પડ્યો ત્યારે મેં જીવવા માટે મારું મન દૃઢ કરી લીધું, પણ વિચાર્યું કે ઉદાસીને હું મારો એક શાહી લેબાસ બનાવી દઈશ અને આખો વખત પહેરી રાખીશ....

*એને બધાએ સલાહ આપી, સઘળું ભૂલી જઈ જીવનને નવેસરથી એના મુક્ત પ્રવાહોમાં ઢાળી દેવું. અમૃતાને એ ઘાતક અને અર્થહીન જણાયું. એને થયું આ તો....*

ચંદ્ર-સૂરજની સુંદરતા, સવારના પ્રથમ કિરણનું સંગીત, ઘેરી રાતોની ખામોશી, પાંદડાંમાંથી ચળાઈને આવતાં વરસાદનાં ટીપાં, ઘાસ ઉપર સરકતું ઝાકળ આ બધું મારે માટે કડવું થઈ જશે... **પોતાના અનુભવને નકારવો એ તો પોતાની જિંદગીના હોઠોમાં હંમેશને માટે કોઈ જૂઠાણું ભરી દેવા જેવું છે... એ પોતાના આત્માનો નકાર કરવા જેવું છે.**

*અમૃતાનું મન હતાશામાં સરકી પડ્યું. એની એ હતાશામાં એક સ્વપ્ન એની હતાશા તાદૃશ કરતું આવ્યા કરતું...*

*સ્વપ્નમાં એ ગાડીમાં મુસાફરી કરી રહી છે. સામે એક બુઝુર્ગ છે. એના ચહેરા પર એની નમ્રતા છાયેલી છે અને બુઝુર્ગે ખામોશીને તોડતાં વાત માંડી....*

'તમે ક્યારેય કાળું ગુલાબ જોયું છે?'

'કાળું ગુલાબ?'- ના.'

'થોડી વારમાં અહીં એક સ્ટેશન આવશે. ત્યાંથી એક રસ્તો એક નાનકડા ગામ તરફ જાય છે. એ ગામમાં ગુલાબનાં ફૂલોનો એક બાગ છે. એ બાગમાં થોડાંક લાલ રંગનાં ગુલાબ છે, બાકીનો આખો બાગ કાળાં ગુલાબનાં ફૂલોથી ભરેલો છે.'

'ખરેખર?'

'તમને હું વિશ્વાસ કરવા જેવો લાગું છું કે નહિ?'

'મેં તો અવિશ્વાસની કોઈ વાત નથી કરી.'

'તમારે એ બાગ જોવો છે?

'હું એ જ વિચારી રહી હતી - એ બાગ હું જોઈ શકું....'

'એની એક વાર્તા પણ છે.'

'શું ?

'જો તમે જોવા આવો તો હું ત્યાં જ એ વાર્તા કહીશ.'

'હું' આવીશ. અને પછી એ સ્ટેશન પર હું અને એ બુઝુર્ગ માણસ ઊતરી ગયાં. એક લાંબો કાચો રસ્તો પકડ્યો. ત્યાં કોઈ સવારી જતી નહોતી અને પછી ખરેખર અમે એક બાગમાં પહોંચી ગયાં.

આટલું મોટું અને ચમકદાર ગુલાબ મેં જિંદગીમાં ક્યારેય નહોતું જોયું. ગુલાબની પાંખડીઓ પરથી આંખ સરીસરી જતી હતી. બહુ મોટો બાગ હતો. બાગમાં લાલ રંગનાં ગુલાબ હતાં અને એક નાના ભાગમાં સફેદ દૂધિયા રંગનાં. બાકીનો આખો બાગ, માઈલો સુધી ફેલાયેલો, કાળાં ગુલાબોથી ભરેલો હતો.

'એની વાર્તા ?'

'કહે છે કે એક સ્ત્રી હતી, એણે ખૂબ સાચા દિલથી કોઈને પ્રેમ કર્યો. એકવાર એના પ્રેમીએ એના વાળમાં લાલ ગુલાબનું ફૂલ ખોસ્યું, ત્યારે સ્ત્રીએ પ્રેમનાં ખૂબ મીઠાં ગીત લખ્યાં.

એ પ્રેમ લગ્નમાં ન પરિણમ્યો. એ સ્ત્રીએ પોતાની જિંદગી સમાજનાં ખોટાં મૂલ્યો પર ન્યોછાવર કરી દીધી. એક અસહ્ય પીડા તેના દિલમાં ઘર કરી ગઈ અને તે આખી જિંદગી પોતાની કલમને એ પીડામાં ડુબાડીને ગીત લખતી રહી.

**આત્મવેદના એક એવી દૃષ્ટિ આપે છે જે વડે તે કોઈ પરાઈ પીડાને જોઈ શકે છે. એણે પોતાની પીડામાં સમગ્ર માનવતાની પીડાને મેળવી દીધી અને પછી એવાં ગીતો લખ્યાં, જેમાં કેવળ એની નહીં, જગતની પીડા હતી.'**

'પછી ?'

'એ સ્ત્રી જ્યારે મરી ગઈ ત્યારે તેને આ ધરતીમાં દાટવામાં આવી. એની કબર પર કોને ખબર કેવી રીતે, ગુલાબનાં ત્રણ ફૂલ ઊગી નીકળ્યાં: એક ફૂલ લાલ રંગનું હતું, એક કાળા રંગનું અને એક સફેદ રંગનું.'

'અજબ વાત છે !'

ધીરેધીરે અહીં ફૂલોનો એક બાગ બની ગયો.'

'હવે તમે પોતાની નજરે જોઈ લીધું છે કે એક ભાગમાં લાલ રંગનાં ગુલાબ છે. એક ભાગમાં સફેદ રંગના ને બાકીના ભાગમાં કાળા રંગનાં.'

'લોકો શું કહે છે ?'

'લોકો કહે છે કે એ સ્ત્રીએ પ્રેમનાં જે ગીત લખ્યાં તે લાલ રંગનાં ગુલાબ બની ગયાં છે, જે દર્દભર્યાં ગીત લખ્યાં તે કાળા રંગનાં ગુલાબ બની ગયાં છે અને એણે માનવપ્રેમનાં જે ગીત લખ્યાં તે સફેદ ગુલાબનાં ફૂલ બની ગયાં છે...'

માથાથી તે પગ સુધી મને એક ધ્રુજારી આવી ને મેં એ બુઝુર્ગને પૂછ્યું : 'તમારું નામ શું છે?'

'મારું નામ? - મારું નામ ''સમય''!'

'સમય! તમે મારી જ વાત મને સંભળાવી રહ્યા છો?'

સમયના સ્મિત અને મારી પોતાની ધ્રુજારીથી મારી આંખો ખૂલી ગઈ.

*હા, ખરું.... આ તો સમય. અમૃતાની જીવનકથા જ હતી એ. અમૃતાના સર્જનમાં વ્યથા છલકાઈ રહી છે. એકલતા અને તૂટેલાં સ્વપ્નોની અગણિત કરચો એના સર્જનમાં ઠેર ઠેર વેરાયલી છે. એની એકલતા અને જીવનનું દર્દ એની કવિતાઓમાં, એની વાર્તાઓ અને નવલકથામાં વણાઈ ગયું અને નીપજ્યું સાહિત્યનું અનુપમ સર્જન.*

*અમૃતાનું જીવન છે સુખ અને દુ:ખ, તડકો અને છાંયો, અંધારું અને અજવાળું. જિન્દગીના પુસ્તકનાં પૃષ્ઠો પલટાય છે અને પ્રેમ, આનંદ વિષાદના રંગો પ્રકટ્યા કરે છે, પણ આ જિન્દગીમાં સુખ અલ્પ અને દુ:ખ-વિષાદ-વ્યથા જ વિપુલ છે. ઉદાસી અને વિષાદ ભર્યા આ સમયમાં અમૃતાની હતાશા અને જિન્દગીના વ્યથિત તારમાંથી ઉદ્‌ભવતા સ્વરો એના સાહિત્યમાં અવતર્યા. 'કાલા અક્ષર' અને કર્મોવાલી જેવી વાર્તાઓ અને 'એક થી અનિતા' નવલકથાનાં પાત્રોએ અનુભવેલી એકલતા, સંજોગોના આટાપાટામાં ભીંસાતા સંબંધો, ક્યારેક એમાંથી ઊઠતો વિદ્રોહી ચિત્કાર અને ક્યારેક મૂક થઈ જતી હૃદય ભીંસતી ઉદાસી, આ સઘળું આ પાત્રો જીવ્યાં અને જીરવ્યું. હૃદયમાં દુ:ખતા જખમોની વેદના છે અને હોઠ પર આછું સ્મિત. એ સ્મિતમાંની ધ્રુજારી કોણ જોઈ શક્યું? કોણે એનો સ્નેહભર્યો હાથ એની પીઠ પર પસવાર્યો?*

*આ પાત્રોમાં અમૃતા જ પ્રતિબિંબિત નથી થતી શું?*

*અને આ વિષાદનાં વર્ષોમાં અમૃતાએ રચેલી કવિતાઓ! એ તો છે સર્જનની ઉચ્ચ પરિસીમા.*

*હવે પછી: હૃદયમાંથી પ્રસ્ફૂટિત થતાં કાવ્યો.*

ફોન : ૯૩૨૩૫૪૧૩૫૧

# આજની શિક્ષણ પદ્ધતિ

શિલ્પા સમીર વોરા

આજની શિક્ષણપદ્ધતિ એટલે ભણતરથી વધુ રેસ અને જેને વધુ ટકા આવે એ વિજેતા. દરેક માતા-પિતા ઇચ્છતાં હોય છે કે તેમનું બાળક સારા ટકા સાથે પાસ થાય, પણ ક્યારેય વિચાર કરીએ છીએ કે આપણે માતા-પિતા થઇને આપણા બાળકને આ રેસમાં જિતાડવા કેટલું પ્રેસર આપીએ છીએ. સારા ટકા લાવવાની આજે હોડ લાગી છે ને તેમાં આપણાં બાળકો ઊપર કેટલું દબાણ આવે છે. હમણાં સારા ટકા લાવવાનું પ્રેસર, પછી સારી ડિગ્રી મેળવવાનું પ્રેસર, ત્યારબાદ સારો જોબ મેળવવાનું પ્રેસર અને પછી તો જિંદગી આખી જવાબદારીઓના દબાણ નીચે નીકળી જતી હોય છે.

ભણતર બહુ મહત્ત્વનું છે. કોઈપણ સમાજ કે દેશની પ્રગતિમાં ભણતર બહુ મોટો ભાગ ભજવે છે, પણ જરૂરી છે કે ફક્ત ડૉક્ટર, વકીલ, સી.એ., કે પછી એન્જિનિયર બન્યા એટલે જ આપણે ભણ્યા કહેવાઈએ. ભણતર તો કોઈ પણ રૂપમાં હોઈ શકે. કલા, રમત-ગમત પણ ભણતરનો જ એક હિસ્સો છે. જેમ પાંચે આંગળીઓ સરખી ન હોય તેમ દરેક બાળકની વિચારધારા, સ્મરણશક્તિ, શોખ, પસંદ, નાપસંદ જુદાં હોય છે. હા, પણ દરેક બાળકમાં ટેલેન્ટ જરૂરથી હોય છે. બસ આપણાને એ ટેલેન્ટને ખોજી બાળકને એ દિશામાં આગળ વધારવું જોઈએ. કહેવાનો મતલબ છે કે તમારા સંતાનની કાબિલિયતને ઓળખો. છોકરાઓને એમની જવાબદારી સમજાવો. એમને એમનું બેસ્ટ પર્ફોમન્સ આપવા માટે પ્રોત્સાહિત કરો, પણ કોઈ પણ જાતનું ઓવર પ્રેસર ન થાય તેનું જરૂરથી ધ્યાન રાખો.

મારી દીકરી પણ દસમા ધોરણમાં છે અને મમ્મીના રીતે મને પણ થાય કે એ સારા ટકા લઈ આવે અને એ માટે હું પણ એને ઘણી વાર પ્રેસર કરું છું, પણ ઘણી વાર વિચાર આવે છે આજની આ શિક્ષણપદ્ધતિ વિશે. જુદાજુદા બોર્ડ, જુદા જુદા સિલેયબસ સાથે ધોરણ 10માં બોર્ડ પરીક્ષા. મારા સર્વે મુજબ ધોરણ 10ના 60 થી 70% બાળકો નક્કી પણ નથી કરી શકતાં. તેમને કયા ફિલ્ડમાં જવું છે અને આમ પણ છોકરાઓને ડિગ્રી એમના ધોરણ 12ના રિઝલ્ટ પર જ મળે છે તો પછી ધોરણ 10માં બોર્ડ પરીક્ષાઓ રાખીને એમને એટલું પ્રેસર શું કામ? સમય સાથે આજની આ શિક્ષણપદ્ધતિમાં બદલાવ લાવવાની જરૂર છે.

આજની આ શિક્ષણપદ્ધતિની સાથેસાથે તકલીફમય છે લોકોની માનસિકતા, જે બાળક સારા ટકા લાવે એટલે એ હોશિયાર, પણ મેં એવા ઉદાહરણ જોયા છે જેમાં ૫૦ થી ૫૫ લઈ આવનાર બાળક આગળ જઈને આઈએએસ ઑફિસર બની જાય છે અને મેરિટ હોલ્ડર ફક્ત બેચલર ડિગ્રી મેળવતા હોય છે. ટકાવારી ઉપરથી બાળકની હોશિયારી માપી ન શકાય. આજની ટકાવારી માટેની જે હોડ લાગેલી છે ને એમાં આપણ બચ્ચાને ભણાવી તો લઈએ છીએ, પણ ભણતર સાથે ઘડતર આપવાનું ભૂલી જઈએ છીએ. આ ઘડતર જે એમની જિંદગી માટે બહુ જરૂરી છે. ટૂંકમાં કહું તો આજનાં બાળકો ભણી તો લે છે, પણ ઘડતર નથી પામતા. આમાં ક્યાંક ને ક્યાકં આપણી પણ ભૂલ હોય છે, કારણ આપણે એમને ફક્ત પુસ્તકીયું જ્ઞાન જ આપીએ છીએ, પણ આપણને જરૂર છે ભણતર સાથે ઘડતરનું પણ સિંચન કરવાની. ઘડતર એટલે આત્મવિશ્વાસ, શિષ્ટતા, બીજા પ્રત્યે આદરમાન, પરિવાર માટે પ્રેમ, વ્યાવહારિક કુશળતા, જવાબદારી અને ટફ સમયનો સામનો કરવાની હિંમત.

ગામ-ગેલડા

**મો. : ૯૮૧૯૬૬૨૪૦૪**

---


# મુલચંદ લાલજી એન્ડ કાું.

# MULCHAND LALJI & CO.

*Importers & Wholesale Dealers in:*

**One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper**

**Admn. Office** : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai-400 001.

**Phone:** (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

**Email :** info@mulchandlalji.co • **Mobile :** +91 98201 27299

**Shop & Reg. Office :** 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai-400 001.

# પ્રતિભાવ - પ્રતિસાદ

આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ

### ''પ્રતિભાવ-ઑર્ગન ડોનેશન અંગે''

જાન્યુઆરી નાં અંકમાં ઑર્ગન ડોનેશન અંગે તંત્રીશ્રીએ જે વિશદ્ છણાવટ કરી તેનાથી ઘણી બાબતોની સમજ મળી. મૃત્યુ બાદ શરીરનો ઉપયોગ અન્યને કામમાં આવી શકતો હોય તો તેનો બાળીને કે જમીનમાં દાટીને શું કામ નાશ કરવો જોઈએ? એક વ્યક્તિનાં આંખોનાં દાનથી જો ચાર દૃષ્ટિ હીન વ્યક્તિને દૃષ્ટી મળતી હોય તો વિચાર કરો કે તે ચાર કુટુંબોનાં જીવનમાં કેવી ખુશીઓ ફેલાઈ શકે!

આનાથી મોટું શું દાન હોઈ શકે?

આવું જ અન્ય અંગોનાં દાનનું.

મૃત્યુ બાદ પણ વિવિધ અંગોનાં દાનથી વ્યક્તિ ઓછામાં ઓછા ૭ જણામાં જીવિત રહી શકે છે.આજ સુધી જેમણે પોતાના સ્વજનોનાં અંગોનું દાન કર્યું છે તે સૌને ધન્યવાદ.

ડૉ. બંસીલાલ અને એમની પ્રવૃત્તિઓની માહિતી દ્વારા એટલું તો કહી શકીએ કે હજી માનવતા જીવે છે.

ગુલાબભાઈ દ્વારા બાળપણમાં ઉછેરેલ ગલૂડિયાંની યાદ તાજી કરાવી ગયા. દરેક લેખો વાંચવાની મઝા આવી. સૌ લેખકોને ધન્યવાદ.

લિ. નરેન્દ્ર રામજી ગાલા
પાલઘર, મહારાષ્ટ્ર

### ''પગદંડી - ડિસેમ્બર, ૨૦૨૨ અંક''

ડિસેમ્બર, ૨૦૨૨નો પગદંડીનો અંક સુંદર, મુખપૃષ્ઠ પુર્ણિમાના ગોળાકાર ચંદ્રમાની ચાંદનીમાં ધોરડા સફેદ રણની ચમકતી ચાંદીનું રૂપ ધારણ કરેલી રેતીનાં દર્શન કરી હૈયાને ઠંડક થાય છે.

તેવા જ ચમકતા લેખો - તંત્રીસ્થાનેથી, પ્રમુખશ્રીની કલમે તથા લીલાધરભાઈ - અધાનો માનવ અને પશુસેવા તરફ પગરણ માંડતો લેખ તથા 'કુણી ઘર દેતા કા ઘર' દિવંગત ડૉ. ગિરીશ વીછીવોરાની યાદ તાજી કરાવી ગઈ.

તંત્રી સંજય વિસનજી છેડાનો લેખ 'યે જીવન હૈ'એ હૃદયના તાર હલાવી દીધા. સમગ્ર ડિસેમ્બર અંક ચિંતનાત્મક રહ્યો.

શાંતા ધનજી ગાલાએ અમદાવાદથી પ્રગટ થતા ક.વી.ઓ. સમાજના મંગલ મંદિર માસિકનો પરિચય કરાવ્યો એ જ રીતે હૈદરાબાદથી પ્રગટ થતા ક.વી.ઓ. સમાજના 'નિયાપો'ની પણ નોંધ લેવી રહી.

નવનિર્વાચિત પગદંડીના તંત્રી મંડળને અભિનંદન સહ આભાર.

લિ. અમૃતલાલ દામજી નાગડા
મુલુંડ વેસ્ટ, મુંબઈ-૮૦
મો.: ૯૮૧૯૪ ૨૩૨૨૬

# ઊર્મિલહર

સંપાદક : **વિશન નાગડા**

જાની,

કાને-મંતર (કાનો-માત્રા) વિગર જે કચ્છી શબ્દે જી જાતરામેં પાં ગે મેણે ''વખર'' જા અરથ કઢયા (૧) ઘરવખરી, (૨) આબરૂ, (૩) મિલકત. ''વખર'' જિરા ઓખો ને પર્યાજો શબ્દ વો ઈતરે પાંકે ઘણો ખોધકામ કેણૂં પ્યો. અજ પાંકે 'ખ' મિંજા 'ગ' તેં પગ મંઢેજો આય, વગ઼ જા શબ્દ ત પાંજા મિણીજા જાણીતા અંઇ પણ કચ્છી ભાસાજેં ઉચ્ચારેં જી ખૂબી થકી પાં વગ કે વગ઼ - ગ નીચેં નુક્તો (ગ઼) તરીકે લિખબો.

૧) વગ઼ (પું) ઈ શબ્દ સંસ્કૃત વર્ગ મિંજા આયો વે ત ચોવાજે ન.

- ઘેટાં બકરાંનો સમૂહ ટોળું. (m) herd

**(વાક્ય)** હૂ નૈર્યો પાંજે ગામવારે અલી જો વગ અચે તો !

મથે પાં નોંધ્યો આય તીં હિતે જુકો ગ઼ જો ઉચ્ચાર આય સે મૃદુ - કોમળ આય ને ઈ કોમળતા વતાય લા કચ્છીમેં અખર નીચેં નુકતો કે મેં અચે તો વગ ન પણ વગ઼ લિખણૂં.

૨) વગ઼ (સ્ત્રી.) વગ, (f) influence

''વગ઼'' સ્ત્રી જો ગુજરાતી અર્થ વગ સમજાય લા ગુજરાતી ભાષા જે મહાકોશ, ભગવદ્ગોમંડળ તેં નજર વિજે જેડ઼ી આય, મોબાઈલમેં gujfexicon મેં વિઞી Bhagwadgomandal તેં ઈ સજો ગ્રંથ (૯-ભાગ) અંઈ નેરી સગંધા.

વગ - ઓળખાણ-પિછાણનો સારો સંબંધ, ફાયદો થાય તેવો મોટા લોક સાથેનો સંબંધ, વગવસીલો, મોટાની સાથેનો સંબંધ (ભગવદ્ગોમંડલ (મિંજા)

**પનપટી** : કચ્છીમેં હિકડ઼ી મજેદાર પિરોલી (ઉખાણું-Riddle) આય

**રાત વગ઼ેં જા વગ઼**
**ડીં જો પગ નુકો પોલડી**

(રાતે ઘેટાં-બકરાંનાં ટોળેટોળાં, સવારે (દિવસે) જુઓ તો નથી પગલાં કે નથી લીંડીઓ ! બધું ગુમ ! હી પિરોલી આં લા નાંય ! આંકે ત ઇનજો જભાભ ખબર જ આય કોં, ક અંઈ ત કચ્છમેં ખાટલે (મંજે) તેં સુમી ખુલે અડણમેં આકાશ (અભ) કે નેર્યો અયાં !) હી પિરોલી આંજે પોત્રે - પોત્રીકે પુછજા ! જભાભ જુડ઼ે ત કાગર જરૂર લિખજા !

આંજે જભાભજી વાટ નેરીંધલ.

- વિશન

## 'ભાઈ ? સાંભળ'

કોઈની ગાળોને પણ જો ખમી શકો તો ઠીક?
સાદી વાત માની જો સમજી શકો તો ઠીક?

આ તો સ્વર-વ્યંજન છે બારાખડીનાં છતાં,
શબ્દોની જાત છે એને ન સમજો તો ઠીક?

હશે પીધેલી હાલતમાં 'પ્રેમ' આપણે તો પીધું નથી?
આખરે કંઈક આપ્યું છે, આપણાથી કશું લીધું નથી?

છે રકમ આ તો વ્યાજ વગરની વાપરી નાખો,
કે તમે પણ આપો પાછી એવું એ બિચારોએ કીધું નથી?

**પ્રવીણ ગોગરી (પ્રેમ) - દહીંસર**
**ફોન : ૨૮૯૫ ૩૪૫૯**

✤✤✤✤✤

## હાથી જો હડો

વૅ ભલેં નિંઢો કરે કમ ઊ વડો.
ડે ખરે ટાણેં વલપ આડો અડો.

આજ જે ચૂડે પુતર કે પોંખણૂં.
ઊ સુકન તાં આય હાથીજો હડો.

જાધ રખણી સાંચવેને કોય પણ.
ને વખત વિનંધે લગૅ જાણો લડો.

તાવડી મેરાણ વિચ ત લગી સરત.
પેટ ચૅ મિણીયાં વડો મૂંજો ખડો.

સા અચેતો ને વિનૅતો ની'મ આય.
'દિવ્ય' હકલે રાસ જીયણાજો ગડો.

**- દિવ્ય દેઢિયા 'દિવ્ય'**

## કુલા કેણી

ગાલ કે ચોડ઼ી નેં ચીકણી કુલા કેણી.
ગાલ કે ઇતરી સિકણી કુલા કૅણી.

હો આંજે હકજો ઇતરો જુડી વ્યો,
ઉનલા જ ફિરી માડણી કુલા કેણી.

હૂંધા કમજા કૈંધલ, પધરા થિઈ વેંધા,
છાપરે ચડ઼ી, ભક ભકણી કુલા કેણી.

સરાર કેં મથે છેણાં થાપ્યો ન ભાસે,
કેં કે ડુખ થીયે એડી કરણી કુલા કેણી.

પનોય આંગરીયૂં સરખીયૂં ન વેં 'કુસુમ',
ખરો ખોટો ચિઇ કેંજી વગોણી કુલા કૅણી.

**- કુસુમ ગાલા 'કુસુમ'(ભોજાય.)**

## જીવન શણગારો

આકાશે ચમકે ધ્રુવ તારો,
જીવનનો ધરમમાં ઉતારો.

રાગ-દ્વેષને અલવિદા આપીને,
પ્રેમ-મૈત્રીનો કરો સથવારો.

વિષયોના વમળથી નીકળી,
શિયળ ધર્મે જીવન શણગારો.

ચારે કષાયોથી અળગા થઈને,
દાન-શિયળ-તપ-ભાવ નિખારો.

'લઘુગોવિંદ' માનવજીવનમાં,
સત્કાર્ય કરવા સદા વિચારો.

**- ધનજી કાનજી છેડા - 'લઘુગોવિંદ'**

# શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
# આયોજિત
# ''ગાલા સ્પ્રિંગ્સ કપ'' વૉલીબૉલ ટૂર્નામેન્ટ - વર્ષ ૨૬મું
## પ્રાયોજક : અ.સૌ. તારામતી વિશનજી હરશી ગાલા (ડુમરા - થાણા)

શ્રી ક.વી.ઓ. સેવા સમાજ સંસ્થા અમૃત મહોત્સવ વર્ષની ઉજવણી કરી રહ્યું છે એ પ્રસંગે ૧૯૯૬ થી ૨૦૨૨ સુધી સતત ધબકતી સાતત્યપૂર્ણ સફળ ૨૬ વર્ષથી આ ટૂર્નામેન્ટમાં આ વર્ષે વિભાગોમાં યોજાયેલ ૪ દિવસ,૫૨ ટીમો, ૧૫૮ મેચો અને ૫૨૦ ખેલાડીઓને સાંકળતી સફળ સુરાવલી એટલે **''ગાલા સ્પ્રિંગ્સ કપ''** વૉલીબૉલ ટૂર્નામેન્ટ.

**ઈનડાયરેક્ટ ગામ ગ્રુપ** : - (૧) ભુજપુર, (૨) કોડાય, (૩) નાંગલપુર, (૪) લુણી, (૫) ભુજપુર-એ, (૬) શેરડી, (૭) કપાયા, (૮) ગોધરા, (૯) ગઢશીશા, (૧૦) કોટડા રોહા, એમ કુલ ૧૦ ટીમોએ આ ટૂર્નામેન્ટમાં ભાગ લીધેલ.

ટૂર્નામેન્ટ તા. ૨૭ નવેમ્બર, ૨૦૨૨ના રોજ માટુંગા ખાતે યોજાઈ હતી.

- વિનર ટીમ : ભુજપુર
- રનર ટીમ : શેરડી
- ૩જા સ્થાને ટીમ : કોડાય
- બેસ્ટ એટકેર : હર્ષલ મુકેશ દેઢિયા (ભુજપુર)
- બેસ્ટ સેટર : પીયૂષ મણિલાલ છેડા (શેરડી)
- ઈમર્જિંગ પ્લેયર : હેત્વી વસંત શાહ (ભુજપુર)

**ઈનડાયરેક્ટ જનરલ ગ્રુપ** : - (૧) ઓલ સ્ટાર્ઝ, (૨) માટુંગા બોર્ડિંગ (X), (૩) માટુંગા બોર્ડિંગ ફાઈટસ, (૪) રોઝ, (૫) સિલ્વર સ્પાઈકર્સ, (૬) ઓલ સ્ટાર્ઝ રોયલ, (૭) સિલ્વર સ્પાઈકર્સ-એ, (૮) હિંદમાતા, (૯) ઓલ સ્ટાર્ઝ - ફાઈટર, (૧૦) ઓલ સ્ટાર્ઝ - રાઈઝર , (૧૧) માટુંગા બોર્ડિંગ -સ્પાઈકર્સ, (૧૨) સિલ્વર સ્પાઈકર્સ -બી, એમ કુલ ૧૨ ટીમોએ ભાગ લીધેલ.

ટૂર્નામેન્ટ તા. ૪ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ માટુંગા ખાતે યોજાઈ હતી.

- વિનર ટીમ : સિલ્વર સ્પાઈકર્સ
- રનર ટીમ : ઓલ સ્ટાર્ઝ
- ૩જા સ્થાને ટીમ : ઓલ સ્ટાર્ઝ રોયલ
- બેસ્ટ એટકેર : રોનક જયેશ હરિયા (શેરડી)
- બેસ્ટ સેટર : ધ્રુમિલ પંકજ વોરા (નવીનાળ)
- ઈમર્જિંગ પ્લેયર : વંશ વિનોદ દેઢિયા (ગઢશીશા)

**ડાયરેક્ટ ગામ ગ્રુપ** : - (૧) બિદડા, (૨) નાંગલપુર, (૩) નરેડી, (૪) ભુજપુર, (૫) કાંડાગરા, (૬) નાની તુંબડી, (૭) બારોઈ, (૮) કોડાય, (૯) તલવાણા, (૧૦) મોથારા, (૧૧) બાડા, (૧૨) નાના ભાડિયા, (૧૩)

શેરડી, (૧૪) ગઢશીશા, (૧૫) કોટડા (રોહા) એમ કુલ ૧૫ ટીમોએ આ ટૂર્નામેન્ટમાં ભાગ લીધેલ.

ટૂર્નામેન્ટ તા. ૧૧ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ માટુંગા ખાતે યોજાઈ હતી.

- વિનર ટીમ : બિદડા
- પ્રથમ રનર ટીમ : તલવાણા
- દ્વિતીય રનર ટીમ : નાના ભાડિયા
- બેસ્ટ પ્લેયર : સિદ્ધાર્થ જયંત દેઢિયા (બિદડા)
- બેસ્ટ નેટમૅન : જિજ્ઞેશ રમણીક સાલિયા (બિદડા)
- ઈમર્જિંગ પ્લેયર : સૌમ્ય મહેશ દેઢિયા ( તલવાણા)

**ડાયરેક્ટ જનરલ ગ્રુપ :** - (૧) હિંદમાતા A, (૨) જગડુશા નગર, (૩) સાંગલી સ્ટ્રાઈકર્સ, (૪) મુલુંડ ક.વી.ઓ., (૫) રોઝ યોધાસ્, (૬) જગડુશા નગર-A, (૭) રોઝ માઉન્ટકર્સ, (૮) રોઝ સ્પાટર્નસ્, (૯) હિંદમાતા-B, (૧૦) હિંદમાતા-C (૧૧) રોઝ ચૅલેન્જર્સ, (૧૨) સ્પાઈકિંગ વૉરિયર્સ-A, (૧૩) સીલ્વર સ્પાઈકર્સ, (૧૪) સર્વોદય સ્પાઈકર્સ, (૧૫) સ્પાઈકિંગ વૉરિયર્સ. એમ કુલ ૧૫ ટીમોએ ભાગ લીધેલ.

ટૂર્નામેન્ટ તા. ૧૮ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ માટુંગા ખાતે યોજાઈ હતી.

- વિનર ટીમ : જગડુશા વૉલીબૉલ ક્લબ
- પ્રથમ રનર ટીમ : રોઝ
- દ્વિતીય રનર ટીમ : હિંદમાતા વૉલીબૉલ ક્લબ
- બેસ્ટ પ્લેયર : ભાવેશ નાનજી નાગડા (મોથારા)
- બેસ્ટ નેટમેન : નિખિલ નાનજી નાગડા (મોથારા)
- ઈમર્જિંગ પ્લેયર : સ્મિત ભાવેશ નાગડા (મોથારા)

**સર્વેને અભિનંદન.**

વૉલીબૉલ ટૂર્નામેન્ટ બાદ પ્રાયોજક પરિવારના અ.સૌ. તારામતીબેન અને કિરીટભાઈ વિશનજી હરશી ગાલાએ સ્વહસ્તે ઈનામ વિતરણ કરી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા એ બદલ એમનો ખૂબખૂબ આભાર. પ્રાયોજક પરિવારનાં સ્નેહ અને અનુદાન અવિરતપણે વરસી રહ્યાં છે. નવા આયામ સાથે આ ટૂર્નામેન્ટ સુવર્ણ જયંતી તરફનાં પ્રયાણ કરતા જવાબદારી વધી જાય છે.

**આભાર**

સ્પર્ધાના પ્રાયોજક અ.સૌ. તારામતી વિશનજી ગાલા (ડુમરા-થાણા) પરિવારનો....

ભાગ લેનાર સર્વે ટીમોના ખેલાડીઓનો...

પેવેલિયન ગ્રાઉન્ડ ફાળવવા માટે શ્રી હીરજી ભોજરાજ ઍન્ડ સન્સ ક.વી.ઓ. જૈન છાત્રાલય (માટુંગા બોર્ડિંગ)ના સંચાલકોનો....

ટ્રૉફી માટે મોનાલીસા ટ્રૉફી શ્રી જયંતીભાઈ સતરા (મોખા)નો...

પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સહભાગી થનાર સર્વે કાર્યકરોનો આભાર.....

દાતા પરિવારનો સાથ-સહકાર હર હંમેશા મળતો રહે એવી અપેક્ષા સાથે અભિવંદના.

**''ગાલા સ્પ્રિંગ્સ કપ''**
**વૉલીબૉલ ટૂર્નામેન્ટ સમિતિ**

# સાંત્વન

## અવસાન નોંધ

**(તા. ૧ ડીસેમ્બર ૨૦૨૨ થી તા. ૩૧ ડીસેમ્બર ૨૦૨૨)**

**ચક્ષુદાન : 👁 દેહ/ત્વાચાદાન : ❂ અવયવદાન : ✸**

### પ્રાર્થના રાખેલ નથી

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| ધવલ (દેશલપુર કંઠીના નીનાબેન | ૪૬ | — | ભાંડુપ |
| જયંતીલાલ સોનીના જમાઈ) | | | |
| પ્રકાશ દામજી મેઘજી વોરા | ૫૩ | સમાઘોઘા | લોનાવાલા |
| હરખચંદ દેવરાજ હેમા દેઢિયા | ૭૩ | લાયજા | ભાંડુપ |
| કલ્યાણજી ભવાનજી વેલજી છેડા | ૭૫ | ગોધરા | ડોંબિવલી |
| મંજુલા વાઘજી નાનજી દેઢિયા | ૭૮ | ભુજપુર | નાલાસોપારા |
| નાનજી વેરશી ગોસર | ૮૫ | કોકલિયા | મીરા રોડ |
| મા. કંકુબાઈ કાનજી રવજી સાવલા | ૯૮ | ફરાદી | ફરાદી |
| અક્ષય મુલચંદ નાગજી હરિયા | ૨૩ | શેરડી | ડોંબિવલી |
| કુ. રશ્મિ ભરત ગોવર રાંભિયા | ૪૨ | ડેપા | ડોંબિવલી |
| મુકેશ લાલજી હીરજી ગાલા | ૫૪ | વડાલા ( ૧૭) | નાલાસોપારા |
| લતા રાજેશ લાલજી ગાલા | ૫૪ | સાડાઉ | મીરા રોડ |
| ભવાનજી રતનશી વેલજી નાગડા | ૮૦ | ઉનડોઠ | વસઈ |
| રૂષભ જિતેન્દ્ર દામજી વિસરિયા | ૧૫ | સાભરાઈ | જયપુર |
| શ્રીમતી મણિબેન લીલાધર કેશવજી ગાલા | ૭૮ | મોટી ખાખર | શિવડી (સંથારો) |
| બાબુબાઈ નરશી દેવજી શાહ | ૮૯ | મેરાઉ | ભાઈંદર |
| અ.સૌ. ઉષાબેન ગાંગજી રવજી સાવલા | ૬૪ | નાગ્રેચા | કલ્યાણ |
| ઝવેરબેન હરખચંદ પાસડ | ૭૧ | દેઢિયા | હિંમતનગર |
| અમૃતબેન ટોકરશી રાયશી ભેદા | ૭૭ | મોટી ખાખર | મલાડ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| માવજી લખમશી જેવત ગાલા | ૭૯ | સાડાઉ | ભાઈંદર |
| ઝવેરબેન ચુનીલાલ દેવજી ધરોડ | ૯૨ | પત્રી | ભાઈંદર |
| અનિલ રામજી ખીમજી દેઢિયા | ૫૪ | વડાલા | પાલઘર |
| હસમુખ કલ્યાણજી ભાણજી વિસરિયા | ૬૪ | કોડાય | ઘાટકોપર |
| રતનશી દેવજી ગાલા | ૭૭ | ડેપા | થાણા |
| સાકરબેન કુંવરજી ચાંપશી છેડા | ૮૬ | પુનડી | મુલુંડ |
| કીર્તિ રતનશી વેલજી નીસર | ૬૩ | દેવપુર | ગઢશીશા |
| મગનલાલ શિવજી ડુંગરશી ગલિયા | ૭૭ | લુણી | થાણા |
| મા. કસ્તૂરબેન ધનજી નાગશી પોલડિયા | ૮૫ | તલવાણા | મુલુંડ |
| ગં.સ્વ. વેજબાઈ આસુ મુરજી દેઢિયા | ૯૮ | ગઢશીશા | વસઈ |
| મા. સુંદરબાઈ દેવરાજ કુરપાર દેઢિયા | ૧૦૦ | નાની ખાખર | મુલુંડ |
| રાજેશ નટવરલાલ પોપટલાલ દેઢિયા | ૬૨ | ભુજપુર | નવી મુંબઈ |
| ગં.સ્વ. ઝવેરબેન વલ્લભજી ગાલા | ૮૬ | રાયધણજર | આકોલા |
| હરીશ રામજી ધનજી દેઢિયા | ૫૮ | ભુજપુર | બોરીવલી |
| વિજય (મોટી રાયણનાં મીઠીબેન | ૬૮ | - | વિલે પાર્લે |
| હરશી ગોસરના જમાઈ) | | | |
| વિશનજી રવજી કેશવજી વોરા | ૮૨ | ગેલડા (૧૨૭) | બોરીવલી |
| બા.બ્ર. વિઠ્ઠલભાઈ કેશવજી લખમશી ધનાણી | ૮૫ | બેરાજા | બેરાજા |
| વામા નીરવ હરખચંદ ગાલા | ૫ | બાડા | સાંતાક્રુઝ 👁 ❂ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| મા. રતનબેન વીરજી રામજી છાડવા | ૮૭ | ગુંદાલા | મુલુંડ |
| મા. વિજયાબેન ગાંગજી ટોકરશી ગાલા | ૮૭ | ગોધરા | કોલાબા |
| હર્ષા રમેશ રામજી સંગોઈ | ૬૯ | સમાઘોઘા | કાંદિવલી |
| મણિલાલ કુંવરજી પાસુ છેડા | ૭૦ | રતાડિયા ગણેશ | ડોંબિવલી |
| મા. પાનબાઈ કરમશી રણશી દેઢિયા | ૮૯ | ભુજપુર | મુલુંડ |
| મા. લક્ષ્મીબેન જેઠાલાલ રાયશી કક્કા | ૯૪ | બેરાજા | મુલુંડ |
| ધર્મેશ સુરેન્દ્ર વેલજી વીરા | ૩૯ | વડાલા | મહેસાણા |
| નાગજી કેશવજી વીરા | ૭૮ | વડાલા | અમેરિકા (૩ઉ.) |
| નાનબાઈ રામજી વેલજી દેઢિયા | ૯૪ | ફરાદી | થાણા |
| અમરચંદ હીરજી ગાલા | ૭૩ | રાયણ | માટુંગા |
| સંધ્યાબેન વ્રજલાલ વીરજી મોના | ૭૮ | ભુજપુર | ઘાટકોપર |
| સાકરબેન ટેકચંદ કાનજી શાહ/ગંગર | ૯૫ | નવાવાસ | બોરીવલી |
| ખીતેન દિનેશ ગાંગજી દેઢિયા | ૪૯ | તલવાણા | સાંતાક્રુઝ |
| પ્રવીણ વેલજી મોણશી ગાલા | ૭૧ | કાંડાગરા | વિજયાપુર |
| નેમચંદ દેવજી મેરગ ગંગર | ૮૦ | છસરા | બોરીવલી |
| લક્ષ્મીબેન જેઠાલાલ રામજી મારૂ | ૯૨ | કારાઘોઘા | કોલીવાડા |
| પ્રિતી કશીશ વિજપાર દેઢિયા | ૩૪ | દુર્ગાપુર | નાલાસોપારા |
| દિનેશ ધનજી જેવત ગાલા | ૬૮ | દેશલપુર(કંઠી) | માટુંગા |
| દિનેશચંદ્ર ભવાનજી વેલજી છેડા | ૭૧ | ગુંદાલા | બારશી |
| અ.સૌ. વસુમતી જયંતીલાલ મગનલાલ રાંભિયા | ૭૧ | નાના ભાડિયા | કોલ્હાપુર |
| લક્ષ્મીબેન ટોકરશી જીવરાજ ગાલા | ૮૦ | કોટડી (મહા) | ભાંડુપ |
| કોરશી દેવચંદ વીજપાર દેઢિયા | ૪૭ | ભુજપુર | ડોંબિવલી |
| રાયચંદ વિશનજી ઓભાયા દેઢિયા | ૬૨ | કોડાય | મલાડ |
| કિશોર પ્રેમજી રામજી ધરોડ | ૬૪ | પત્રી (૩૯ ઉ) | ગોરેગામ |
| અ.સૌ. ચંદનબેન લક્ષ્મીચંદ ગાંગજી વોરા | ૬૨ | બિદડા | ચેમ્બુર |
| રાજેન્દ્ર હીરજી પુનશી કેનિયા | ૫૮ | પ્રતાપર | મલાડ |
| રમણીકલાલ પ્રેમજી ધનજી તેજાણી | ૮૮ | મુન્દ્રા | મહાબળેશ્વર |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| નાનજી કરમશી ધારશી સતરા | ૯૧ | ગુંદાલા | મુલુંડ |
| અ.સૌ. સંગીતા હરેશ ખીમજી ગંગર | ૫૧ | છસરા | મલાડ |
| કેશવજી નાનજી લધા દેઢિયા | ૭૪ | ભોરારા | ભાંડુપ |
| ઝવેરીલાલ દેવજી વીરજી ગોગરી | ૮૩ | ભુજપુર | ચેમ્બુર |
| ભાનુમતી જગજીવન લખમશી રાંભિયા | ૮૭ | મોટા આસંબિયા | હૈદરાબાદ |
| ગુણવંતી નાનજી નરશી ગોસર | ૭૯ | ફરાદી | મુલુંડ |
| પ્રવીણાબેન હરખચંદ લાલજી ફુરિયા | ૮૪ | ડોણ | નાલાસોપારા |
| દિલીપ ખીમજી આણંદજી સાવલા | ૫૮ | પત્રી | જોગેશ્વરી |
| નિર્મળાબેન વિશનજી ખીમજી સતરા | ૮૪ | લાખાપુર | નાગપુર |
| વાસંતી મહેન્દ્ર જાદવજી છેડા | ૬૩ | બિદડા | ચેમ્બુર |
| જયંતીલાલ ખેતશી ખીયશી સાવલા | ૬૪ | કોડાય | સુરત |
| અ.સૌ. જયાબેન ધીરજલાલ ધારશી શેઢિયા | ૭૩ | વડાલા | સાંતાક્રુઝ |
| અમૃતબેન અરવિંદ ખીમજી શાહ /છેડા | ૮૩ | મોટા લાયજા | ભીલાઈ |
| મા. સોનબાઈ હંસરાજ દામજી પાસડ | ૮૪ | દેઢિયા | મુલુંડ |
| તારાબેન રતિલાલ ઉમરશી ગડા | ૮૫ | કોડાય | વિરાર |
| ચુનીલાલ વશનજી શામજી ગડા | ૮૦ | પત્રી | વિલે પાર્લે |
| બા.બ્ર. શાંતાબેન હીરજી શિવજી ભેદા | ૮૮ | ભુજપુર | માટુંગા |
| અનંત ટેકચંદ હીરજી દેઢિયા | ૬૦ | નાની ખાખર | વસઈ |
| ભાનુબેન કલ્યાણજી મુરજી ગડા | ૮૦ | પ્રાગપુર | વિરાર |
| સુરેન્દ્ર લખમશી શિવજી ધરોડ | ૫૫ | લુણી | બોરીવલી |
| વલ્લભજી વેલજી નથુ છેડા | ૭૦ | બગડા | મુલુંડ |
| અરવિંદ લાલજી કેશવજી ગાલા | ૭૩ | કાંડાગરા | કુર્લા |
| કોરશી વીજપાર શિવજી દેઢિયા | ૭૩ | દેશલપુર (કંઠી) | માટુંગા |
| માવજી ધારશી ખેતશી દેઢિયા | ૭૭ | ભુજપુર | વસઈ |
| ટોકરશી શામજી જેઠા | ૮૨ | ભોરારા (૨ઉ) | બોરીવલી |
| કોરશી કરમશી સોમા દેઢિયા | ૯૦ | મોટી ખાખર | મોટી ખાખર |
| મા. નાનબાઈ શામજી વેરશી માલદે | ૯૫ | મેરાઉ | પેડર રોડ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| અ. સૌ. સેજલબેન શિરીષ લખમશી કેનિયા | ૭૦ | બારોઈ | વિલે પાર્લે |
| વાલજી ભાણજી ગડા | ૭૫ | સામખિયારી | વિલે પાર્લે |
| સુંદરબેન કેશવજી ડુંગરશી ગાલા | ૮૬ | ટોડા | વડાલા |
| મા. કેસરબેન લીલાધર દેવજી મારૂ | ૯૩ | શેરડી | જુહુ |
| જીતેન ભવાનજી શામજી છેડા | ૪૮ | કાંડાગરા | અંધેરી |
| મણિબેન કુંવરજી હીરજી ગોસર | ૭૭ | કોટડી (મહા.) | માટુંગા |
| દિનેશ કરમશી લખમશી શાહ/દેઢિયા | ૭૨ | ભુજપુર | ચેમ્બુર |
| પ્રેમજી ગાંગજી કેશવજી મામણિયા | ૭૨ | બેરાજા | અંધેરી |
| ભારતી પોપટલાલ પ્રેમજી છેડા | ૬૪ | તલવાણા | મલાડ |
| નિર્મળાબેન તલકશી શામજી શાહ | ૭૬ | મુંદ્રા | ડોંબિવલી |
| મા. ઉમરબાઈ ચાંપશી લધુ શેઢિયા | ૯૨ | વડાલા | સાયન |
| હિરૂબેન આસધીર ડુંગરશી ગાલા | ૭૪ | સામખિયારી | મલાડ |
| રતનબેન લક્ષ્મીચંદ મોણસી સંગોઈ | ૭૯ | પુનડી | થાણા |
| અ.સૌ. હિના ભાવિન દામજી છેડા | ૪૬ | છસરા | કુર્લા |
| શાંતિભાઈ રામજી તેજશી ગાલા | ૮૦ | રાયણ | અમદાવાદ |
| ખુશાલ ખેરાજ ગોસર નીસર | ૬૬ | દેવપુર | ઘાટકોપર |
| અ.સૌ. સરલાબેન સતીશ રામજી છેડા | ૬૬ | કાંડાગરા | ચેમ્બુર |
| નવીન કરમશી દેવજી છેડા | ૭૪ | લુણી | માટુંગા |
| બા.બ્ર. બેનશ્રી ઝવેરબેન ભીમશી છેડા | ૭૯ | પુનડી | માટુંગા |
| રશ્મિન ગાંગજી ટોકરશી શાહ/ગાલા | ૬૫ | ગોધરા | ચેમ્બુર |
| ભાનુમતી વસનજી વીરજી ગાલા | ૭૩ | વડાલા | પરેલ |
| અ.સૌ. ચંચળબેન લવજી હંસરાજ ગાલા | ૭૬ | વાંકી | મલાડ |
| માતુશ્રી રસીલાબેન રામજી ખીમજી ગંગર | ૮૦ | નાંગલપુર | ભાંડુપ |
| નિર્મળાબેન જયંતીલાલ ખીમજી દેઢિયા | ૭૨ | ભોરારા (૧૭) | ગોરેગામ |
| હીરબાઈ ડુંગરશી કોરશી ગાલા | ૮૫ | મોટા આસંબિયા | મુલુંડ |
| **કાળ ધર્મ પામેલ છે** | | | |
| પ.પૂ.આ.ભ.શ્રી શાંતિચંદ્રસુરીશ્વરજી મ. સા. | ૭૬ | | |


**શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું**
**બિનધંધાદારી મુખપત્ર**

સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૫

# પગદંડી

અંક : ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૩

*-: માનદ્ તંત્રીઓ :-*

**અશ્વિન માલદે, ચંદ્રકાન્ત નંદુ, સંજય છેડા**

મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**

પ્રકાશન સ્થળ: શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ૩જે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪

www.kvoss.org. - email :pagdandi@kvoss.org

ટાઈપસેટીંગ : **ધીરેન મુરજી ગાલા** (કોટડા(રોહા) - ફોર્ટ)

મોબાઈલ : ૯૮૩૩૫૪૧૦૪૦

મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફટર્સ,**

૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪

**-: લવાજમ :-**

૧૫ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-

**ચેક/ડ્રાફટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.**


**પ્રિય વાચકો,**

આપના પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર માટે ત્રણ માધ્યમ :

**૧ પત્રવ્યવહાર**
પગદંડી, શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
શ્રી ક.વી.ઓ. દેરાવાસી નવી મહાજન વાડી,
ત્રીજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,
ચિંચબંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

**૨ ઈમેલ** - pagdandi@kvoss.org

**૩ વૉટ્સઍપ/સંદેશ**
(માત્ર પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર)
સંજય વિસનજી છેડા - ૯૮૯૨૮૧૫૩૬૭

- તંત્રી

# શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

## સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ



બુક બેંક



સંજીવની સ્વાસ્થ્ય યોજના




પગદંડી



સાંસ્કૃતિક કાર્યક્રમ



સમુહ લગ્ન







સ્ત્રી ઉત્કર્ષ લોન



શિક્ષણ લોન
કોમ્પ્યુટર લોન



ક્રિકેટ, વોલીબોલ
બાસ્કેટ બોલ, ફુટબોલ



રમતગમત



વ્યક્તિત્વ વિકાસ
વકતૃત્વ સ્પર્ધા
OUTDOOR CAMP
MEET



રહેઠાણ લોન



શૈક્ષણિક સન્માન
વિદેશ સેમીનાર
શ્રુત-ગુણ-ગૌરવ

WPP Licence No. :- MR/Tech/WPP-215/East/2023-25
PAGDANDI (Monthly) FEBRUARY 2023 RNI-14593/1957, Published on 1st of every month & Posted at
Patrika Channel Sorting Office Mumbai - 400 001 on 2nd & 3rd of every Month. Post Regd. No. MCE/251/2023-25

